દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 34 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ સુદ- ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 February 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20

સોમવાર, ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# છત્તીસગઢમાં ૩૧ નક્સલવાદી ઠારઃ બે જવાન શહીદ

બીજાપુર (છત્તીસગઢ): ડાબેરી પાંખના આતંકવાદ સામેના મોટા ઓપરેશનમાં સુરક્ષા દળોએ રવિવારે છત્તીસગઢના બીજાપુરમાં થયેલી અથડામણમાં ૩૧ નક્સલવાદીને ઠાર માર્યા હતા. આ અથડામણમાં બે જવાન શહીદ થયા હતા અને બીજા બે ઘાયલ થયા હતા. આ બનાવ સાથે આ વર્ષમાં અત્યાર સુધી રાજ્યમાં અલગ અથડામણોમાં સુરક્ષા દળોએ ૮૧ નક્સલવાદીઓને મારી નાખ્યા છે.

છેલ્લામાં છેલ્લી અથડામણ ઈન્દ્રાવતી નેશનલ પાર્કમાં થઈ હતી. વિવિધ સુરક્ષા દળની સંયુક્ત ટીમ નક્સલવાદી ઓપરેશન કરી રહી હતી ત્યારે આ અથડામણ થઈ હતી, એવી માહિતી બસ્તર રેન્જ પોલીસના ઈન્સ્પેક્ટર જનરલ સુંદરરાજ પી.એ આપી હતી. તેમણે માહિતી આપી હતી કે ૩૧ નક્સલવાદીને ઠાર મારવામાં આવ્યા છે. ઘટનાસ્થળેથી મોટા પ્રમાણમાં હથિયારો અને વિસ્ફોટક પદાર્થ જપ્ત કરાયાં છે. રાજ્ય પોલીસના ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડનો એક અને સ્પેશ્યલ ટાસ્ક ફોર્સનો એક જવાન સામસામા ગોળીબારમાં માર્યા ગયા હતા અને બીજા બેને ઈજા પહોંચી હતી. બે ઘાયલ જવાનો ભયમુક્ત છે અને તેમને તબીબી સારવાર માટે હવાઈમાર્ગે બહેતર હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાસ્થળે વધુ કુમકો મોકલવામાં આવી છે અને શોધ અભિયાન હજી ચાલુ છે.

રાજ્યમાં ઠાર મરાયેલા ૮૧ નક્સલવાદીમાંથી ૬૫ને સાત જિલ્લાના બનેલા બસ્તરમાં મારવામાં આવ્યા છે.

ગયા વર્ષે સુરક્ષા દળોએ વિવિધ અથડામણોમાં ૨૧૯ નક્સલવાદીને ઠાર માર્યા હતા. (એજન્સી) ■

## મેક્સિકોમાં બસમાં આગઃ ૪૧નાં મોત

મેક્સિકો સિટીઃ દક્ષિણ મેક્સિકોમાં એક માર્ગ અકસ્માતમાં ૪૧ લોકોનાં મોત થયા હતા. કાન્કુનથી ટાબાસ્કો જઇ રહેલી બસ એક ટ્રક સાથે અથડાઇ હતી. ટક્કર બાદ બસમાં આગ ફાટી નીકળી હતી અને સંપૂર્ણપણે બળીને ખાખ થઇ ગઇ હતી. બસમાં ૪૮ મુસાફરો સવાર હતા. બસમાં સવાર ૩૮ મુસાફરો અને બે ડ્રાઇવરના મોત નીપજ્યા હતા. તેમજ ટ્રકના ડ્રાઇવરનું પણ મોત થયું હતું. આ જાણકારી મેક્સિકોના ટાબાસ્કો રાજ્યની સરકારે આપી હતી.

ટાબાસ્કોના અધિકારીઓના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૩૮ મૃતદેહો મળી આવ્યા છે. તેમણે કહ્યું કે દુર્ઘટનાગ્રસ્ત બસમાંથી પુરાવા મેળવવાનું કામ ચાલુ છે. બસ ઓપરેટર ટૂર્સ એકોસ્ટાએ ફેસબુક પર એક નિવેદનમાં અકસ્માતની પુષ્ટિ કરતાં જણાવ્યું કે જે બન્યું તેના માટે ખૂબ જ દુઃખ છે. અમે અધિકારીઓ સાથે મળીને અકસ્માત પાછળના કારણોની તપાસ માટે કામ કરી રહ્યા છીએ અને શું બસ ગતિ મર્યાદાની અંદર ચાલી રહી હતી કે નહીં. બસ ઓપરેટર ટૂર્સ એકોસ્ટાએ વધુમાં જણાવ્યું કે જાહેર મંત્રાલયે અમને જાણ કરી છે કે તપાસ કેમ્પેચેના કેન્ડેલેરિયા મ્યુનિસિપાલિટીની પ્રોસિક્યુટર ઓફિસમાં હાથ ધરવામાં આવશે. ■

## દિલ્હીમાં 'આપ'ના ભ્રષ્ટાચારની તપાસ થશે

નવી દિલ્હીઃ છવ્વીસ કરતાં પણ વધુ વર્ષ બાદ દિલ્હીમાં સત્તા પર પાછા ફરેલા ભાજપે કહ્યું હતું કે નવી સરકારની પ્રધાનમંડળની પ્રથમ બેઠકમાં ભ્રષ્ટાચારને લગતા કેસને મામલે તપાસ યોજવા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ)ની રચના કરવાની જાહેરાત કરવામાં આવશે.

દિલ્હીમાં 'આપ'ના ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આવશે, એમ પણ તેમણે કહ્યું હતું.

ભાજપના દિલ્હી એકમના વડા વીરેન્દ્ર સચદેવાએ કહ્યું હતું કે ભ્રષ્ટાચારને મામલે અમારો પક્ષ ઝીરો ટૉલરન્સની નીતિ ધરાવે છે અને કૌભાંડમાં સંડોવાયેલા લોકોને જવાબદાર ઠેરવી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ અનેકવાર કહ્યું છે તેમ અમે પણ કહીએ છીએ કે પ્રધાનમંડળની પ્રથમ બેઠકમાં કેગનો અહેવાલ રજૂ કરવામાં આવશે.

પ્રસારમાધ્યમને આપેલી મુલાકાતમાં સચદેવાએ કહ્યું હતું કે ભ્રષ્ટાચારને લગતા કેસની તપાસ કરવા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવશે.

દિલ્હીમાં ભાજપને મળેલી બહુમતી અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું હતું કે પક્ષને સફળતા તરફ દોરી જવા યોગ્ય માર્ગદર્શન આપવા બદલ વિજયનો સંપૂર્ણ જશ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પક્ષપ્રમુખ જે. પી. નડ્ડાને જાય છે. મોદીનાં નેતૃત્વમાં

(જુઓ પાનું ૨) ▸▸

## મણિપુરના મુખ્ય પ્રધાન બીરેન સિંહનું રાજીનામું

ઈમ્ફાલઃ મણિપુરના મુખ્ય પ્રધાન એન. બીરેન સિંહે રવિવારે ગવર્નર અજયકુમાર ભલ્લાને રાજીનામું સુપરત કર્યું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ભાજપ અને એનપીએફના ૧૪ વિધાનસભ્યની હાજરીમાં બીરેન સિંહે રાજીનામું સુપરત કર્યું હતું.

ભાજપના રાજ્ય એકમના પ્રમુખ એ. શારદા અને વરિષ્ઠ નેતા સાંબિત પાત્રા પણ આ પ્રતિનિધિમંડળનો હિસ્સો હતા.

ગવર્નરને મળ્યા બાદ બીરેન સિંહ સચિવાલય ગયા હતા. ગવર્નરને સુપરત કરેલા પત્રમાં અત્યાર સુધી મણિપુરના લોકોની સેવાની મને મળેલી તક બદલ હું સન્માનની લાગણી અનુભવી રહ્યો છું એમ જણાવતાં બીરેન સિંહે કહ્યું હતું કે પ્રત્યેક મણિપુરવાસીઓના હિતની સુરક્ષા માટે વિવિધ યોજનાઓના અમલ, સમયસરની

(જુઓ પાનું ૨) ▸▸

## મહાકુંભના સાત શ્રદ્ધાળુના માર્ગ અકસ્માતમાં મોત, ૧૪ ઘાયલ

સતના/સોનભદ્રઃ મધ્ય પ્રદેશના સતના જિલ્લામાં મહાકુંભ જઇ રહેલા અને ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં મહાકુંભથી પરત ફરી રહેલા કુલ ૭ શ્રદ્ધાળુઓના માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યા હતા. જ્યારે ૧૪ને ઇજા થવા પામી હતી. આ જાણકારી પોલીસે આપી હતી.

મધ્ય પ્રદેશના સતના જિલ્લામાં રવિવારે મહાકુંભ માટે લોકોને પ્રયાગરાજ લઇ જઇ રહેલી એક મિની ટ્રક એસયુવી સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. જ્યારે ૧૦ ઘાયલ થયા હતા. મઝગુવા પોલીસ

(જુઓ પાનું ૨) ▸▸



**અભિષેકઃ** ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રવિવારે ચિત્તોડગઢના શિવ મંદિરમાં અભિષેક કર્યો હતો. (એજન્સી)

## વૈષ્ણોદેવી ખાતે દારૂ, માંસાહાર પર પ્રતિબંધ

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લાના કટરા જ્યાં માતા વૈષ્ણોદેવી તીર્થસ્થાનની મુલાકાત લેનારા શ્રદ્ધાળુઓ માટેનો બેઝ કેમ્પ આવ્યો છે ત્યાં વધુ બે મહિના માટે દારૂ અને માંસાહારના વેચાણ, ધરાવવા અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, એવી માહિતી અધિકારીઓએ રવિવારે આપી હતી.

આ પ્રતિબંધ કટરાથી ત્રિકુટા ટેકરી પરની પવિત્ર ગુફા સુધીના ૧૨ કિલોમીટરના પટ્ટામાં અને આસપાસના વિસ્તારમાં લાગુ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ કહ્યું હતું કે આ પ્રતિબંધ બહાર પાડવાના બે મહિના સુધી અથવા તો વહેલો પાછો ખેંચાય ત્યાં સુધી અમલમાં રહેશે.

કટરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ પિયુષ

(જુઓ પાનું ૨) ▸▸

## મણિપુરમાં હથિયાર અને દારૂગોળાનો જથ્થો

ઇમ્ફાલઃ મણિપુરના વિષ્ણુપુર જિલ્લામાંથી સુરક્ષા દળોએ હથિયાર અને દારૂગોળાનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. આ માહિતી પોલીસે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર જિલ્લાના એગેજાંગ વિસ્તારમાં શુક્રવારે સર્ચ ઓપરેશન દરમિયાન હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે જપ્ત કરાયેલાં હથિયારો અને દારૂગોળામાં એક .૩૦૩ રાઇફલ, એક બોલ્ટ એક્શન રાઇફલ, મેગેઝિન સાથેની એક .૨૨ પિસ્તોલ, એક ૯એમએમ પિસ્તોલ અને બે એસબીબીએલ રાઇફલનો સમાવેશ થાય છે. ■



**જલેબી અને વિજયઃ** દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલા વિજય બાદ યોજવામાં આવેલા 'જલેબી ભંડારા' દરમિયાન જલેબી વહેંચી રહેલા હરિયાણાના મુખ્ય પ્રધાન નાયાબ સાઈની. (એજન્સી)

## ટ્રમ્પે હત્યાના પ્રયાસો અંગે દરેક નાની વિગતો માગી, કહ્યું 'મને જાણવાનો અધિકાર છે'

વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે તેમની ગુપ્તચર સેવાઓને તેમની બે વાર હત્યાનો પ્રયાસ કરનારાઓ વિશે 'દરેક નાની વિગતો' પૂરી પાડવા જણાવ્યું છે. તેણે કહ્યું કે તેમને જાણવાનો અધિકાર છે. તેઓ હુમલામાં સામેલ બે લોકો વિશે માહિતી મેળવવા માગે છે.

રાષ્ટ્રપતિએ ન્યૂ યોર્ક પોસ્ટને જણાવ્યું કે હું બંને હત્યારાઓ અંગે જાણવા ઇચ્છું છું... એક વ્યક્તિ પાસે છ સેલ ફોન કેમ હતા અને બીજા વ્યક્તિ પાસે (વિદેશી) એપ્સ કેમ હતી? અહેવાલમાં જણાવ્યા અનુસાર ટ્રમ્પે કહ્યું હતું કે બાઇડનને કારણે હવે વધુ મોડું કરવામાં નહીં આવે....મને જાણવાનો અધિકાર છે. તેણે ખૂબ લાંબા સમય સુધી અટકાવી રાખ્યું... હવે કોઇ બહાનું નહીં. અહેવાલમાં જણાવાયું છે કે પોલીસે સપ્ટેમ્બર ૨૦૨૪માં વેસ્ટ પામ બીચ ખાતે ટ્રમ્પ ઇન્ટરનેશનલ ગોલ્ફ ક્લબમાં ટ્રમ્પ પર બીજા હત્યાના પ્રયાસમાં ૫૯ વર્ષીય શંકાસ્પદ રયાન રાઉથની કારમાંથી છ સેલ ફોન કબજે કર્યા હતા.

તેના બે મહિના પહેલા જુલાઇમાં ૧૯ વર્ષીય થોમસ ક્રૂક્સે બટલર, પેન્સિલવેનિયામાં એક રેલીમાં ટ્રમ્પના કાનમાં ગોળી મારી હતી. પોલીસની જવાબી કાર્યવાહી દરમિયાન હુમલાખોરને ગોળી ધરબી દેવામાં આવી હતી. પાછળથી રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે એફબીઆઇ તપાસકર્તાઓને તેના ફોનમાં બેલ્જિયમ, ન્યૂ ઝીલેન્ડ અને જર્મની સ્થિત પ્લેટફોર્મ માટે એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એકાઉન્ટ મળ્યા હતા. અગાઉ ટ્રમ્પના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, ભૂતપૂર્વ પ્રતિનિધિ માઇકલ વોલ્ટ્ઝે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે એક કિશોર પાસે બહુવિધ એન્ક્રિપ્ટેડ વિદેશી એપ્લિકેશનો કેમ હતી. વોલ્ટ્ઝ ડોનલ્ડ ટ્રમ્પ પર હત્યાના પ્રયાસની તપાસ કરી રહ્યા છે. ■

## દિલ્હી ચૂંટણીના પરિણામો આંચકાજનકઃ આતિશી

નવી દિલ્હીઃ દિલ્હીના વિદાય લેનારા મુખ્ય પ્રધાન આતિશીએ શનિવારે વિધાનસભા ચૂંટણીના પરિણામો આંચકાજનક ગણાવતા લોકોના આદેશને સ્વીકાર્યો હતો, પરંતુ સાથે ભાજપ સામે પક્ષનો સંઘર્ષ ચાલુ રાખવાની વાત કરી હતી.

આતિશીએ પત્રકારોને કહ્યું કે, ''સૌ પ્રથમ, હું દિલ્હીના લોકો અને અમારા પક્ષના કાર્યકરોનો આભાર માનું છું કે જેમણે એમને મજબૂત સાથ આપ્યો. અમે જનાદેશ સ્વીકારીએ છીએ. ભાજપની સરમુખત્યારશાહી અને ગુંડાગીરી સામે યુદ્ધ ચાલુ રહેશે. આ એક આંચકો છે પરંતુ દિલ્હી અને દેશના લોકો માટે આપની લડાઈ ચાલુ રહેશે.''

આતિશીએ પત્રકારોને કહ્યું કે ''હું એ લોકોનો આભાર માનું છું જેમણે મારા પર વિશ્વાસ કર્યો. હું મારી ટીમનો પણ આભાર માનું છું, જેણે તમામ પડકારોનો સામનો કર્યો અને અમારો સંદેશ લોકો સુધી પહોંચાડ્યો. મેં મારી સીટ જીતી લીધી છે પરંતુ આ ઉજવણીનો સમય નથી આ લડવાનો સમય છે. ભાજપની સરમુખત્યારશાહી સામેની લડાઈ ચાલુ રહેશે.'' આતિશીએ કહ્યું આપ હંમેશાં અન્યાય સામે લડ્યું છે અને આમ કરવાનું ચાલુ રાખશે. હા, આ એક પગલું પાછળ રહી શકે છે, પરંતુ આપ લડતો રહેશે.

## એએન-૩૨ કારગિલ કુરિયર સેવાએ પહેલા દિવસે ૨૪ મુસાફરોને એરલિફ્ટ કર્યા

કારગિલઃ ભારતીય વાયુસેના (આઇએએફ)એ કારગિલ અને શ્રીનગર વચ્ચે ફસાયેલા ૨૪ મુસાફરોને એરલિફ્ટ કર્યા હતા. આ સાથે એએન-૩૨ કારગિલ કુરિયર સેવા શરૂ થઇ હતી. આ સેવા શિયાળાના મહિનાઓ દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ માટે જીવનરેખા સમાન છે.

એક અધિકારીના જણાવ્યા અનુસાર એએન-૩૨ કારગિલ કુરિયર સેવાના પહેલા દિવસે ૧૨ મુસાફરોએ કારગિલથી શ્રીનગરની મુસાફરી કરી હતી અને એટલી જ સંખ્યામાં મુસાફરોએ શ્રીનગરથી કારગિલની મુસાફરી કરી હતી. ઉલ્લેખનીય છે કે ભારે હિમવર્ષાને કારણે શ્રીનગર-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઇ જતાં ફસાયેલા મુસાફરોને સુવિધા આપવા માટે કારગિલ કુરિયર સેવા કારગિલ-શ્રીનગર અને કારગિલ-જમ્મુ રૂટ પર ખાસ દિવસોમાં કાર્યરત હોય છે.

આ દરમિયાન કારગિલના ડેપ્યુટી કમિશ્નર શ્રીકાંત બાળાસાહેબ સુસે અને નાયબ પોલીસ અધિક્ષક(મુખ્ય મથક) નીતિન યાદવે કારગિલ એરપોર્ટ પર તમામ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ તમામ સંબંધિત અધિકારીઓને કારગિલ કુરિયર સેવાનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. ■

## ભાજપ સરકાર વિકિસિત ભારત લક્ષ્યને અનુરૂપ રાષ્ટ્રીય રાજધાનીમાં પરિવર્તન કરશેઃ સીતારમણ


નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભા ચૂંટણીનાં પરિણામો પર ખુશી વ્યક્ત કરતા, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ સરકાર ચોક્કસપણે ભારતની વિકસિત ભારત આકાંક્ષાઓને અનુરૂપ રાષ્ટ્રીય રાજધાનીમાં પરિવર્તન લાવશે.

''...ખરેખર, એ જાણીને આનંદ થયો કારણ કે વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં, અમે દિલ્હીને એવી સરકાર મળે તે માટે ખૂબ જ ઉત્સુક છીએ જે તેના લોકોની સેવા કરે અને તે એવી વસ્તુ છે જે વિકસીત ભારત ૨૦૪૭ હાંસલ કરવા માટે સમયની જરૂરિયાત છે,'' એમ સીતારમણે કહ્યું હતું.

એમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતની રાષ્ટ્રીય રાજધાનીમાં એવી સરકાર હોવી જોઈએ જે તેના લોકોનું કામ કરે અને હું દઢપણે માનું છું કે વડા પ્રધાને દેશ માટે જે રોડ મેપ નક્કી કર્યો છે તેમાં ચોક્કસપણે દિલ્હીને સર્વોચ્ચ પ્રાથમિકતા પર લેવું જોઈએ અને માનવ વિકાસ સૂચક સંબંધિત તમામ મુદ્દાઓ અને મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શાળાઓ, હોસ્પિટલો, લોકોની આરોગ્ય સંભાળ અને ભારતની વિકસિત ભારત આકાંક્ષાઓ માટે મૂડી માટે દરેક દૃષ્ટિકોણથી તેના લોકોની સેવા કરવી જોઈએ. તેઓ રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેકટર્સ સાથે બજેટ પછીની પરંપરાગત બેઠકને સંબોધિત કર્યા પછી મીડિયા સાથે વાતચીત કરી રહ્યાં હતાં.

બાદમાં એક ટ્વિટમાં સીતારમણે કહ્યું, દિલ્હીના મતદારોનો તેમનામાં વિશ્વાસ દર્શાવવા બદલ આભાર માનું છું.

અમે દિલ્હીના લોકોની આકાંક્ષાઓની સેવા કરવા માટે સમર્પિત છીએ. દરેક કાર્યકર્તાની મહેનત અને સમર્પણની કદર કરીએ છીએ. ■



**પૂજાઃ** બસ્તર જિલ્લાના જગદાલપુર ખાતે રવિવારે બાલાજી મંદિર ખાતે ઉજવવામાં આવેલા વાર્ષિક મહોત્સવ દરમિયાન ધાર્મિક વિધિ કરી રહેલા સંતો. (એજન્સી)

## કેન્દ્ર સરકાર દેશમાં બંધારણ અને લોકશાહીને નબળા પાડવા માટે તમામ પ્રયાસો કરી રહી છેઃ પ્રિયંકા ગાંધી

વાયનાડઃ દેશ એવા તબક્કામાંથી પસાર થઇ રહ્યો છે જ્યાં કેન્દ્ર સરકાર ભારતમાં બંધારણ અને લોકશાહીને નબળા પાડવા માટેના તમામ શક્ય પ્રયાસ કરી રહી છે, એમ કૉંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો હતો.

વાયનાડનાં સાંસદ પ્રિયંકા અહીં મનંથવડી વિધાનસભા મતવિસ્તારમાં બૂથ-સ્તરના નેતાઓની બેઠકમાં બોલી રહ્યાં હતાં. તેમણે કહ્યું કે ઉચ્ચ શ્રેણીના જિલ્લામાં ભૂસ્ખલનનો ભોગ બનેલા લોકો હજુ પણ રહેઠાણની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે અને તેમને પૂરતું વળતર મળ્યું નથી. કૉંગ્રેસના નેતાએ કહ્યું કે કેન્દ્ર સરકારે લોકસભામાં અમારા પ્રયાસોને કારણે ઓછામાં ઓછું વાયનાડ ભૂસ્ખલનને ગંભીર પ્રકૃતિની આપત્તિ જાહેર કર્યું હતું. તેમજ આશા વ્યક્ત કરી હતી કે આના પરિણામે પીડિતોના પુનર્વસન માટે વધુ ભંડોળ મળશે.

તેમણે જિલ્લામાં જંગલી પ્રાણીઓના હુમલાને કારણે જાનમાલના નુકસાનના વિવિધ કિસ્સાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો અને માનવ-પ્રાણી સંઘર્ષ પણ આજીવિકાનું નુકસાન કરી રહ્યા હોવાનું કહ્યું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આપની ખબર નથી, કેજરીવાલનું ભાવિ હાલકડોલક

**દિલ્હી** વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૨૭ વર્ષ પછી સ્પષ્ટ બહુમતી મળી અને ભાજપ સરકાર રચવા જઈ રહ્યો છે ત્યારે હવે અરવિંદ કેજરીવાલનું શું થશે એ સવાલ પુછાઈ રહ્યો છે. કેજરીવાલે ૨૦૧૩માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીથી રાજકારણમાં એન્ટ્રી મારી હતી અને ત્રણ વાર મુખ્યમંત્રી બન્યા. આ પૈકી સળંગ બે વાર તો ભવ્ય જીત સાથે મુખ્યમંત્રી બનીને દિલ્હી પર લગભગ એક દાયકો રાજ કર્યું. હવે ભાજપે ખેરાતો પર ખેરાતોનાં વચન આપીને આમ આદમી પાર્ટીને હરાવી પછી ઘણાંને કેજરીવાલ અને આમ આદમી પાર્ટીનું ભાવિ અંધકારમય લાગી રહ્યું છે. કેજરીવાલનો દાયકો પતી ગયો ને હવે કેજરીવાલ ફરી બેઠા નહીં થઈ શકે એવી વાતો પણ ચાલી રહી છે.

આ વાતો સાચી પડશે કે નહીં એ સમય કહેશે પણ અત્યારે જે માહોલ છે એ જોતાં કમ સે કમ કેજરીવાલ માટે તો બહુ કપરો કાળ આવી જ ગયો છે તેમાં શંકા નથી. કેજરીવાલની પાર્ટીને ૨૦૧૫ અને ૨૦૨૦ની સરખામણીમાં મોટો ફટકો પડ્યો છે એ સાચું પણ આપ સાવ ધોવાઈ નથી ગઈ એ પણ હકીકત છે. દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકોમાંથી ભાજપે ૪૮ બેઠકો જીતી છે જ્યારે આમ આદમી પાર્ટી (AAP) એ ૨૨ બેઠકો જીતી છે.

દિલ્હી વિધાનસભાની ૧૯૯૩માં થયેલી પહેલી ભાજપે ૪૯ બેઠકો જીતી હતી અને બે તૃતીયાંશ બહુમતી મેળવી હતી. આ વખતે ભાજપ તેને લગોલગ પહોંચ્યો છે તેથી તેનો દેખાવ યશસ્વી છે પણ આપ પણ વિધાનસભાની લગભગ ૩૦ ટકા બેઠકો જીતવામાં સફળ રહી છે એ જોતાં એ સાવ પતી ગઈ કે પતી જશે એમ કહેવું વધારે પડતું છે પણ ક્યાં સુધી ટકશે એ પણ સવાલ છે.

આમ આદમી પાર્ટી પાસે અત્યારે ૨૨ ધારાસભ્યો છે પણ ભાજપ તેમાંથી કેટલાને ટકવા દે છે એ સવાલ છે. ભાજપ લોકશાહી મૂલ્યોની રક્ષા કરવાના બદલે તોડફોડ કરવામાં બહાદુરી સમજે છે તેથી આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને પણ તોડવા પ્રયત્ન કરશે જ. કેજરીવાલ, સિસોદિયા,સૌરભ અને સોમનાથ એ ચારેય ધુરંધરો હારી ગયા છે તેથી આપનું વહાણ આતિશીએ સાચવવાનું છે. આતિશી પોતે જીતવામાં સફળ રહ્યાં એ સારી વાત છે પણ તેમના નેતૃત્વની સાચી કસોટી હવે છે.

બીજી તરફ કેજરીવાલનું ભાવિ હાલકડોલક છે એ સાવ સાચું છે. તેનું કારણ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે કેજરીવાલ માટે બનાવેલો ફાંસલો છે. કેજરીવાલ પહેલેથી લિકર કેસમાં ફસાયેલા છે અને જેલની હવા ખાઈને માંડ માંડ જામીન પર બહાર આવ્યા છે ત્યાં તેમને ફરી જેલમાં મોકલવાનો તખ્તો તૈયાર જ છે.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હી લિકર સ્કેમને લગતા કથિત મની લોન્ડરિંગ કેસમાં અરવિંદ કેજરીવાલ સામે કેસ ચલાવવા માટે ઈડીને મહિના પહેલાં જ મંજૂરી આપી દીધી છે. ઈડીએ આ કેસમાં અરવિંદ કેજરીવાલને માસ્ટરમાઇન્ડ ગણાવીને ૨૧ માર્ચે ધરપકડ કરી હતી અને મે મહિનામાં કેજરીવાલ, આમ આદમી પાર્ટી અને અન્યો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના બે મહિના પહેલાં એટલે કે ૫ ડિસેમ્બરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અરવિંદ કેજરીવાલ સામે કેસ ચલાવવાની મંજૂરી માગી હતી અને મહિના પહેલાં સક્સેનાએ મંજૂરી આપી હતી. આ કેસમાં ભાજપ માટે ઘરના ભૂવાને ઘરનાં ડાકલાં જેવો ઘાટ છે તેથી કેજરીવાલને ભિડાવવામાં કોઈ કસર નહીં છોડાય. કેજરીવાલ તેની સામે કેટલી ઝીંક ઝીલી શકે છે એ જોવાનું છે.

દિલ્હીમાં કૉંગ્રેસની હાર ધારણા પ્રમાણેની છે. દિલ્હી સહિતનાં સંખ્યાબંધ રાજ્યોમાં કૉંગ્રેસનું સંગઠન જ રહ્યું નથી તેથી મોટા ભાગના ઉમેદવારોએ પોતાની તાકાત પર જ લડવું પડે છે. તેમાં કોઈ તાકાતવર હોય તો જીતી જાય પણ એવું ભાગ્યે જ બને છે. દિલ્હીમાં પણ એવો કોઈ અપવાદ જોવા ના મળ્યો અને કૉંગ્રેસે ઝીરોની હેટ્રિક નોંધાવી. કૉંગ્રેસ માટે શરમજનક વાત એ છે કે, સંદીપ દીક્ષિત જેવા લોકસભાના સભ્ય રહી ચૂકેલા નેતા હારી તો ગયા જ પણ ડિપોઝિટ પણ ના બચાવી શક્યા.

નવી દિલ્હી બેઠક પર કેજરીવાલ ભાજપના પ્રવેશ વર્મા સામે ૪૦૮૯ મતે હારી ગયા જ્યારે કૉંગ્રેસના સંદીપ દીક્ષિતને ૪૫૬૮ મત મળ્યા છે. આ મત કેજરીવાલની તરફેણમાં પડ્યા હોત તો કેજરીવાલ જીતી ગયા હોત. સંદીપ દીક્ષિત સહિતના કૉંગ્રેસના નેતાઓને અરવિંદ કેજરીવાલ દીઠા ગમતા નથી તેથી કેજરીવાલને હરાવવામાં પોતે નિમિત્ત બન્યા તેનો સંદીપ દીક્ષિત સંતોષ લઈ શકે, બાકી એ સિવાય કૉંગ્રેસે કશું મેળવ્યું નથી.

કૉંગ્રેસે મનિષ સિસોદિયા, સૌરભ ભારદ્વાજ અને સોમનાથ ભારતીને હરાવવામાં પણ યોગદાન આપ્યું. મનિષ સિસોદિયા ભાજપના તરવિંદરસિંહ મારવાહ સામે માત્ર ૬૭૫ મતે હારી ગયા કેમ કે કૉંગ્રેસના ફરહાદ સુરીએ ૭૩૫૦ મત મેળવીને સિસોદિયાને બૂચ મારી દીધો. ગ્રેટર કૈલાશમાં સૌરભ ભારદ્વાજ ભાજપનાં શિખા ચૌધરી સામે ૩૧૮૮ મતે હારી ગયા તેમાં કૉંગ્રેસના ગર્વિત સિંઘવી ૬૭૧૧ મત લઈ ગયા તેનું મોટું યોગદાન છે. માલવિય નગરમાં સોમનાથ ભારતી ભાજપના સતિષ ઉપાધ્યાય સામે ૨૧૩૧ મતે હાર્યા તેમાં કૉંગ્રેસના જીતેન્દ્રકુમાર કોચરે ૬૭૭૦ મત મેળવીને મારેલો ફટકો જવાબદાર છે. કૉંગ્રેસે આ રીતે ૧૧ બેઠકો પર આપનો ખેલ બગાડ્યો છે પણ આ બેઠકો ભાજપને ના મળી હોત તો પણ ભાજપને ૩૭ બેઠકો મળી હોત તેથી ભાજપને સ્પષ્ટ બહુમતી મળી જ હોત.

ભાજપની જીતમાં એ રીતે કોઈ શંકા નથી પણ સામે કૉંગ્રેસની હારમાં પણ શંકા નથી. કૉંગ્રેસ આ હારમાંથી શું બોધપાઠ લેશે એ ખબર નથી પણ ખરેખર કૉંગ્રેસ ભાજપને હરાવવા માગતી હોય તો ભાજપને હરાવી શકે એવા વિપક્ષોને સાથ આપવો જોઈએ. પોતાનો અહમ બાજુ પર મૂકવો જોઈએ.

શનિવારે દિલ્હી વિધાનસભાની સાથે સાથે ૨ વિધાનસભા બેઠકો પર થયેલી પેટાચૂંટણીનાં પરિણામો પણ આવ્યાં. આ પૈકી ઉત્તર પ્રદેશના મિલ્કીપુરમાં ભાજપનો વિજય થયો જ્યારે તમિલનાડુની ઈરોડ વિધાનસભા બેઠક ડીએમકેએ જીતી લીધી. સામાન્ય રીતે વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનાં પરિણામોમાં સત્તાધારી પક્ષનો હાથ ઉપર રહેતો હોય છે ને આ બંને રાજ્યોમાં એવું જ થયું છે.

યુપીની મિલ્કીપુર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ચંદભાનુ પાસવાને સપાના અજિત પ્રસાદને ૬૧,૬૩૬ મતોથી હરાવ્યા જ્યારે તમિલનાડુની ઇરોડ પૂર્વ વિધાનસભા બેઠક પર ડીએમકે ઉમેદવાર ચંદ્રકુમાર વીસીએ તમિલાર કાચી (NTK) ના એમકે સીતાલક્ષ્મીને ૫૦ હજાર કરતાં વધારે મતે હરાવ્યા છે. પેટાચૂંટણીનાં પરિણામો સત્તાધારી પક્ષની વિરુદ્ધ હોય તો ચર્ચા થાય પણ બંને રાજ્યોમાં પરિણામો ધાર્યા પ્રમાણેનાં જ હોવાથી તેની નોંધ પણ નથી લેવાઈ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), સોમવાર, તા. ૧૦-૨-૨૦૨૫, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા),વિશ્વકર્મા જયંતી

- ભારતીય દિનાંક ૨૧, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ સાંજે ક. ૧૮.૦૦ સુધી પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૧૧-૫૬ સુધી પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૨૬, રાત્રે ક. ૨૩-૩૩
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૩ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - ત્રયોદશી. કલ્પાદિ, વિશ્વકર્મા જયંતી, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા), ડેઝર્ટ ઉત્સવ - ત્રણ દિવસ (જેસલમેર)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, તર્પણ શ્રાદ્ધ, શિવ-પાર્વતી પૂજા, પરદેશગમનનું પસ્તાનું, વાંસ વાવવા, વિદ્યારંભ, હજામત, ધાન્ય ભરવું, પ્રયાણ, બી વાવવું, નવા વસ્રો, વેપાર સ્થાવર લેવડદેવડ, પશુ લે-વેંચ, દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, સીમંત સંસ્કાર, દુકાન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, વૃક્ષ વાવવું, વાંસ વાવવા, ઉપવાટિકા બનાવવી, નામકરણ, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા.
- આચમનઃચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-રાહુ ત્રિકોણ સ્થિર સ્વભાવના, બુધ-હર્ષલ ચતુષ્કોણ કટાક્ષપ્રિય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, બુધ-હર્ષલ ચતુષ્કોણ. ચંદ્ર પુનર્વસુ પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## કેરેબિયન દેશોમાં ૭.૬ તીવ્રતાનો ભૂકંપ

મેક્સિકો સિટીઃ કાયમાન ટાપૂના નૈઋત્યે કેરેબિયન સમુદ્રમાં ૭.૬નું પરિમાણ ધરાવતો ભૂકંપ આવ્યો હતો અને આને લીધે અમુક ટાપૂઓ અને અમુક દેશોમાં સુનામી આવે તો સમુદ્રતટ છોડીને અંદરના ભાગમાં જવાની લોકોને સલાહ આપવામાં આવી હતી.

યુએસ જીયોલોજિકલ સર્વેના જણાવ્યા પ્રમાણે ભૂકંપ સાંજે ૬-૨૩ કલાકે (સ્થાનિક સમય) સમુદ્રની મધ્યમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ કાયમાન ટાપુના ૧૩૦ માઈલ (૨૦૯ કિલોમીટર) દક્ષિણ-નૈઋત્યે હતું.

યુએસ નેશનલ સુનામી વોર્નિંગ સેન્ટરે કહ્યું હતું કે અમેરિકાના મેનલેન્ડ માટે સુનામીની કોઈ ચેતવણી નથી, પરંતુ પ્યુર્ટો રિકો અને યુએસ વર્જિન આયલૅન્ડ માટે સુનામીની ચેતવણી બહાર પાડવામાં આવી હતી. આ ચેતવણી પછી રદ કરવામાં આવી હતી.

પ્યોર્ટો રિકના વાયવ્ય રીજનમાં એલાર્મ વાગતા લોકો સમુદ્રતટથી દૂર જવા લાગ્યા હતા અને ટ્રાફિક્જામ સર્જાયો હતો.

હેઝાર્ડ મેનેજમેન્ટ કાયમાન આયલૅન્ડે રહેવાસીઓને સમુદ્રતટ છોડીને અંદરના ભાગમાં જવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સમુદ્રમાં ૦.૩થી એક મીટર ઊંચા મોજા સંભંવ છે. ડોમિનિકન સરકારે સુનામી એલર્ટ બહાર પાડી હતી, પરંતુ પછી પાછી ખેંચી હતી. ક્યુબન સરકારે લોકોને બીચફ્રન્ટ એરિયા છોડવાની અપીલ કરી હતી. બહામાસના હવામાન ખાતાએ પણ સુનામીની ચેતવણી આપી હતી. (એજન્સી) ■

## ટ્રાન્સપોર્ટના ડે. કમિશનરને ત્યાંથી કાળું નાણું જપ્ત

હૈદરાબાદઃ તેલંગાણાના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો(એસીબી)એ વારંગલ જિલ્લાના ડેપ્યુટી ટ્રાન્સપોર્ટ કમિશ્નર સામે અપ્રમાણસર સંપત્તિ(ડીએ)નો કેસ દાખલ કર્યો છે. તેમજ તેમના અને તેમના પરિવારના સભ્યો સાથે જોડાયેલી રૂ. ૪ કરોડથી વધુની સંપત્તિ હોવાનું જાણવા મળ્યું છે.

એસીબી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે અધિકારી સામે કેસ નોંધવામાં આવ્યો હતો કારણ કે તેમણે તેની સેવા દરમિયાન ભ્રષ્ટ વ્યવહારો અને શંકાસ્પદ માધ્યમો દ્વારા તેમના જાણીતા આવકના સ્રોતો કરતાં વધુ સંપત્તિ ભેગી કરી હતી. ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ આ સજાપાત્ર ગુનો હોવાથી શુક્રવારે તેમના ઘર અને તેમના અને તેમના સંબંધીઓ સાથે સંબંધિત વિવિધ સ્થળોએ પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન અધિકારી અને તેમના પરિવારના સભ્યોના નામે ઘર, પ્લોટ અને ખેતીની જમીન સંબંધિત મિલકતના દસ્તાવેજો મળી આવ્યા હતા. આ ઉપરાંત બેંક બેલેન્સની રકમ, ઘરવખરીનો સામાન, વાહનો(ત્રણ ફોર વ્હીલર અને એક ટુ વ્હીલર), સોના અને ચાંદીના દાગીના અને વિદેશી દારૂની ૨૩ બોટલો જપ્ત કરવામાં આવી હતી. આ સંપત્તિની કુલ કિંમત આશરે રૂ. ૪,૦૪,૭૮,૭૬૭ હોવાનું અનુમાન છે. અન્ય મિલકતોની ચકાસણી હજુ ચાલુ હોવાનું એસીબીએ જણાવ્યું હતું. રિલીઝમાં જણાવાયું છે કે ૨૩ વિદેશી દારૂની બોટલો વિશે શંકરપલ્લી એક્સાઇઝ પોલીસને જાણ કરવામાં આવી છે. જેમણે તેલંગાણા એક્સાઇઝ એક્ટ, ૧૯૬૮ હેઠળ સીઓઆર (ક્રાઇમ ઓક્યુરન્સ રિપોર્ટ) હેઠળ અધિકારી સામે એક અલગ એક્સાઇઝ કેસ દાખલ કર્યો છે. ■

## યુપીમાં ટ્રેન ઊથલાવવાનું કાવતરું નિષ્ફળ

રાયબરેલીઃ રાયબરેલીમાં ચંપાદેવી મંદિર નજીક રેલવે ટ્રેક પર પથ્થર મૂકેલા હોવાનું લૉકો પાઈલટને જણાઈ આવ્યા બાદ તેણે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને પાટા પરથી ઊથલાવવાનું કાવતરું નિષ્ફળ બનાવ્યું હોવાનું અધિકારીઓએ રવિવારે કહ્યું હતું.

આ ઘટનાએ રેલવે અધિકારીઓને તાત્કાલિક પગલાં લેવાની ફરજ પાડી હતી અને તેમણે તરત જ સ્થાનિક પોલીસ અને ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ને ઘટના અંગે જાણ કરી હતી.

રેલવે અધિકારીઓના જણાવ્યાનુસાર શનિવારે રાત્રે અજાણી વ્યક્તિએ મંદિર નજીક બ્રિજ પાસે રેલવે ટ્રેક પર મોટા પથ્થરો મૂક્યા હતા.

લખનઊથી આવી રહેલી યશવંતપુર એક્સપ્રેસના લૉકો પાઈલટના ધ્યાન પર આ બાબત આવી હતી.

અધિકારીઓના જણાવ્યાનુસાર રૅડ સિગ્નલને કારણે ટ્રેન ધીમી પડી ગઈ હોવાને કારણે તે સમયસર ઈમરજન્સી બ્રેક લગાડવામાં સફળ રહ્યો હતો.

રેલવે ટ્રેક પર મૂકવામાં આવેલા પથ્થરોમાં અનેક નાના પત્થરોની સાથે એક ફૂટનો મોટો પત્થર પણ મૂકવામાં આવ્યો હતો.

સત્તાધિકારીઓને તાત્કાલિક આ અંગે જાણ કરી સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ઘટનાને મામલે પોલીસ તપાસ કરી રહી છે અને જવાબદાર લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## એલઓસી પર પાક. સેનાનો ભારતીય સૈનિકો પર ગોળીબાર, આપ્યો જડબાતોડ જવાબ

જમ્મુ-કાશ્મીરઃ જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં શનિવારે નિયંત્રણ રેખા(એલઓસી) નજીક પેટ્રોલિંગ કરી રહેલા ભારતીય સૈનિકો પર પાકિસ્તાનમાંથી ગોળીબાર થયો હતો. જો કે ભારતીય સૈનિકોએ તુરંત જવાબી કાર્યવાહી કરતાં હુમલાખોરો પાછળ હટી ગયા હતા. જો કે કોઇ જાનહાનિના સમાચાર નથી. આ જાણકારી સુરક્ષા અધિકારીઓએ આપી હતી.

આ ઘટના બાદ સેનાને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર પાકિસ્તાની ચોકી તરફથી ગોળીબાર કરવામાં આવ્યો ત્યારે ભારતીય સૈનિકો તેમની પોસ્ટ પાસે પેટ્રોલિંગ કરી રહ્યા હતા. ભારતીય સેનાએ વળતો જવાબ આપતા પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ગઇ હતી. ભારતીય ગુપ્તચર એજન્સીઓનો દાવો છે કે પાકિસ્તાને ઉનાળા દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ કરવા માટે નિયંત્રણ રેખા પાર લોન્ચ પેડ પર લગભગ ૮૦ થી ૧૦૦ આતંકવાદીઓને તૈયાર રાખ્યા છે. કોઇપણ ઘૂસણખોરીના પ્રયાસને તાત્કાલિક નિષ્ફળ બનાવવા માટે સેના અને સુરક્ષા એજન્સીઓને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

તાજેતરમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે અખનૂરમાં ભૂતપૂર્વ સૈનિકોની રેલીમાં પાકિસ્તાનને કડક ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે જો પાકિસ્તાન પીઓકેમાં આતંકવાદી કેમ્પ અને લોન્ચ પેડનો નાશ નહીં કરે તો તેને ગંભીર પરિણામો ભોગવવા પડશે. ■

## દિલ્હીનાં મુખ્ય પ્રધાનપદેથી આતિશીનું રાજીનામું

નવી દિલ્હીઃ વિધાનસભાની ચૂંટણીમાં 'આપ'ને મળેલા નાલેશીજનક પરાજયના એક દિવસ બાદ દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશીએ રવિવારે લે. ગવર્નર વી. કે. સક્સેનાને રાજીનામું સુપરત કર્યું હતું.

રાજ નિવાસસ્થિત તેમનાં નિવાસસ્થાને આતિશીએ લે. ગવર્નર સક્સેનાને રાજીનામું સુપરતકર્યું હતું. જોકે આતિશી તેમની કાળકાજીની બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યાં હતાં.

પાંચ ફેબ્રુઆરીએ જાહેર થયેલાં પરિણામોમાં દિલ્હી વિધાનસભાની ૭૦માંથી ૪૮ બેઠક પર વિજય મેળવી ૨૬ વર્ષ બાદ ભાજપ દિલ્હીમાં ફરી સત્તા પર આવ્યો છે. 'આપ'એ બાવીસ બેઠક મેળવી હતી તો કૉંગ્રેસ ખાતું પણ નહોતી ખોલાવી શકી.

પક્ષના નેતાઓના જણાવ્યાનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિદેશ પ્રવાસેથી પાછા ફરશે ત્યાર બાદ આવતા અઠવાડિયે ભાજપ દિલ્હીમાં સરકાર રચવાનો દાવો કરશે એવી અપેક્ષા છે.

ભ્રષ્ટાચારના આક્ષેપોને પગલે અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપ્યા બાદ ગયા વર્ષના સપ્ટેમ્બરમાં આતિશીએ દિલ્હીનાં મુખ્ય પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યાં હતાં.

(એજન્સી) ■

## ઉત્તર પ્રદેશમાં માર્ગ અકસ્માતમાં ત્રણનાં મોત

સુલ્તાનપુરઃ ઉત્તર પ્રદેશના પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર એક ટ્રક અને કન્ટેનર ટ્રક વચ્ચે ભીષણ ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.આ અકસ્માત રાત્રે ગોસાઇગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્જાયો હતો.

સ્ટેશન હાઉસ ઓફિસર અખિલેશ કુમાર સિંહના જણાવ્યા અનુસાર ટ્રક મધ્ય પ્રદેશથી ઉત્તર પ્રદેશના બસ્તી તરફ માછલીઓ લઇને જઇ રહ્યો હતો ત્યારે તેની આગળ જઇ રહેલા કન્ટેનર ટ્રકને ભીષણ ટક્કર મારી હતી. જેમાં મધ્ય પ્રદેશના ઉજજૈન અને શાજાપુર જિલ્લાના રહેવાસી બને સિંહ અને તેજુલાલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેને કુરેભાર સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું.

એસએચઓએ જણાવ્યું કે જો કે હજુ સુધી તેની ઓળખ થઇ શકી નથી. પીડિતોના પરિવારોને જાણ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. આ ટક્કર એટલી ભીષણ હતી કે ટ્રકની આગળના ભાગનો કડૂસલો બોલી ગયો હતો. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી દેવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

## મહાકુંભમાં ફરી આગ

મહાકુંભ નગરઃ રવિવારે મહાકુંભના સેક્ટર ૧૯ના કલ્પવાસી તંબુમાં ગૅસ સિલિન્ડરમાં લીકેજ થતાં આગ લાગી હતી, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. ફાયરફાઈટરે દસ મિનિટની અંદર આગને બુઝાવી હતી અને કોઈ જાનહાનિ થઈ નથી.

ચીફ ફાયર ઑફિસર (કુંભ)ના વડા પ્રમોદ શર્માએ માહિતી આપી હતી કે ઓમપ્રકાશ પાંડે સેવા સંસ્થાને ઊભા કરેલા અને કર્માના રહેવાસી રાજેન્દ્ર જૈસ્વાલની માલિકીના તંબુમાં આગ લાગી હતી. આગની જાણ થતાં ત્રણ ફાયર ટેન્ડર તત્કાળ મોકલવામાં આવ્યાં હતાં. આગ દસ મનિટમાં કાબૂમાં આવી હતી, પરંતુ તંબુ બળીને ખાખ થઈ ગયો હતો. નાની આગના બનાવ ઉપરાંત મહાકંભમાં આગના ત્રણ મોટા બનાવો બન્યા છે.

અગાઉ સાતમી ફેબ્રુઆરીએ સેક્ટર ૧૮ના ઈસ્કોનના કેમ્પમાં આગ લાગીને બીજા કેમ્પમાં પણ ફેલાઈ હતી. આગમાં કોઈ ઘાયલ થયું નહોતું, પરંતુ ૨૦ તંબુનો નાશ થયો હતો.

૧૯ જાન્યુઆરીએ મહાકુંભમેળા એરિયાના સેક્ટર ૧૯માં સિલિન્ડર બ્લાસ્ટને લીધે વિકરાળ આગ લાગી હતી. આમાં પણ કોઈ જાનહાનિ થઈ નથી અને ૧૨ કેમ્પ બળીને ખાખ થયા હતા. અગાઉ ૨૫ ફેબ્રુઆરીએ સેક્ટર બેમાં બે કારમાં આગ લાગી હતી, પરંતુ કોઈ જાનહાનિ થઈ નહોતી. એક કારમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી અને એ બીજી કારમાં પ્રસરી હતી. ૧૩ જાન્યુઆરીએ શરૂ થયેલો મહાકુંભ ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. (એજન્સી) ■

## પાર્ટીની જંગી જીત મોદીના સક્ષમ નેતૃત્વમાં લોકોના અતૂટ સમર્થનની જીતઃ નડ્ડા

નવી દિલ્હીઃ ભાજપ પ્રમુખ જેપી નડ્ડાએ કહ્યું કે પાર્ટીની જંગી જીત એ તેના સેવાના મોડલ, સુશાસન, ગરીબોના કલ્યાણ અને મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળના વિકાસમાં લોકોના અતૂટ સમર્થનની જીત છે.

દિલ્હીની "આપ-દા" સરકારે ભ્રષ્ટાચાર, કુશાસન અને તુષ્ટિકરણની તમામ સીમાઓ વટાવી દીધી હતી. શહેર હવે તેના જૂઠાણા, છેતરપિંડી અને દગાથી મુક્ત છે અને પ્રગતિ અને સન્માનના નવા યુગમાં પ્રવાસ શરૂ કરી રહ્યું છે, એમ તેમણે દાવો કર્યો હતો.

નડ્ડાએ કહ્યું કે, "આ ઐતિહાસિક આદેશ દિલ્હી માટે ઉજ્જ્વળ અને વધુ પ્રગતિશીલ ભવિષ્ય માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનમાં લોકોનો વિશ્વાસ દર્શાવે છે." એમ તેમણે ઉમેર્યું હતું.

દિલ્હીના લોકોએ જૂઠાણા, કપટ અને ભ્રષ્ટાચારના "શીશ મહેલ"ને તોડી પાડ્યું અને શહેરને "આપ-દા મુક્ત" બનાવ્યું, એમ તેમણે આપ પર નિશાન સાધતા કહ્યું હતું. ■

પહેલા પાનાનું ચાલુ

### મહાકુંભના સાત

સ્ટેશનના વડા આદિત્ય નારાયણ ધુર્વેના જણાવ્યા અનુસાર જિલ્લા મુખ્યાલયથી ૪૫ કિમી દૂર સતના-ચિત્રકુટ રાજ્ય ધોરીમાર્ગ પર રાત્રે લગભગ ૧-૩૦ વાગ્યે અથડામણ બાદ ટ્રક પલટી ગઇ હતી. જેના કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો.

અધિકારીએ જણાવ્યું કે મૃતકો પિકઅપ ટ્રક(મિની ટ્રક)માં સવાર હતા. ટ્રક એમપીના જબલપુરથી લોકોને મહાકુંભમાં ભાગ લેવા માટે પ્રયાગરાજ લઇ જઇ રહી હતી. જ્યારે એસયુવીમાં સવાર લોકો પ્રયાગરાજથી ચિત્રકૂટ થઇને દમોહ જઇ રહ્યા હતા.

મૃતકોની ઓળખ મહેન્દ્ર પટેલ(૫૨), મનીષા પટેલ(૩૧) અને તેમના પુત્ર જીતેન્દ્ર પટેલ(૧૧) તરીકે થઇ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. બંને વાહનોમાં મુસાફરી કરી રહેલા અન્ય દસ લોકો ઘાયલ થયા હતા.

ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં રવિવારે સવારે કુંભથી યાત્રાળુઓને લઇ જઇ રહેલા એક વાહનની ટ્રક સાથે ભીષણ ટક્કર થતાં ચાર લોકોનાં મોત થયા હતા. જ્યારે ચાર ઘાયલ થયા હતા. અધિક પોલીસ અધિક્ષક(એએસપી) કાલુ સિંહના જણાવ્યા અનુસાર અકસ્માત સવારે લગભગ ૬-૩૦ વાગ્યે દરનાખાર ગામમાં થયો હતો. પીડિતો પ્રયાગરાજમાં મહાકુંભમાં ડૂબકી લગાવીને છત્તીસગઢના રાયપુર પરત ફરી રહ્યા હતા. મૃતકોની ઓળખ લક્ષ્મીબાઇ(૩૦), અનિલ પ્રધાન(૩૭), ઠાકુર રામ યાદવ(૫૮) અને રુક્મણી યાદવ(૫૬) તરીકે થઇ હોવાનું તેમણે જણાવ્યું હતું. ઘાયલોની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને જિલ્લા હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. તેમજ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી દેવામાં આવ્યા છે. ■

### વૈષ્ણોદેવી ખાતે

ધોતરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની ૧૬૩મી કલમ હેઠળ દારૂ અને માંસાહારના વેચાણ, ધરાવવા કે વપરાશ પર પ્રતિબંધ મૂક્યો છે. ટ્રેક ઉપરાંત ટ્રેકની બન્ને બાજુએ બે કિલમીટર સુધીના અંતરે આવેલા ગામોમાં પણ આ પ્રતિબંધ અમલમાં રહેશે. આમાં અરલી, હંસાલી અને મતયાલ ગામો તથા ચંબા, સેર્લી અને ભગત ગામ સહિત કટરા-તિકરી રોડની ૨૦૦ મીટરની અંદર આવેલા ગામો તથા કુડ્રોરીયન, કોટલી, બજાલિયન અને નોમૈન સહિત કટરા-જમ્મુ રોડની ૨૦૦ મીટરની અંદર આવેલા ગામોનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

### મહાકુંભમાં ફરી આગ

મહાકુંભમેળા એરિયાના સેક્ટર ૧૯માં સિલિન્ડર બ્લાસ્ટને લીધે વિકરાળ આગ લાગી હતી. આમાં પણ કોઈ જાનહાનિ થઈ નથી અને ૧૨ કેમ્પ બળીને ખાખ થયા હતા. અગાઉ ૨૫ ફેબ્રુઆરીએ સેક્ટર બેમાં બે કારમાં આગ લાગી હતી, પરંતુ કોઈ જાનહાનિ થઈ નહોતી. એક કારમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી અને એ બીજી કારમાં પ્રસરી હતી. ૧૩ જાન્યુઆરીએ શરૂ થયેલો મહાકુંભ ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. (એજન્સી) ■

### દિલ્હીમાં 'આપ'ના

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સતત ત્રીજીવાર કૉંગ્રેસ એકપણ બેઠક ન મેળવી શકી હોવા અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસ ઐતિહાસિક રીતે મહત્ત્વની પાર્ટી હોવા છતાં તેણે નાલેશીજનક પરાજય વેઠવો પડ્યો છે એ દર્શાવે છે કે કૉંગ્રેસે વધુ મહેનત કરવાની જરૂર છે.

દિલ્હીમાં ભાજપના મુખ્ય પ્રધાનના ચહેરા અંગે બોલતાં સચદેવાએ કહ્યું હતું કે આ મામલે પક્ષ યોગ્ય અભિગમ અપનાવે છે અને અન્ય રાજ્યની જેમ એ નિર્ણય લેવાનું પક્ષના નેતૃત્વ પર છોડે છે. (એજન્સી) ■

## યાત્રાધામ અંબાજી ખાતે કેબિનેટ પ્રધાન બળવંતસિંહ રાજપૂતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ અંબાજી ખાતે રાજ્યના કેબિનેટ પ્રધાન બળવંતસિંહ રાજપૂતે ૫૧ શક્તિપીઠની પરિક્રમા મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ મહોત્સવમાં લાખો શ્રદ્ધાળુઓ ભાગ લેશે. તેમની સુવિધા માટે ૫૦૦થી વધુ બસો મુકાઈ હતી.

ગુજરાત સરકાર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અંબાજી ખાતે ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, ૯ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન પરિક્રમા મહોત્સવનું આયોજન કરાયું છે, જેમાં શ્રદ્ધાળુઓ ૨.૫ કિ.મી ત્રિજ્યામાં ૫૧ શક્તિપીઠ થકી દર્શનનો લાભ મેળવી શકશે. શ્રદ્ધાળુઓને કોઈ પણ પ્રકારની તકલીફ ના પડે તે માટે તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

જિલ્લા કલેકટરે વધુમાં જણાવ્યું હતું કે, આ માટે જિલ્લા કક્ષાની અલગ અલગ ૨૦ જેટલી સમિતિઓ બનાવવામાં આવી છે. સ્વચ્છતા માટે ૪૫૦થી વધુ સફાઈ કામદારો ખડેપગે રહેશે. આ સાથે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૭૫૦થી વધુ પોલીસ અને હોમગાર્ડ જવાનો ફરજ બજાવશે. સમગ્ર પરિક્રમા સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરવામાં આવી છે. અંબાજી ટ્રસ્ટ દ્વારા ગામડે ગામડે રથ થકી લોકોને પરિક્રમામાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. અલગ અલગ જિલ્લાના ૧૭૦૦થી વધુ સંઘો, સાધુસંતો અને ધાર્મિક આગેવાનોને આમંત્રણ પાઠવવામાં આવ્યાં છે. આ વર્ષે યોજાનાર આ મહોત્સવમાં ગુજરાત તથા અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડશે.

## ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં મૃત્યુ દર વધુ છે જેથી હેલ્મેટના નિયમોનું કડક પાલન જરૂરીઃ હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વધી રહેલા અકસ્માતોમાં લોકો મૃત્યુ પામી રહ્યા છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસે તેને ખૂબ જ ગંભીર મુદ્દો ગણાવી રાજ્ય સરકારને હેલ્મેટ અને ટ્રાફિક નિયમોના અમલીકરણ માટે કડક પ્રયાસો કરવા તેમ જ ટ્રાફિક વ્યવસ્થાપનના મુદ્દાઓને ઉકેલવા માટે રાજ્યમાં અલગ ટ્રાફિક પોલીસ દળની શક્યતા શોધવાનું કોર્ટે સૂચન કર્યું હતું. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચ અમદાવાદમાં ટ્રાફિક વ્યવસ્થાપન, ટ્રાફિક પોલીસની સ્થાપનામાં ખાલી જગ્યાઓ ભરવા, શહેરમાં નબળા અને અપૂરતા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત સુઓમોટો પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. આ સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસના સૂચન અંગે એડવોકેટ જનરલે કહ્યું હતું કે, બે સંભવિત મુદ્દાઓ હોઈ શકે છે કે જો કેડર બનાવવામાં આવે તો પ્રમોશનલ રસ્તાઓ ખૂબ ઓછા થશે અને લોકો ૫૦-૫૫ વર્ષ પછી થાકી જશે.

હેલ્મેટ નિયમના અમલીકરણ અંગે, કોર્ટ મિત્રએ અભિપ્રાય આપ્યો હતો કે, ‘વધુ સંખ્યામાં લોકો હેલ્મેટ પહેરી રહ્યા છે તે પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. જો લાંબા સમય સુધી તકેદારી રાખવામાં આવે તો તે આદત બની જશે અને તે નાગરિકોની સલામતી માટે છે. એડવોકેટ જનરલે કહ્યું હતું કે, જાહેર કૉર્પોરેશનોમાં ઠરાવો બહાર પાડવામાં આવ્યા છે કે જે કોઈ પણ વાહન લઈને રસ્તા પર નીકળે છે તેણે હેલ્મેટ પહેરવું જ જોઈએ. હાઈ કોર્ટે કહ્યું કે આકસ્મિક મૃત્યુ ખૂબ વધારે છે. જે પરિવારોના લોકો અકસ્માતમાં મૃત્યુ પામી રહ્યા છે તેમના માટે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. તે ખૂબ જ ગંભીર મુદ્દો છે.

## થરાદમાં રોડના નાળાનું કામ કરતાં શ્રમિકો પર માટી ભરેલું ડમ્પર પડતાં ત્રણ મહિલા અને એક બાળકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના થરાદમાં તાલુકાના ખેગારપુરા ગામમાં રોડની બાજુમાં નાળાની પ્રોટેક્શન વોલના પાયાની કામગીરી દરમિયાન અચાનક રેતી ભરેલું ડમ્પર ધસી પડતાં ત્યાં કામ કરી રહેલી ત્રણ મહિલા શ્રમિકો અને બે વર્ષના માસૂમ બાળકનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે થરાદના ખેગારપુરા ગામમાં છેલ્લા દસ દિવસથી રોડની બાજુમાં નાળાંની કામગીરી ચાલતી હતી. આ દરમિયાન એક માટી ભરેલું ડમ્પર અચાનક નીચે ઊથલી પડ્યું હતું. આ દરમિયાન કામ કરી રહેલા શ્રમિકો માટી નીચે દટાયા હતા. માટી નીચે દટાયેલા શ્રમિકોને બહાર કાઢવા માટે તાત્કાલિક જેસીબી મારફતે રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

નાયબ પોલીસ અધિક્ષક એસ. એમ.વારોતરિયાએ જણાવ્યું કે ખેગારપુરા ગામ પાસે રોડનું કામ ચાલું હતું. ત્યા લોકો રોડની દીવાલ બનાવવા માટે માટી કાઢવાનું કામ કરી રહ્યા હતા. ત્યારે ત્યાંથી રેતી ભરેલું હાઈવા ડમ્પર નીકળતાં ત્યાં વળાંક પર તેના ચાલકે ધ્યાન આપ્યું નહીં અને ત્યાંથી નીકળવા જેટલી જગ્યા ન હતી છતાં તેણે ત્યાંથી ડમ્પરને બેદરકારીપૂર્વક કાઢવા જતાં તે પલટી મારી ગયું હતું. જેથી તેની નીચે ૩ મહિલા શ્રમિકો અને એક બાળક દબાઈ જતાં તેમનાં મોત થયાં હતાં. આ ઘટનામાં જેની બેદરકારી હશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

માટી નીચે દટાયેલા મજૂરોને બચાવવા માટે જેસીબી મશીન દ્વારા યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, પણ વધુ સમય થઈ જવાથી ચારેયનાં મોત થઈ ચૂક્યાં હતાં. તમામ મૃતકો દાહોદના ઝાલોદ ગામના હતા. ડમ્પરનો ડ્રાઈવર પ્રવીણભાઈ વણકર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. થરાદ પોલીસ સ્ટેશનના પીઆઈએ કહ્યું હતું કે, જ્યાં અકસ્માત થયો ત્યાં ૧૦ જેટલા શ્રમિકો કામ કરી રહ્યા હતા.

## એએસઆઈની ટીમ બાદ રાજ્યના મુખ્ય સચિવે આર્કિયોલૉજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (એએસઆઈ)ના મહાનિર્દેશક સહિત આઈઆઈટી મદ્રાસના પ્રોફેસર અરુણ મેનન સહિતની એક ઉચ્ચ સ્તરીય ટીમે વડનગરમાં પ્રાયોગિક પુરાતત્ત્વ સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. ત્યાં બે હજાર વર્ષ જૂની દીવાલના ભાવિ અંગે સમીક્ષા કરી હતી. આ ટીમે પ્રારંભિક મૂલ્યાંકન રિપોર્ટમાં રજૂ કરાયેલી ચિંતાઓને દૂર કરવા પરિસરના ભાવિ વિશે પણ ચર્ચાઓ કરી હતી. આ ઉપરાંત ગુરુવારે રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોષીએ પણ વડનગરની મુલાકાત લીધી હતી.

મુખ્ય સચિવ પંકજ જોષીએ વડનગરમાં આર્કિયોલૉજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમની મુલાકાત લઈને મ્યુઝિયમની વિશેષતાઓ વિશે જાણકારી મેળવી હતી. તે ઉપરાંત પ્રેરણા સ્કૂલમાં વિદ્યાર્થીઓને કરાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી. તેમણે હાટકેશ્વર મંદિરે હાટકેશ્વર દાદાનાં દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી.

આ મ્યુઝિયમ વડનગરની ૨૫૦૦ વર્ષથી વધુ જૂની સમૃદ્ધ સંસ્કૃતિ અને ઇતિહાસને પ્રદર્શિત કરે છે. અહીં ખોદકામ દરમિયાન મળેલા હજારો વર્ષ જૂના અવશેષો, કલાકૃતિઓ અને સાધનોને અત્યાધુનિક ટેક્નોલૉજીની મદદથી પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. મ્યુઝિયમમાં ઑડિયો-વિઝ્યુઅલ પ્રદર્શનો અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે. જેની આજે મુખ્ય સચિવશ્રીએ મુલાકાત લીધી હતી.

પુરાતત્ત્વ સંગ્રહાલયના નિયામક પંકજ શર્માએ મ્યુઝિયમની વિશેષતાઓ અને તેમાં પ્રદર્શિત કરવામાં આવેલ વિવિધ કલાકૃતિઓ વિશે મુખ્ય સચિવને વિસ્તૃત જાણકારી આપી હતી. મુખ્ય સચિવે પ્રેરણા સ્કૂલની મુલાકાત લીધી હતી. પ્રેરણા સ્કૂલમાં વિદ્યાર્થીઓને કરાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ તેમ જ વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. આ ઉપરાંત કીર્તિ તોરણ, તાનારીરી ગાર્ડન અને સ્પોર્ટ્સ સંકુલની પણ મુલાકાત લીધી હતી.

## અમદાવાદના બ્રોકર સાથે ૯૫ લાખની ઠગાઈ કરનાર મુંબઈના જ્વેલર્સની ધરપકડઃ બે આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના બોડકદેવ વિસ્તારના કાર લે-વેચ કરતા બ્રોકર સાથે મુંબઈના સોના ચાંદીના વેપારીએ ૯૫ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. આ કેસમાં પોલીસે મુંબઈથી જ્વેલર્સની ધરપકડ કરી હતી. તે ઉપરાંત અન્ય બે આરોપીઓ કેનેડા ગયા હોવાનું જાણવા મળતાં પોલીસે વધુ કાર્યવાહી શરૂ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આરોપી રિષભ પાહુજાની અમદાવાદમાં બોડકદેવ પોલીસે છેતરપિંડીના ગુનામાં ધરપકડ કરી હતી. આરોપી રિષભે અમદાવાદના ધ્રુવેશ પટેલને લૅન્ડ રોવર ડીફેન્ડર, રેન્જ રોવર વોગ અને બીએમડબ્લ્યુ વેચાણ આપી ૩.૯૭ કરોડ મેળવી લીધા હતા. જે રકમ મેળવ્યા બાદ ગાડીની લોન ભરપાઈ ન કરી તેની એનઓસી આપી ન હતી, ઉપરાંત વધુ એક ગાડી વેચાણ માટે બતાવી તેના પણ રૂપિયા ૯૫ લાખ મેળવી લીધા હતા. જે પરત ન કરતાં ફરિયાદ નોંધાઈ હતી.

બોડકદેવ પોલીસે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે રિષભ પાહુજાની ધરપકડ કરી હતી, પરંતુ આ ગુનામાં પ્રકાશ પાહુજા અને ચિરાગ પાહુજા ફરાર હોવાથી તેમને ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં હતાં. જેમાં તેઓ કેનેડા ગયા હોવાનું જાણવા મળતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપીઓ મુંબઈમાં ત્રિકમદાસ જ્વેલર્સના નામે શો રૂમ ધરાવતા હતા. તે બંધ થઈ જતાં આ છેતરપિંડી આચરી હોવાનું પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું. આરોપીઓ વિરુદ્ધ મુંબઈમાં પણ ૩ ગુના નોંધાયા હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આરોપી આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી કરવાની ટેવ ધરાવતો હોવાથી આરોપીએ આપેલી ગાડીઓ અંગે પણ પોલીસે તપાસ શરૂ કરી હતી. આરોપીએ અન્ય કોઈ સાથે છેતરપિંડી કરી છે કે કેમ તથા ફરાર બે આરોપીની ધરપકડ માટે કાયદાકીય પ્રક્રિયા પોલીસે શરૂ કરી દીધી હોવાનું પણ જાણવા મળ્યું હતું.

## ગુજરાતમાં યોજાયેલી ખાસ લોક અદાલતમાં જૂના ૧૭૦૬૦ કેસમાંથી ૪,૫૭૦ કેસોનો નિકાલ કરાયો

અમદાવાદઃ ગુજરાતમાં યોજાયેલી ખાસ લોક અદાલતમાં ૧૭ હજાર જેટલા કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. તે પૈકી ૪૫૭૦ કેસોનો નિકાલ કરાયો હતો. છેલ્લા ત્રણ વર્ષમાં લોક અદાલત દ્વારા લાખો કેસોનો નિકાલ થયો હતો. જે પૈકી છેલ્લા એક વર્ષમાં જ ૧૦ લાખ કેસોનો લોક અદાલતમાં સુખદ નિકાલ આવ્યો હતો.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તેમ જ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના નિર્દેશો અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ બીરેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ચેક પરતને લગતી ફરિયાદો, દામ્પત્ય જીવનને લગતી તકરારો, સિવિલ દાવાઓ, વાહન અકસ્માતને લગતા કેસો તથા જમીન સંપાદન સંદર્ભેના જૂના કેસોના સમાધાન માટે સ્પેશિયલ લોક અદાલતનું આયોજન કરાયું હતું.

રાજ્યમાં તમામ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ચીફ જજના નિર્દેશ અનુસાર કાઉન્સિલિએશન બેન્ચ બનાવાઈ હતી. જેમાં એક ન્યાયિક અધિકારી અને તાલીમ પામેલા મધ્યસ્થીનો સમાવેશ કરાયો હતો. તમામ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રયાસોના પરિણામે આ સ્પેશિયલ લોક અદાલતનું આયોજન થયું હતું. જેમાં આશરે ૧૭,૦૬૦ કરતાં વધુ કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. જે પૈકી ચેક બાઉન્સની કુલ ૩૭૫૦ ફરિયાદ, દામ્પત્ય જીવનની તકરારોના ૪૯૮ કેસો, સિવિલ દાવાઓના ૧૯૫ કેસો, વાહન અકસ્માતના ૧૨૦ કેસો તથા જમીન સંપાદનના ૭ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. લોક અદાલતમાં કુલ રૂા. ૧૧૦ કરોડની રકમના એવોર્ડ કરવામાં આવ્યા હતા.

## બનાસકાંઠાના વિભાજન બાદ વાવ-થરાદ જિલ્લામાં ‘રાહ’ તાલુકો બનશેઃ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીનો સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા જિલ્લા વાવ-થરાદમાં ‘રાહ’ નવો તાલુકો બનાવવાના સંકેત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આપ્યા હતા. વાવ-થરાદમાં નવો ‘રાહ’ તાલુકો બનાવવાના સંકેત આપતાં કિયાલ ગામની સભામાં શંકર ચૌધરીએ કહ્યું કે, તાલુકો અને જિલ્લો બંને ટૂંક સમયમાં બદલાશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે થરાદ તાલુકાના કિયાલ ગામે ગ્રામ પંચાયતની નવીન બિલ્ડિંગ અને પટેલ નાગજી કેસરા ગોળિયા પ્રાથમિક શાળાના લોકાર્પણનો કાર્યક્રમ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે બહોળી સંખ્યામાં આજુબાજુના વિસ્તારના લોકો અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં સંબોધન કરતાં શંકર ચૌધરીએ કહ્યું હતું કે, થોડા દિવસોમાં તાલુકો પણ બદલાશે અને જિલ્લો પણ બદલાશે.તમારા નજીકમાં તાલુકો આપીશું. નવી પેઢીના ઉજ્જ્વલ ભવિષ્ય માટે અને તેમની પ્રગતિ થાય તે માટે આ પ્રકારનાં લાંબા ગાળાનાં કામ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યાં છે.

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને સરકારે નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની જાહેરાત કરી હતી. જિલ્લાનો વિસ્તાર ખૂબ મોટો હોવાથી વહીવટી સરળતા માટે આ જિલ્લાનું વિભાજન કરવાની માંગ પર સરકારે આ નિર્ણય લીધો હતો.

ત્યાર બાદ ભાભર, દિયોદર, કાંકરેજ સહિતના વિસ્તારોમાં લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જાહેર રેલીઓ અને સભાઓ કરીને સરકારને આ અંગે ફરી વિચારણા કરી નિર્ણય લેવા માગ કરાઈ હતી. આ વિરોધ વચ્ચે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના નિવેદનથી નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી.

## રાજકોટ ગેમઝોન અગ્નિકાંડનાં ત્રણ આરોપીઓના જામીન મંજૂર થતાં પીડિત પરિવારોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૨૦૨૪ના મે મહિનામાં રાજકોટના નાનામૌવા રોડ નજીક આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતાં ૨૭ લોકોનાં મોત થયાં હતાં. આ ઘટનામાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો હતો. જેમાંથી ત્રણ આરોપીના જામીન તાજેતરમાં હાઈ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. જેથી પીડિત પરિવારો રોષે ભરાયા હતા અને આ જામીન રદ કરવા માટે સુપ્રીમ કોર્ટ સુધી લડી લેવાની તૈયારી બતાવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ટીઆરપી અગ્નિકાંડમાં હાઈ કોર્ટ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના ઈજનેર રાજેશ મકવાણા, ગૌતમ જોશી અને આસિસ્ટન્ટ એન્જિનિયર જયદીપ ચૌધરીની જામીન અરજી મંજૂર કરાઈ હતી. ત્રણ આરોપીને જામીન મળતાં પીડિત પરિવારોએ સરકાર સુપ્રીમ કોર્ટમાં જઈ જામીન રદ કરે તેવી માગ કરી હતી. પીડિત પરિવારોએ ચીમકી ઉચ્ચારી હતી કે, સરકાર સુપ્રીમમાં નહીં જાય તો આરોપીના જામીન રદ કરવા તેઓએ સુપ્રીમ કોર્ટ સુધી લડવાની તૈયારી બતાવી હતી. પીડિત પરિવારોએ આરોપીઓ સામે ડે ટુ ડે કેસ ચાલે તેવી પણ માગ કરી હતી.

પીડિત પરિવારના વકીલે જણાવ્યું હતું કે, ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી રદ કરવામાં આવી હતી, પરંતુ હાઈ કોર્ટ દ્વારા રાજકોટ મનપાના ત્રણ એન્જિનિયર એટીપીઓ રાજેશ મકવાણા, ગૌતમ જોષી અને આસિ. એન્જી. જયદીપ ચૌધરીની જામીન અરજી મંજૂર કરાઈ હતી. જેથી પીડિત પરિવારોની લાગણી દુભાઈ છે.

## સુરતની સૈનિક સ્કૂલમાં ૧૫૦ વિદ્યાર્થીઓને તાવ અને ઉધરસની અસર

### ૧૮ વિદ્યાર્થિનીઓને હૉસ્પિટલમાં દાખલ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામ ખાતેની સૈનિક સ્કૂલ કેમ્પસમાં સ્થિત ત્રણ સ્કૂલોના ૧૫૦ વિદ્યાર્થીઓને વાઈરલ ઈન્ફેક્શન અને ૧૮ જેટલી વિદ્યાર્થિનીઓને તાવ પ્રાથમિક સારવાર આપ્યા બાદ પણ તબિયત ન સુધરતાં તેમને માંગરોળની ઝંખવાવ રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

સુરત જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલે કહ્યું હતું કે, સ્કૂલના ૧૫૦ વિદ્યાર્થીઓને છેલ્લા ત્રણેક દિવસથી શરદી, ઉધરસ અને તાવના લક્ષણો સાથે વાઈરલ ઈન્ફેક્શન થયું હતું. શનિવારે ૧૮ વિદ્યાર્થિનીઓને તાવનાં લક્ષણો જણાતા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે સારવાર માટે ખસેડાઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે, જિલ્લા તંત્રએ સ્કૂલમાં વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ કરવા બે ડઝનથી વધુ સ્વાસ્થ્ય કર્મચારીઓની ટીમ તૈનાત કરી દીધી છે. અમે સ્કૂલના મુખ્ય આચાર્યને સૂચના આપી હતી કે, હવાના માધ્યમથી ઈન્ફેક્શન ના ફેલાય અને તાવ તથા ઉધરસ ધરાવતા વિદ્યાર્થીઓને માસ્ક પહેરાવીને અલગ રાખવામાં આવે. આરોગ્ય વિભાગના ૩૦ કર્મચારીઓની એક ટીમ સ્કૂલ કેમ્પસમાં ફરજ બજાવી રહી છે.

સૈનિક સ્કૂલના આચાર્ય જયદીપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, કેટલાક વિદ્યાર્થીઓએ તાવ અને ઉધરસ હોવાની ફરિયાદ કરી હતી. ત્યાર બાદ સ્થાનિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવામાં આવ્યો હતો. અમે નજીકના સ્વાસ્થ્ય કેન્દ્રનો સંપર્ક કરીને વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ કરાવી હતી. તેમાંથી ૧૮ વિદ્યાર્થીઓને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્કૂલમાં છોકરાઓ અને છોકરીઓ બંનેને અસર થઈ હતી પરંતુ તાવના લક્ષણો સાથે દાખલ થયેલા વિદ્યાર્થીઓમાં તમામ છોકરીઓ હતી. આ ઘટનાની જાણકારી મળતાં જ ધારાસભ્ય ગણપત વસાવા પણ સ્કૂલમાં દોડી ગયા હતા.

## ગુજરાતની ૪૦ હજાર શાળાઓના ૬૧.૫૦ લાખ વિદ્યાર્થીઓ ‘પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમમાં જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમની આઠમી શ્રેણી અન્વયે અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં સ્થિત ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે આજે પ્રેરક સંવાદ ગોષ્ઠિ કરશે. રાજ્યમાં આ પરીક્ષા પે ચર્ચા’ કાર્યક્રમમાં ગુજરાતની ૪૦ હજાર શાળાઓના ૬૧.૫૦ લાખ વિદ્યાર્થીઓ સહભાગી થશે.

પરીક્ષા પે ચર્ચાના પ્રેરણા સંવાદનું મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતની ૪૦ હજારથી વધુ શાળાઓમાં વિવિધ માધ્યમો દ્વારા જીવંત પ્રસારણ થવાનું છે.ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સ તથા સામાન્ય પ્રવાહના કુલ ૧૪ લાખ ૩૦ હજાર વિદ્યાર્થીઓ સહિત ધોરણ ૬ થી ૧૨ સુધીના વર્ગોના સમગ્રતયા ૬૧ લાખ ૪૯ હજાર ૩૪૩ વિદ્યાર્થીઓ વડા પ્રધાન મોદીનું પ્રેરણા માર્ગદર્શન તેમની આગામી પરીક્ષાઓના સંદર્ભમાં મેળવશે.

પરીક્ષા પે ચર્ચાનો આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ આજ સવારે ૧૧ કલાકે યોજાવાનો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદની ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ સ્કૂલ પરિસરમાંથી વિદ્યાર્થીઓ સાથે પરીક્ષાને અનુલક્ષીને વાર્તાલાપ કરશે અને યોગ્ય માર્ગદર્શન આપશે. પરીક્ષા પે ચર્ચાના આ વર્ષના સંવાદ માર્ગદર્શનમાં વડા પ્રધાન ઉપરાંત આધ્યાત્મિક અગ્રણી, જાણીતા કલાકારો તેમજ ઓલમ્પિયન મેરી કોમ અને પેરા ઓલમ્પિક ગોલ્ડ મેડલ વિનર અવની લેખારા જેવી ખ્યાતનામ અને પ્રભાવશાળી હસ્તીઓ પણ પરીક્ષાર્થીઓને પ્રેરણા પૂરી પાડે તેવું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ દ્વારા ગુજરાતના વિવિધ જિલ્લાઓ-નગરોના મળીને ૪૦ હજાર પેરેન્ટ્સ માતા-પિતાએ પણ વડા પ્રધાનનું માર્ગદર્શન મેળવવા રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

## ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મુખ્ય પ્રધાનને પત્ર લખી પોલીસ અધિકારીઓ પર ગંભીર આક્ષેપ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવા અવારનવાર મુખ્ય પ્રધાનને પત્ર લખીને રજૂઆતો કરતાં હોય છે. તેમણે ફરી વાર પત્ર લખીને ભરૂચ જિલ્લાના નબીપુર અને આમલેથા પોલીસ સ્ટેશનના અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે આ પોલીસ મથકના અધિકારીઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ખોટી રીતે ધમકાવવાનો આરોપ લગાવી જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા માગ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભરૂચ જિલ્લાના નબીપુર તેમ જ નર્મદા જિલ્લાના આમલેથા પોલીસ સ્ટેશનના અધિકારી સામે ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને ગંભીર આક્ષેપ કર્યા હતા. તેમણે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, નબીપુર તેમ જ આમલેથાના પોલીસ અધિકારીઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓને કોઈ પણ ગુના વગર ખોટી રીતે ધમકાવી હેરાન કરે છે. અંગ્રેજોના શાસન કરતાં પણ વધારે આ પોલીસ અધિકારીઓ અત્યાચાર ગુજારતા થયા છે. મનસુખ વસાવાએ બુટલેગરો અને રીઢા ગુનેગારોને પોલીસ છાવરે છે તેવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો.

સાંસદ મનસુખ વસાવાએ પત્રમાં જણાવ્યું હતું કે, પોલીસ અધિકારીઓ નિર્દોશ લોકો પર ત્રાસ ગુજારે છે અને ગુનેગારોને છાવરે છે. ન્યાયપ્રિય સરકારમાં આવું ન જ થવું જોઈએ. બન્ને પોલીસ સ્ટેશનના અધિકારી સામે કાયદાકીય કાર્યવાહી થાય તેમ જ ઉચ્ચ અધિકારીઓ પાસે તપાસ કરાવી જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માગ કરી હતી. સાંસદ મનસુખ વસાવાએ આ પત્રને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કર્યો હતો.

## મ્યુનિસિપલ સ્કૂલોમાં ૧૫મી ફેબ્રુઆરીથી ધોરણ પાંચના વિદ્યાર્થીઓને દૂધ અપાશે

### અમદાવાદ મનપાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મનપાએ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની વિવિધ સ્કૂલોમાં અભ્યાસ કરતાં ધોરણ ૫ના બાળકોને દૂધ આપવાનો નિર્ણય કર્યો હતો. સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ધોરણ ૫ના બાળકોને દૂધ આપવા વિવિધ કક્ષાએ રજૂઆત કરાઈ હતી, રજૂઆત બાદ દરખાસ્તનો સ્વિકાર કરાયો હતો. ધોરણ ૧થી ૪ના બાળકોને દૂધ આપવામાં આવતું હતું. પરંતુ ધોરણ ૫ના બાળકોને દૂધ અપાતું નહતું. આગામી ૧૫મી ફેબ્રુઆરીથી મ્યુનિસિપલ હસ્તકની સ્કૂલોમાં ધોરણ ૫ના વિદ્યાર્થીઓને દૂધ અપાશે. સ્કૂલોમાં હજી ઓછા પ્રમાણમાં દૂધ પહોંચતું હોવાની પણ ચર્ચા છે. જેને પગલે સ્કૂલ બોર્ડ દ્વારા તપાસ પણ હાથ ધરાઈ છે. આ નિર્ણયના પરિપ્રેક્ષ્યમાં બાળકોમાં કુપોષણના વધી રહેલા પ્રમાણનો મુદ્દો મહત્ત્વનો બની રહ્યો છે. અનેક રિપોર્ટના તારણો રહ્યાં છે કે, શાળાએ જતાં બાળકોમાં કુપોષણ અને સ્ટન્ટીંગનું પ્રમાણ વધી રહ્યું છે. આ કારણે પણ દૂધ આપવાનો નિર્ણય લેવાયો હતો.

## આશાવર્કર અને આંગણવાડીની બહેનોએ અમદાવાદમાં કલેક્ટર કચેરી પાસે રેલી કાઢી વિરોધ વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં રવિવારે આશાવર્કર આંગણવાડીની બહેનોએ કલેક્ટર કચેરી પાસે વિશાળ રેલી કાઢીને વિરોધ વ્યક્ત કર્યો હતો. સમગ્ર રાજ્યની આશાવર્કર અને આંગણવાડીની બહેનો કલેક્ટર કચેરી ખાતે એકઠી થઈ હતી. તેમણે ૨૨ પડતર પ્રશ્નોને આગામી બજેટમાં સમાવેશ કરવા માગ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં કલેક્ટર કચેરી પાસે આશા વર્કર અને આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા અમદાવાદમાં વિશાળ રેલી કાઢીને વિરોધ વ્યક્ત કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આંગણવાડી બહેનો દ્વારા ૨૨ પડતર પ્રશ્નોની બજેટમાં સમાવેશ કરવાની માગ કરવામાં આવી હતી.

લઘુતમ વેતનથી પણ ઓછું વેતન મળતા આંગણવાડી તેમજ આશા વર્કર કર્મચારીઓએ રેલીમાં જોડાઈને વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમણે અમદાવાદ કલેક્ટર કચેરીથી સાબરમતી સુધી રેલી કાઢી હતી. ૬૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવાઈ હોવા છતાં આંગણવાડી બહેનોને અત્યાર સુધી ફોન આપવામાં આવ્યા નથી તેવી રજૂઆત પણ કરી હતી.

વિરોધ કરી રહેલી મહિલાઓએ સરકારી કામની કે કોન્ટ્રાકટરની ગ્રાન્ટ ન આવે ત્યારે કામ આગળ વધતા નથી કે સ્ટાફના પગાર પણ ચૂકવતા નથી. એમ છતાંય મોટાભાગના આંગણવાડી સંચાલકો પોતે સગવડતા કરી બાળકોને આહાર પૂરો પાડે છે તેવો આક્ષેપ પણ કર્યો હતો.

# પુણેની ભીષણ આગમાં એક વૃદ્ધાનો જીવ ગયો

પુણેઃ પુણેના કોંઢવા વિસ્તારમાં રવિવારે એક રહેણાંક બિલ્ડિંગમાં લાગેલી આગમાં ૬૫ વર્ષની મહિલાએ જીવ ગુમાવ્યો હતો અને એક વ્યક્તિને સામાન્ય ઇજા થઈ હોવાનું જણાવી અધિકારીઓએ ઉમેર્યું હતું કે એનઆઈબીએમ રોડ પર સનશ્રી બિલ્ડિંગમાં ચોથા માળના ફ્લેટમાં બપોરે ત્રણ વાગ્યે આગ ફાટી નીકળી હતી અને થોડા સમય પછી ચાર ફાયર એન્જિન આવ્યા બાદ આગ કાબૂમાં આવી હતી.

સિનિયર ઇન્સ્પેક્ટર વિનય પાટણકરે આપેલી માહિતી અનુસાર ઘટના સમયે ફ્લેટમાં ત્રણ વ્યક્તિ હતી.. એક વ્યક્તિ સુરક્ષિત બહાર નીકળી ગઈ હતી જ્યારે એક ૬૫ વર્ષીય મહિલા અને એક પુરુષ એમ બે જણ ફસાઈ ગયા હતા. તેમને બચાવી લેવામાં આવ્યા હતા. જોકે, વૃદ્ધ મહિલાને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદ તેમનું મૃત્યુ થયું હતું. ફાયર બ્રિગેડના એક અધિકારીએ આપેલી જાણકારી અનુસાર ટેબલ પર મૂકવામાં આવેલા ઝગમગ દીવાથી પડદામાં આગ લાગી હતી. આગ લાગવાના કારણની તપાસ થઈ રહી છે. (પીટીઆઈ)

# બાબા આમ્ટેની સંસ્થાને દસ કરોડની સહાય

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે રહ્યું હતું કે બાબા આમ્ટે દ્વારા સ્થાપિત મહારોગી સેવા સમિતિ, ચંદ્રપુરને આપવામાં આવતી આર્થિક સહાયને પ્રતિ દર્દી ૨૨૦૦ રૂપિયાથી વધારીને ૬,૦૦૦ રૂપિયા કરવામાં આવશે.

સમિતિના ૭૫ વર્ષ થયા તેને ઉજવણી માટે આયોજિત જાહેર કાર્યક્રમમાં ફડણવીસે ૧૦ કરોડ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે બાકીના ૬૫ કરોડ રૂપિયા અન્ય માધ્યમથી ઊભા કરવામાં આવશે.

મહારોગી સેવા સમિતિ, વારોરા (એમએસએસ) દ્વારા લેપ્રસી, દૃષ્ટિહીન, શારીરિક ખોડખાંપણ ધરાવતા, શ્રવણ અને બોલી ન શકતા તેમ જ સામાજિક અને આર્થિક રીતે પછાત અને આદિવાસી લોકોની સેવા કરે છે.

એમએસએસને લેપ્રસીના દર્દીઓની સેવા માટે કરેલા કામ માટે અનેક એવોર્ડ મળ્યા છે, જેમને એક સમયે અસ્પૃશ્ય માનવામાં આવતા હતા. પુનર્વસનનું કામ સમય સાથે વધ્યું છે અને આમ્ટે પરિવારની ત્રીજી પેઢી આ કામ આગળ ધપાવી રહી છે, એમ ફડણવીસે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે વિકાસ આમ્ટે (બાબા આમ્ટેના પુત્ર) દ્વારા એવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી કે ૭૫ વર્ષ પૂરા થયા હોવાથી સમિતિ પાસે ૭૫ કરોડ રૂપિયાનું કોર્પસ ફંડ હોય. હું મારા અધિકારક્ષેત્રમાં ૧૦ કરોડ રૂપિયા આપી શકું છું. બાકીનું ભંડોળ અન્ય માધ્યમથી ઊભું કરી શકાશે. જેને માટે હું અન્ય પ્રધાનો અને અધિકારીઓ સાથે બેઠક કરીશ, એમ પણ તેમણે કહ્યું હતું.


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૫૩૬૧)

### ૧૨. યાત્રા સહેલગાહ

**સ્પેશલ ડિસ્કાઉન્ટ**
કૈલાશ માનસરોવર યાત્રા, નેપાળ મુક્તિનાથ યાત્રા યશસ્વીની ટ્રાવેલ 9969531161. (૧૫૫૯૬/એ)

### ૧૪. નોકરી ખાલી છે

**■ જોઈએ છે મહિલા/પુરુષ કુક સુંદરવન, સિટિમોલ નજીક, અંધેરી (પશ્ચિમ)માં વય ૨૫-૪૫, નજીકના વિસ્તારમાંથી પ્રથમ પસંદગી. સંપર્કઃ ૮૭૭૯૬૫૧૮૧૯. (સ. ૯ ક.થી સાંજે ૫ ક.). (૧૫૫૭૬-એ)**

**''લેડી જોઈએ''**
**દહિસર (ઈસ્ટમાં) - પાર્ટ/ફુલટાઈમ મહેનતુ, સ્વતંત્ર હાર્ડવેર રિટેલ દુકાન સંભાળી શકે - 9820120537. (૧૫૫૯૦/એ)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૧. નાણાંકીય

**ZERO MARGIN**
**Low Margin, Low Brokerage, Trade in Nifty, Bank Nifty, Stock, Commodity. Call 9833009385. (B-15529)**

FUNDING / LOAN
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15478-A)

PRIVATE FUND AVAILABLE (50cr-1000cr) Pan India all Industry. Disbursement within 15 days. Genuine Clients Please Call Mr. Goves-9920689842. (B-15513)

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**
**By Civil Engineer Dr. Fixit Applicator Licensed Plumber. Mob. 9833521709. (B-15525)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૪૪)

### ૪૭. હેલ્થ અને ફિટનેસ

**"FOR FAMILY.."**
"Body Massage" Rs. 500/- at your Home Service.. Contact - 8070559922. (B-15550)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૪૯૨)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


આઠમા પાનાનું ચાલુ

## કરોડોના ગાંજાની

બેગો મળી હતી, જેમાં એરટાઇટ પેકેટ્સમાં ૮૧૫૫ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આથી બંને પ્રવાસી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. બંને પ્રવાસી કોની પાસેથી આ ડ્રગ્સ લાવ્યા હતા અને મુંબઈમાં તેઓ કઇ વ્યક્તિ સુધી તે પહોંચાડવાના હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે એઆઇયુની ટીમે શુક્રવારે રાતે એરપોર્ટ પર સુરતના સચિન ખાતે રહેનારા ચાર જણની ૧૩.૯૨ કરોડના ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. ચારેયની ઓળખ પ્રવીણકુમાર સિંહ, સૂરજ ઉપાધ્યાય, શિવમ યાદવ અને મયંક દીક્ષિત તરીકે થઇ હતી. તેઓ પણ બેંગકોકથી આવ્યા હતા અને તેમની પાસેથી ડ્રગ્સ મળી આવ્યું હતું.

## કોસ્ટલ રોડ

આથી કાર ડિવાઇડર સાથે ટકરાઇ હતી અને બાદમાં ઊંધી વળી ગઇ હતી. આ અકસ્માતમાં ગાર્ગી અને ડ્રાઇવર સંયમને ઇજા પહોંચી હતી. ઘવાયેલાં બંને જણને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં, જ્યારે સારવાર દરમિયાન ગાર્ગીને મૃત જાહેર કરવામાં આવી હતી. ડ્રાઇવર સંયમ હાલ સારવાર લઇ રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન અકસ્માતની જાણ થતાં તાડદેવ પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. આ અકસ્માતમાં કારને ખાસ્સું નુકસાન થયું હતું અને તેને કારણે કોસ્ટલ રોડ પર અમુક સમય સુધી ટ્રાફિક જૅમ સર્જાયો હતો. અકસ્માતગ્રસ્ત કારને ત્યાંથી હટાવવામાં આવ્યા બાદ વાહનવ્યવહાર પૂર્વવત થઇ ગયો હતો.

## પશ્ચિમ રેલવેનું

રિપ્લેસમેન્ટ પ્રોજેક્ટ, ટીમે બેલાસ્ટ રિટેનર સાથે પ્રત્યેક ૧૧, ૫૬૫ એમએમ લંબાઈ અને ૬૫૦ એમએમ ઊંડાઈના ૧૦ પીએસસી સ્લેબ બેસાડ્વાની કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. આ કાર્ય માટેના ક્રેનને ત્રણ ટ્રેક પર જ રાખવી પડે તેમ હતી, જ્યારે ઓવરહેડ ઇલેક્ટ્રિકલ ઇક્વિપમેન્ટ (ઓએચઈ) ને દૂર કરવાની આવશ્યકતા હતી. એક કરતા અનેક પડકારો હોવા છતાં ટીમે ઝીણવટપૂર્વક આયોજન અને ચોકસાઈ સાથે કાર્યને અસરકારક રીતે પાર પાડ્વામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. શનિવારે રાતના દસ વાગ્યાથી આજે સવારના ૧૧:૦૦ વાગ્યા સુધી ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન વચ્ચે અપ અને ડાઉન બંને ફાસ્ટ લાઇનમાં ૧૩ કલાકનો મેજર બ્લોક લેવામાં આવ્યો હતો, જેમાં સેંકડો ટ્રેનો રદ્દ કરવામાં આવી હતી, જ્યારે અમુક ટ્રેનોને આંશિક રીતે રદ્દ કરવાને કારણે ભીડવાળી ટ્રેનોમાં ટ્રાવેલ કરવામાં પ્રવાસીઓને પરેશાની ભોગવવી પડી હતી.

## સાકીનાકા પોલીસની

ધરપકડ કરાઇ હતી. આરોપીઓએ પૂછપરછમાં આપેલી માહિતીને આધારે તેમના સૂત્રધાર વિશે તપાસ કરતાં તે નવથી વધુ સિમકાર્ડ અને ત્રણ મોબાઇલ વાપરતો હોવાનું જાણવા મળ્યું હતું. તે ઉત્તર પ્રદેશના લખનઊમાં હોવાની પણ માહિતી મળી હતી, જેને આધારે પોલીસ ટીમે ત્યાં રવાના થઇ હતી અને સાત દિવસ સુધી ધામા નાખીને નજર રાખી હતી. પોલીસે આઝમગઢ, વારાણસી, મિરઝાપુર અને સુલતાનપુર સુધી પીછો કર્યા બાદ તેને લખનઊથી તાબામાં લીધો હતો. આરોપીની ઓળખ મહંમદ ગૌસ ઉર્ફે મોનુ ઇદ્રિસી તરીકે થઇ હતી. ઇદ્રિસીની પૂછપરછ કર્યા બાદ પોલીસ ટીમે લખનઊના ગૌમતીનગરમાં રહેતા અખિલેશ પ્રતાપ સિંહને ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ પોલીસને બાદમાં લખનઊના ગોસિયાગંજ ખાતેના શિવલાર ચૌરાહા ખાતે ડ્રગ્સ બનાવતા કારખાના સુધી દોરી ગઇ હતી. પોલીસે એ કારખાનામાં રેઇડ પાડીને ૧૦.૧૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડ્યું હતું.

## દિલ્હીના ચૂંટણી

લોકોને અપીલ કરી હતી. એટલું જ નહીં અન્નાએ કેજરીવાલ પર તીખા પ્રહારો પણ કર્યા હતા અને જણાવ્યું હતું કે નેતા હંમેશા નિસ્વાર્થ, નમ્ર, ઇમાનદાર હોવો જોઇએ. લોકલાડીલા બનવા માટે આ ગુણ જરૂરી છે. ભાજપ સામે લડવા માટે

શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેએ એકબીજા સાથે હાથ મેળવ્યા ત્યારે કેજરીવાલે તેમનું સમર્થન કર્યું હતું. જ્યારે મહારાષ્ટ્માં ઑપરેશન લોટસ ચલાવ્યું અને ઠાકરે સેના અને શરદ પવારની એનસીપીને વિભાજિત કરી ત્યારે આપના નેતાઓએ ભાજપના માથે માછલા ધોયા હતા. આ ઉપરાંત પણ દિલ્હીમાં કેજરીવાલ અનેક મોરચે ભાજપનો અને કેન્દ્ર સરકારનો વિરોધ કરવામાં મોખરે રહ્યા હતા. કેન્દ્ર સરકારે જ્યારે અધિકારીઓની ટ્રાન્સફર અને નિમણૂક માટે ઑથોરિટી બનાવવા વટહુકમ બહાર પાડ્યો ત્યારે આ વટહુકમના વિરોધમાં અન્ય વિપક્ષોનું સમર્થન મેળવવા માટે કેજરીવાલ મહારાષ્ટ્રમા પણ ઉદ્ધવ ઠાકરેને માતોશ્રી ખાતે અને શરદ પવારને પણ મળ્યા હતા.

## ગણપતિ બાપ્પાનું

કે કોઈ પણ ઓથોરિટી મૂર્તિકારોને વિશ્વાસમાં લીધા નહોતા. અમને સાંભળ્યા વિના પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ મૂકી દીધો છે. હવે માઘી ગણેશજયંતિ નિમિત્તે સ્થાપવામાં આવેલી ઉપનગરમાં મલાડ, કાંદિવલી સહિત ઉપનગરમાં બાવીસ મંડળોની પીઓપીની ગણેશમૂર્તિના વિસર્જન કોર્ટના આદેશને પગલે થઈ શક્યા નથી. આ તમામ મંડળોની મૂર્તિ ફરી પાછી મંડપમાં મૂકી દેવામાં આવી છે. પ્રશાસન તરફ નારાજગી વ્યક્ત કરતા પ્રશાંત દેસાઈએ વધુમાં કહ્યું હતું કે સાત દિવસના ગણપતિની મૂર્તિનું વિસર્જન થયું નથી અને હવે ૧૧ દિવસના ગણેશમૂર્તિના વિસર્જનનો સમય પણ આવી ગયો છે. અમે હવે આ મુદ્દે રાજ્ય સરકાર પાસે મદદની અપીલ કરવાના છીએ. મુખ્ય પ્રધાનને રવિવારે આ બાબતે પત્ર લખ્યો હતો અને હવે સોમવારે પણ ફરી મુખ્ય પ્રધાનને આ બાબતે ઘટતું કરવાની અપીલ કરવાના છીએ. જો સરકાર અમારી પડખે નહીં આવી તો અમે જનઆંદોલન કરવાનો નિર્ણય લીધો છે અને આ આંદોલન અમારું કાંદિવલીથી શરૂ થશે. મલાડ, કાંદિવલી સહિત પશ્ચિમ ઉપનગરમાં લગભગ બાવીસ મંડળોની પીઓપીની મૂર્તિના વિસર્જન અટકી ગયા છે. કાંદિવલી ચારકોપમાં આવેલા ગણેશમંડળમાં છેલ્લા ૧૦ વર્ષથી માઘી ગણેશોત્સવનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મંડળના પદાધિકારીના જણાવ્યા મુજબ આ વર્ષે પણ સાત દિવસના માઘી ગણેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યા બાદ સાતમા દિવસે ગણેશમૂર્તિનું વિસર્જન કરવા માટે તેને માર્વે લઈ જવામાં આવી રહી હતી. જોકે પોલીસ દ્વારા અમને માર્વેમાં વિસર્જન માટે રાતના સમયે જતા અટકાવવામાં આવ્યા હતા. પોલીસના કહેવા મુજબ અમે માર્વેને બદલે અન્ય કૃત્રિમ તળાવમાં મૂર્તિનું વિસર્જન કરવું. અમે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવા માગતા નથી. પરંતુ જ્યારે પીઓપીની મૂર્તિ બનાવવામાં આવી ત્યારે જ પાલિકા દ્વારા કે સરકારે કે અન્ય ઓથોરિટી દ્વારા અટકાવવામાં કેમ આવ્યા નહીં? હવે જ્યારે મૂર્તિ બનીને તહેવારની ઊજવણી થઈ ગઈ છે અને વિસર્જનનો સમય આવ્યો છે ત્યારે અમને વિસર્જન કરતા અટકાવવામાં આવ્યા છે તે અયોગ્ય કહેવાય. અમારા મંડળની મૂર્તિ અમે પાછી અમારા મંડપમાં લઈ આવ્યા છીએ. અમે પરંપરાગત રીતે મૂર્તિનું વિસર્જન કરવા માગીએ છીએ. હવે તે રાજ્ય સરકાર અને પાલિકાની જવાબદારી છે કે અમે મૂર્તિનું પરંપરાગત રીતે કેવી રીતે વિસર્જન કરીએ છીએ. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે કોર્ટના આદેશ મુજબ માઘી ગણેશોત્સવ માટે છ જાન્યુઆરી, ૨૦૨૫ના નિયમ મુજબ મંડળોને મંજૂરી આપતા સમયે તેમને સૂચનાનું પાલન કરવાનું કહેવામાં આવ્યું હતું, જેમાં મંડળો પાસેથી પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી)નો ઉપયોગ નહીં કરવાનું લેખિતમાં પણ લેવામાં આવ્યું હતું. હાઈ કોર્ટના આદેશ મુજબ પીઓપીની મૂર્તિઓના વેચાણ અને નૈસર્ગિક જળસ્રોતમાં વિસર્જન પર પ્રતિબંધ છે. મૂર્તિઓના વિસર્જન માટે વોર્ડ સ્તરે કૃત્રિમ તળાવ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા છે. આર-મધ્ય વોર્ડ ગોરાઈ જેટ્ટીમાં નૈસર્ગિક વિસર્જન સ્થળ પર પ્રતિબંધ હોવાને કારણે મહારાણા પ્રતાપ ઉદ્યાન અને સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનમાં કૃત્રિમ વિસર્જન સ્થળ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યાં છે. કૃત્રિમ તળાવના વિસર્જન સ્થળો ૧૧ દિવસના વિસર્જન બાદ પણ વધુ બે દિવસ માટે ચાલુ રાખવાની સૂચના તમામ ડેપ્યુટી કમિશનરોને આપવામાં આવી છે.

## હિન્દુ મરણ

**દશા મોઢ માંડલિયા વણિક**
અમદાવાદ સેટેલાઇત નિવાસી ઉર્મિલાબેન ચંદ્રકાન્તભાઈ શાહ, (ઉં.વ ૮૨), સ્વ. ચંદ્રકાન્તભાઈ છબીલદાસ શાહના પત્ની, નીના, નીરવ, નીરજના માતુશ્રી, નિર્મળી, નિશમાં, નિજા, નીરનાની દાદી, નીતા, નિધિ, રાજેશકુમારના સાસુ, ચાંદની, શિવાનીના નાની ૭/૨/૨૫ શુક્રવારના અક્ષરનિવાસી થયા છે. લૌકિક વ્યવહાર નથી.

**કચ્છી રાજગોર**
ગામ સુથરી હાલે ડોમ્બિવલીના સ્વ. મનીષા નીતિન નાકર (ઉં.વ.૫૭) ગં. સ્વ. રમણબાળા ભાઈલાલ નાકરના પુત્રવધુ નીતિન ભાઈલાલ નાકરના પત્ની તે નિર્મળા નરેશ નાકર, વાસંતી વિનોદ નાકર, ભાવના પ્રમોદ નાકરના દેરાણી, હેમલતાબેન કેશવાણીના ભાભી, સુરભીના માતા, તે ગં. સ્વ. સુભદ્રા સદાશિવ જોશીની દીકરીની પ્રાર્થનાસભા તા.૧૦/૦૨/૨૫ ને સોમવારના સાંજે ૪.૦૦ થી ૫.૩૦ રાખેલ છે. સ્વામિનારાયણ મંદિર રાજાજી પથ, ડોમ્બીવલી પૂર્વ.

**લુહાર સુથાર**
ગામ ગરાળ હાલ કાંદીવલી - મુંબઈના રહેવાસી સ્વ. લિલાવંતીબેન ગોવિંદભાઈ પરમાર ના પુત્ર વિનોદભાઈ પરમાર (ઉ.વર્ષ ૫૭) તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજ શ્રીજી શરણ પામ્યા છે. તેઓ પુજાબેન ના પતિ, દિપકભાઈ, ભીખાભાઇ, માનુબેન જયંતિભાઈ, હેમચંદભાઈ, જીવરાજભાઈ, પ્રવિણભાઈના ભાઈ, ગં.સ્વ મોતીબેન બાલુભાઈ સિધપુરા (વણકબારા)ના જમાઈ, ધ્રુવલ અને આયુષીના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા.૧૦/૦૨/૨૫ ના સોમવારે સાંજે ૫ થી ૭ કલાકે લુહારસુથાર વેલફેર સેન્ટર, બોરીવલી (પૂર્વ), મુંબઈ -૪૦૦ ૦૬૬ માં રાખેલ છે.

**પરજીયા સોની**
બાબરાવાળા હાલ કાંદિવલી સ્વ. ભીમજીભાઈ માણસુરભાઈ જવેરી ના ધર્મપત્ની ગં. સ્વ હંસાબેન (ઉં.વ.૮૨) તે સ્વ. દુર્લભભાઈ રણછોડભાઈ સાગર ના દીકરી, સ્વ. ભરત તથા રાજેશ ના માતુશ્રી, ભારતી તથા સંગીતાના સાસુ, ચેતન, નિશા, યશ ના દાદી. ૭/૨/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની સાદડી ૧૦/૨/૨૫ ના રોજ ૪.૩૦ થી ૬.૦૦ કલાકે સોની વાડી બોરીવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**
ગામ મોદાવાળા હાલ બોરીવલી સ્વ તરવેણીબેન તથા સ્વ. રતિલાલ કરશનભાઈ મકવાણા ના પુત્ર અનિલભાઈ (ઉં.વ.૪૩) તે ૭/૨/૨૫ ના રોજ શ્રીજીશરણ થયેલ છે. તે નારણભાઇ, નરેશભાઈ, અમરીશભાઈ, કિશોરભાઈ, ભરતભાઈ, શોભાબેન મનોજભાઈ જીલકાના ભાઈ, ઉષા, મોસમી, લાભુ, સુધા, જ્યોતિના દિયર, જીતેન, નિશા, ચાંદની, ધ્રુવી, તોરલ, પાર્થના કાકા, ગામ જોલાપર હાલ બોરીવલી અમૃતલાલ ગોવિંદભાઇ પીઠવાના ભાણેજ. પ્રાર્થનાસભા ૧૦/૨/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વાડી, કાર્ટરરોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**પરજીયા સોની**
ચાંદગઢ નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ ભાનુબેન સરસ્વતીબેન ભગવાનદાસ ધકાણ (ઉં.વ.૮૮) તે ગં.સ્વ જાસ્મીન પ્રકાશ સુરૂ, અનિલ, દિલીપ, દિનેશના માતુશ્રી, ભાવના, સોનલ, રિટાના સાસુ, અર્જુન, ઉર્ઝા, આયુષી વીરેન સાગર, આયુષ, જાનવી, નિષ્ઠા, મીત ના દાદી, ભાતેલવાળા સ્વ. નથુભાઈ લક્ષ્મણભાઈ વાયાના દીકરી. તે ૬/૨/૨૫ ના રોજ અક્ષર નિવાસી થયેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૦/૨/૨૫ ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨ કલાકે સોનિવાડી, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**લુહાર સુથાર**
નરેન્દ્રભાઈ નાનજીભાઈ પરમાર (ઉં.વ.૬૨) તે ગામ રાજુલાવાળા હાલ કાંદિવલી શોભાબેનના પતિ, સ્વ. હેમલતા નાનજીભાઈ પરમારના દીકરા, વિવેક તથા ભૌમિકના પિતા, અંપાશી (ભાવિકા) વિવેક પરમારના સસરા, ધારગણી નિવાસી લાભુબેન નાનજીભાઈ વાળાના જમાઈ. ધીરેન્દ્ર, જીતેન્દ્ર, સુરેન્દ્ર, સ્વ. ઇન્દુબેન (જ્યોત્સનાબેન) શાંતિલાલ હરસોરા, કુંદન નાગજીભાઈ કવા, હંસા ભીખાભાઇ પટોળીયાના ભાઈ. ૭/૨/૨૫ ના રોજ રામશરણ પામેલ છે. તેમની સાદડી ૧૦/૨/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩,અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઇસ્ટ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**
કુમારી જયાબેન વીઠ્ઠલદાસ તન્ના મુળ ગામ કાલાવાળ સામાણી હાલ કાંદિવલી ના સ્વ.વાલીબેન વીઠ્ઠલદાસ સુંદરજી તન્નાના સુપત્રી (ઉં.વ.૮૭) તે હસમુખભાઇ, રમીલાબેન તથા શ્વેતા દિપકકુમાર દાવડાના મોટાબેન તે પ્રવિણાબેનના નણંદ, તે ધર્મીષા જીગર ગોકાણી, ઉર્વશી કર્નલ ઠાકર તથા જેસલ જીગર નથવાણીના ફઈબા, તે અમરસીભાઈ તથા ચંદુલાલ રામજી પાંઉના ભાણેજ તા. ૮-૦૨-૨૫ના શનિવાર ના રોજ શ્રીજીચરણ પામેલ છે તેમના પ્રાર્થનાસભા તા. ૧૦-૦૨-૨૫ સોમવાર સાંજે. ૫ થી ૭ રાખેલ છે. ઠઠાઈ ભાટીયા હોલ નં. ૫, નમહ હૉસ્પિટલની સામે, શંકરલેન કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંદ છે.

**કચ્છ વાગડ લોહાણા**
ગામ અંજાર હાલ વિક્રોલી અ. સૌ. કલ્પનાબહેન (ઉં. વ. ૬૨) તે શુક્રવાર તા. ૭-૨-૨૫ના શ્રીજીમહારાજના ધામમાં ગયેલ છે. તે ગીરીશ વિઠલદાસ પૂજારાના ધર્મપત્ની. તે વર્ષા નવિન પૂજારાના દેરાણી. તે સુશીલા હસમુખલાલ મિરાણીના ભાભી. તે વંશના માતુશ્રી. તે સ્વ. અમૃતબેન ધનજી મોતીચંદ રામાણીના પુત્રી. ગામ ખારોઇના તે સ્વ. જશોદાબેન, ગં. સ્વ. હંસાબેન, નિર્મલા, જગદીશ, તારા, હંસા, ગં. સ્વ. કુંદનબહેનના બહેન. તે મીના જગદીશ રામાણીના નણંદની પ્રાર્થનાસભા તા. ૧૦-૨-૨૫ના સાંજે ૫થી ૬. ઠે. જૈન મંદિર હોલ, વી.કે.સી. ઇંગ્લિશ સ્કૂલ પાસે, ભારતનગર, વિક્રોલી (ઇસ્ટ)માં બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**
કરાચીવાળા સ્વ, પ્રભુદાસ હરજીવન ખખ્ખર, સ્વ. માણેકબેનના નાની દિકરી કીરીટનાબેન (ઉં.વ.૭૫) તા. ૭-૨-૨૫ ના શ્રીજીચરણ પામેલ છે,તેઓ પ્રીતિબેન તથા કીરણબેનના નણંદ,નવિનભાઇ, પ્રમોદભાઈ, સ્વ, સુર્યાબેનના નાના બેન, પ્રિતેશના માતાશ્રી, સમીર, ઇશા, રોનક, અમિત, મેઘાવીના ફૈબા રહેઠાણ ડોમ્બીવલી મુકામે, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**
મૂળ ગામ પોરબંદર હાલ કાંદિવલીના રહેવાસી મુક્તાબેન કેશવલાલ મજીઠીયા (ઉ.વ. ૮૬), તે સ્વ. કેશવલાલ જમનાદાસ મજીઠીયાના ધર્મપત્ની, તે સ્વ. મણીબેન રતનશી રૂપારેલીયાના સુપુત્રી, તે ભરતભાઈ, ઈલાબેન ભરત રાયચુરા, કિશોરભાઈ, જયેશભાઈના માતુશ્રી, તે હીના, જાગૃતી, વંદનાના સાસુ, તે જસ્મીન, પ્રિતી કેતન સોમૈયા, દીપ, મીતના દાદી, હાદીકા પુનીત ચંદારાણા, સમર્થના નાની, તે તા. ૯-૨-૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦-૨-૨૦૨૫ના સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્થળ-હાલાઇ લોહાણા મહાજનવાડી, ત્રીજે માળે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૬૭.

**વિશા લાડ વણિક**
સ્વ. કુસુમબેન કાન્તીલાલ દલાલના પુત્ર અનીલ (ઉં. વ. ૭૪) તે સ્વ. નયનાના પતિ. વૈશાલી અપૂર્વ મહેતા, સ્વ. માધવીના પિતા. અપૂર્વ બીપીનચંદ્ર મહેતાના સસરા. સ્વ. વિશાખા નવનીતલાલ કાપડીયા, સ્વ. રશ્મી નરેશકુમાર શાહ, ગં. સ્વ. રેણુકા મારફતીયા, કિશોરભાઇ, સ્વ. બંકીમના ભાઇ. સ્વ. ગીતાબેન કાંતિલાલ શાહના જમાઇ. તનીશા અને સૌમ્યના નાનાજી. તા. ૯-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**વાગડ વિ.ઓ.જૈન**
ગામ સામખીયારીના વાલીબેન રતનશી હેમરાજ ગડા (ઉં.વ.૯૭) બુધવાર, તા. ૫-૦૨-૨૦૨૫ મુંબઇ મધ્યે અ.પા. છે. સ્વ. રૂપાબેન હેમરાજ રૂપા ગડાના પુત્રવધૂ. સ્વ. રતનશી હેમરાજના ધર્મપત્ની. ભચાઉના ડાઇબેન હેમરાજ સવા છેડાની દિકરી. પ્રેમજી અમૃતલાલ, કાંતીલાલ, અવચર, સ્વ. નાનજી, જગશી, જવેર, નામા, પાર્વતી, સ્વ. લક્ષ્મીના માતુશ્રી. પ્રાર્થના સમયઃ બપોરે ૩.૦૦ થી ૪.૩૦. પ્રાર્થના સ્થળઃ પ્યુપીલ્સ સ્કુલ, એસ.વી. રોડ, ખાર (વે.). પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે, લૌકીક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ.જૈન**
ગામ ખારોઇના મણિલાલ નાનજી નરશી ફુરીયા (ઉં.વ.૮૧) શનિવાર, તા. ૮-૨-૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ખેતઇબેન નાનજી નરશી ફુરીયાના સુપુત્ર. રમિલાબેનના પતિ. ગીતા, શર્મિષ્ઠા, મનોજ, નલિનીના પિતા. ધીરજ, ચુનીલાલ, જ્યોતિ, પ્રકાશના સસરા. નેમિલ, વત્સલના દાદા. મનફરાના કારીયા વેજીબેન અરજણ કુંભાના જમાઇ. પ્રા.સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વેસ્ટ). પ્રા.ટા.: સવારે ૧૦.૩૦ થી ૧૧.૪૫. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
વઢવાણ શહેર નિવાસી હાલ મલાડ સ્વ. સુરેશભાઈ ખીમચંદ શાહના પત્ની ઉર્મિલાબેન, (ઉં. વ.૭૮) તા. ૯/૨/૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ચિ. ચિંતન, ચિ. કેતકી, ચિ. પૂર્વીના માતૃશ્રી, ચિ. ઉર્વી, અમિતભાઈ હિંમતલાલ શાહ, કિરણભાઈ રતિલાલ શાહના સાસુ, બીપીનભાઈ, ડોક્ટર નીતિનભાઈ, સ્વ. નલીનીબેન નિખિલભાઇ પારેખના ભાઈના પત્ની, પિયર પક્ષે સ્વ. દિનેશભાઈ ગંભીરભાઈ ડગલી, ઉર્વિશભાઈ ગંભીરભાઈ ડગલીના બેન, ચિ. ભવ્ય, તન્વી, માહી, સાનવીના દાદી/નાની. પ્રાર્થનાસભા, લૌકીક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
દેવપુરના સુરજ ગાલા (ઉ.વ. ૨૬) તા. ૮-૨-૨૫ના અવસાન પામેલ છે. હીરબાઇ રતનશી કાનજીના પૌત્ર. દિપ્તી ખેમરાજના સુપુત્ર. અંજલીના ભાઇ. બેરાજાના જવેરબેન લાલજી મેઘજી કાનજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ખેમરાજ રતનશી ગાલા, નુર મહેલ, ૩જો માળો, રૂમ નં. ૩૩, તાડદેવ, મુંબઇ-૪૦૦૦૩૪.

રતાડીયા (ગણેશવાલા) ના શાંતિલાલ ગડા (ઉં.વ.૬૧) તા. ૮-૨-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન રણસી નાગસી ગાંધી (ગડા)ના સુપુત્ર. સ્વ. સાકર વલમજી, સ્વ. ગીરીશના ભાઈ. બગડાના બુધ્ધીબાઇ રામજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : વલમજી ગડા, સી/૨, આદર્શ નગર, ન્યુ લિંક રોડ, દાહાણુકર વાડી, કાંદીવલી (વેસ્ટ).

મોટા લાયજાના જયંતીલાલ ગડા (ઉ. વ.૭૯) તા. ૭-૨-૨૫ ના અવસાન પામેલ છે.દેવકાબેન વિજપારના સુપુત્ર. જ્યોતિના પતિ. ડો. નીતા, હર્ષા, નેહા, મમતા, નમ્રતાના પિતા. શાંતિલાલ, કાંતિલાલ, કોડાય અમૃતબેન મણીલાલ, લાયજા જવેરબેન કાંતિલાલ, ભુજપુર જ્યોતિ હસમુખના ભાઇ. ડોણ વાલબાઈ રતનશી કોરશીના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે).ટા. ૪-૫.૩૦.

મોટી ઉનડોઠના વીરજી કુંવરજી ખીમસરીયા (ઉં.વ. ૯૬) ૮-૨-૨૦૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ કુંવરજીના પુત્ર. વાલબાઇના પતિ. નિર્મળા, જયવંતી (દમયંતી), અશ્વિન, મીના, ભુપેન્દ્ર, દિનેશ, કુ. જ્યોત્સનાના પિતા. કલ્યાણજીભાઇ, મોરારજીભાઇ, નવલબેન, દમયંતીબેનના ભાઇ. દેઢીયાના આસબાઇ ખેતશી પાસડના જમાઇ. પ્રાર્થના સ્થળ : પી.પી. ચેમ્બર્સ, શહીદ ભગતસિંહ રોડ, ભાનુનગર, ડોંબીવલી (ઇ.) ટાઇમ : ૩ થી ૪.૩૦.

**સ્થાનકવાસી જૈન**
બગસરા નિવાસી હાલ બોરીવલી સ્વ. દયાકુંવર નાનાલાલ ગાઠાણી ના પુત્ર મનોજભાઈ (મગનલાલ) (ઉં.વ. ૮૦) તે ૮/૨/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. શોભના ના પતિ, ભાવિકા ઉલ્લાસકુમાર દોશી, મિનેષ-મીતા, પરીન-ભૂમિ ના પિતા, સ્વ. રસિકભાઈ, ચંદ્રકાંતભાઈ, નવનીતભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ. અરુણાબેન, સ્વ. વીણાબેન, સુનંદાબેન, ચંદ્રિકાબેન, સ્વ. સરલાબેન ના ભાઈ, સ્વ. અમૃતલાલ નાથાલાલ દોશીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૧૦/૨/૨૫, ટા.૩ થી ૪.૩૦ કલાકે સ્થાનાકવાસી જૈન ઉપાશ્રય, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

## પારસી મરણ

જેમી પાલનજી તવડીયા તે મરહુમો ગુલબાઇ તથા પાલનજી એદલજી તવડીયાના દીકરા. તે મરહુમો હોમી, અદી, ધનજીશા, કેકી ને શેહેરૂ પરવેઝ ભેંસાનીયાના ભાઇ. તે બેહેરામ તવડીયા, હોશી તવડીયા ને વીરાફ તવડીયાના કાકા. તે ઝીનોબીયા મોદી ને વીરાફ ભેંસાનીયાના મામા. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૧૮, સુરતી ચેમ્બર્સ, પહેલો માળ, બીજો ધોબીતળાવ લેન, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૨-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે અંજુમન આતશ બેહેરામ, ધોબીતળાવ, મુંબઇ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**
પોરબંદર નિવાસી હાલ કાંદિવલી સ્વ. તુલસીદાસ હેમચંદ શાહના પુત્ર દિનેશભાઈ (ઉં.વ.૭૯) તે ૮/૨/૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સોનાબેનના પતિ, હરિતા તથા મેહુલના પિતા, રિપુલ તથા કિંજલના સસરા, સ્વ. ગુણવંતિબેન ચંપકલાલ શાહ કલકત્તાના જમાઈ, ભાવયાત્રા ૧૦/૨/૨૫ ના રોજ ૩ થી ૫ કલાકે પાવનધામ મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**સ્થાનકવાસી જૈન**
રાજકોટ નિવાસી હાલ મુંબઈ અશોકભાઈ અશ્વિનભાઇ મહેતા (ઉમરઃ૭૬) તે ૮/૨/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. લીલમબેન અશ્વિનભાઇ મણિલાલ મહેતા ના પુત્ર, સાવરકુંડલાવાળા ચત્રભુજ માણેકચંદ મહેતા ના જમાઈ, રેખાબેન (રેણુકા) ના પતિ,જિજ્ઞેશ ના પિતા, શીતલ ના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
ગોરસ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મણીબેન રામચંદ શાહના સુપુત્ર. શાંતિલાલ રામચંદ તે મંજુલાબેનના પતિ. સ્વ. ધીરજલાલ તથા સ્વ. વસંતબેન કાંતિલાલ દોશી (જેસરવાળા)નાં ભાઇ. નરેન્દ્ર, સંજય, ઇલા, મીનાના પિતાશ્રી. શિલ્પા, ફાલ્ગુની, શૈલેશકુમાર બચુભાઇ દાઠાવાળા, પરેશકુમાર હિંમતલાલ સાવરકુંડલાવાળાના સસરા. પરમાનંદદાસ દુર્લભદાસ દોશીના જમાઇ (તળાજાવાળા) તા. ૬-૨-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પિતૃવંદના તા. ૧૦-૨-૨૫નો સોમવારના સમય સવારે ૧૦થી ૧૨. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ),લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા ઓશવાળ જૈન**
અમરેલી નિવાસી છબીલદાસ ગુલાબચંદ શાહ (ઉં. વ. ૯૫) શુક્રવાર તા. ૭-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પિયુષભાઇ, અનસુયા રોહિતકુમાર, હર્ષા પ્રવીણકુમાર, ભારતી પ્રદીપકુમારના પિતાશ્રી. દર્શનાના સસરા. અણમોલ, જીનલના દાદા. સ્વ. ઉત્તમચંદભાઇ સ્વ. કાન્તિલાલભાઇ, સ્વ. જમનાદાસભાઇ તથા સ્વ. ભાનુમતીબેન શરદચંદ્રના ભાઇ. સ્વસુરપક્ષે સિહોરવાળા સ્વ. જેઠાલાલ સાકરચંદ શાહના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે. ઠે. હેમેન્દ્ર જમનાદાસ શાહ, ૨૫૮ નરશી નાથા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૯.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
દુદાણા નિવાસી હાલ મુલુંડ સ્વ. હઠીચંદ બેચરદાસ મહેતાના સુપુત્ર પ્રભુદાસભાઇ (ઉં. વ. ૯૨) તે સ્વ. કીરણલક્ષ્મી (કુસુમ)બેનના પતિ. ભારતી (ભાવના), પંકજ, શૈલેષના પિતાશ્રી. રીટા, વર્ષા (ઉષા) ડો. રજનીકાન્તના સસરા. સ્વ. ગુણવંતભાઇ, સ્વ. નવીનભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, અનિલભાઇ, મંજુલાબેન, સ્વ. રમીલાબેન, સાધ્વીજી વર્ષરસાશ્રીજી મ. સા., કુસુમબેનના ભાઇ. જીનાલી, ધ્વનીના મોટા સસરા. તા. ૮-૨-૨૫ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. પિયર પક્ષે સ્વ. નાનાલાલ વિઠ્ઠલદાસ પરીખ (ઘોઘા). ઠે. સી-૫૦૧, વર્ધમાનનગર, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
દામનગર નિવાસી હાલ મીરા રોડ સ્વ. કાંતાબેન પરમાણંદદાસ અદાણીના સુપત્ર હસમુખભાઈ (ઉં. વ.૮૫) તા. ૬/૨/૨૫ને ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે શશીકલાબેનના પતિ. અ.સૌ. ચેતના નિપુલ, નીતા મેહુલ, પારૂલ ભાવેશ, રીટાબેન રાજેશકુમાર શાહના પિતા. ગૌરવ, દૃષ્ટિ, ખુશી, શ્રૈયા, અંકીત શાહ ધ્રુવ શાહના દાદા. કાનપર (ઉમરાળા) નિવાસી પ્રેમચંદ તારાચંદ શાહના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦/૨/૨૫ને સોમવારે સવારે ૧૦થી ૧૨ રાખેલ છે. ઠે. : શ્રી સ્થાનકવાસી વર્ધમાન ઉપાશ્રય, સેક્ટર નં. ૬ ગુરુદ્વારાની સામે, મીરા રોડ (ઇસ્ટ).


**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**
લીંબડી નિવાસી હાલ મીરારોડ ઈસ્ટ લાલચંદ ગોવિંદજીવાળા, સ્વ. વિમળાબેન મહેન્દ્રભાઈ હિંમતલાલ શિવલાલ શાહના સુપુત્ર શૈલેષભાઈ (ઉ.વ.૬૭) તેઓ વર્ષાબેનના પતિ. તેઓ ભાવિકા ભાવેશકુમાર શાહ અને બીજલ નાગેશકુમાર રાવના પિતાશ્રી. તેઓ સ્વ. મહાસુખભાઈ, સ્વ જીતુભાઈ, કિરીટભાઈ, સ્વ. અતુલભાઇ, સ્વ સરોજબેન હિંમતલાલ શાહ. અરૂણાબેન બીપીનકુમાર તથા રેખાબેન મહેન્દ્રભાઈના ભત્રીજા. સ્વ. જયેશભાઈ- સ્વ બિન્દાબેનના ભાઈ તથા કિયાન અને વંશિકાના નાના તેઓ સ્વ સરોજબેન કાંતિલાલ દમણીયાના જમાઈ તારીખ ૮.૨.૨૫ ના શનિવારે અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામું : એ ૪૦૧ બંસી ટાવર,શાંતિ પાર્ક, મીરા રોડ (ઇસ્ટ).

**દશા શ્રીમાળી ઝા. શ્વે. મૂ. જૈન**
બોટાદ નિવાસી હાલ વિરાર સ્વ. નિર્મળાબેન રતીલાલ શાહના પુત્ર પ્રદીપભાઈના ધર્મપત્ની મીનાબેન (ઉ.વ. ૭૨) તા. ૮-૨-૨૫, શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે ભાવિની મેહુલકુમાર મોદી, નેહા મનીષકુમાર શાહ ત્થા નીપા ગૌરાંગકુમાર શાહના માતુશ્રી, સુરેખાબેન સુબોધભાઈ, પૂર્ણીમાબેન જીતેન્દ્રભાઈ, નયનાબેન રાજેશભાઈ ત્થા સરયુબેન અવનીશકુમારના ભાભી, ત્થા પિયરપક્ષે સ્વ. ચંપકલાલ હીરાચંદ શાહની પુત્રી, લૌકિક વ્યવહાર ત્થા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**
પાલીતાણા નિવાસી હાલ ભાયંદર વેસ્ટ, સ્વ. રમણીકલાલ બેચરદાસ કપાસીના પુત્રવધૂ, મનોજભાઈ કપાસીના પત્ની નિરંજના (નીરૂ)બેન, (ઉ.વ. ૭૩) શનિવાર તા. ૮-૨-૨૦૨૫ના રોજ અરિહંતશરણ પામ્યા છે. તેઓ જશવંતભાઈ ત્થા સ્વ. જયકાન્તભાઈના ભાભી, પિયરપક્ષે માનકુંવરબેન વનમાળીદાસ સંગાણીના સુપુત્રી ત્થા ભુપેન્દ્રભાઈ, અતુલભાઈ, સંજયભાઈ ત્થા સ્વ. કોકિલાબેન, સ્વ. કુમુદબેન, ઈન્દાબેન, અનીલાબેન, હર્ષદાબેનના બેન ત્થા હેમલના મમ્મી, ત્થા નિકી, ચૈતાલી, નિશિત, આભ, ખુશ્બુ, નેહા, હીરના મોટા મમ્મી, સાદડી ત્થા લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ



## સત્યનું ઉચ્ચારણ કદાચ ન થાય, તો બીજાનાં સત્યનો સ્વીકાર કરવાનું શીખીએ





માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

*धरम न दूसर सत्य समाना । आगम निगम पुरान बखाना ।।*
*सत्य मूल सब सुक्रित । बेद पुरान बिदित मनु गाए ।।*

આપણે સાથે મળીને સંવાદ કરીશું. કોઈ ઉપદેશ નથી. આપણે સંવાદ કરીશું, કેમ કે આ શાસ્ત્ર સંવાદનું છે. જેમને સંવાદનો અભ્યાસ નથી એમને વિવાદનો સમય મળી જાય છે ! તો, ‘રામચરિતમાનસ’માં જે રૂપે સત્યનું દર્શન થાય એ તમારી સામે મૂકીને હું વાતો કરીશ. કોઈ વાત તમારા મનમાં ન બેસે તો તમે અવશ્ય સ્વતંત્ર છો. તમે પૂછી પણ શકો છો અને તમારી વાત પણ મૂકી શકો છો. આ સંવાદ છે. આ સંવાદમાં તમારું સૌનું સ્વાગત છે.

‘માનસ’ને આધારે હું આપને નિવેદન કરવા માગું છું કે એક જ સત્ય ‘માનસ’માં પાંચ રૂપમાં પ્રગટ થાય છે. સૌથી પહેલા તો સત્ય આપણા વિચારમાં હોવું જોઈએ. મારું સ્પષ્ટ માનવું છે, તમે સંમત થાવ કે ન થાવ, તમારી નિજતા પર હું જરાય પ્રહાર નહિ કરું. ક્યારેક ક્યારેક માણસ ઉચ્ચારમાં સત્ય પણ લાવે છે, એનું સ્વાગત છે, પરંતુ એના વિચારમાં સત્ય નથી હોતું ! એ મોટી સમસ્યા છે. ઘણાં લોકો મળે છે, તો ઉપર ઉપરથી તો કહે છે,‘ખુશ રહો, ખુશ રહો.’ પરંતુ અંદરથી તો એને લાગે છે કે આ મારો પ્રતિસ્પર્ધી છે! ક્યારેક વિચારમાં સત્ય નથી હોતું.

બીજું ઉચ્ચારનું સત્ય. ગાંધીબાપુને એક અભ્યાસ થઇ ગયો હતો. સત્યનું પણ એવું છે. મારી સમજ મુજબ સત્યનો પણ એવો અભ્યાસ થઇ જાય કે પછી તમે ચાહો તો પણ ખોટું ન બોલી શકો. ત્રીજું આચારમાં સત્ય. જેવું વિચાર્યું, એ બોલ્યા અને જેવું આપણે બોલ્યાં એવું જ કરી બતાવ્યું. બહુ કઠિન છે. આ મારગ જ કઠિન છે. આચારનું સત્ય; એ ત્રીજી ધારા છે એક જ સત્યની. મારા ‘માનસ’નું આ પંચમુખી સત્ય છે. ગાંધીબાપુએ પરમેશ્વર સત્ય છે, ત્યાંથી શરૂ કર્યું હતું; અને અભ્યાસ વધી ગયો, અનુભવમાં-આચારમાં આવી ગયું ત્યારે એમણે કહ્યું કે, સત્ય જ પરમેશ્વર છે. પરંતુ મારા અનુભવમાં બીજા બે દર્શન પણ આવી રહ્યા છે.

ચોથું સત્ય, સ્વીકારનું સત્ય. જ્યારે આપણે સત્ય વિચારીએ, સત્ય બોલીએ, સત્ય આચરણમાં ઉતારતાં ઉતારતાં બીજાના સત્યનો પણ સ્વીકાર કરીએ,એનું સન્માન કરીએ, ત્યારે જ આપણી સત્યની યાત્રા સંપન્ન થઇ શકે. સ્વીકાર નથી થઇ શકતો! ઘણું મુશ્કેલ છે. મેં ઘણીવાર આ પીડા વ્યક્ત કરી છે. મારા જીવનની યાત્રામાં મેં એવાં ઘણાં લોકો જોયા છે કે જે સત્ય જ બોલે છે, પરંતુ બીજાના સત્યનો સ્વીકાર નથી કરી શકતાં ! મૂર્તિ તૂટી, મૂર્તિ ખંડિત થઇ ગઈ! પંચમુખીમાંથી એક માથું કપાઈ ગયું ! મારા આ વક્તવ્યને અન્યથા ન લેશો, પ્લીઝ, કે બાપુએ કહ્યું છે કે ખોટું બોલો! નહિ; પરંતુ દુનિયામાં આવું ચાલી રહ્યું છે. કદાચ કોઈ પરિસ્થિતિવશ કે કોઈ મજબૂરીને કારણે ખોટું બોલવું પડે, આ કળિયુગ છે ! એ સારું નથી, ખોટું બોલવું જ ન જોઈએ, પરંતુ કદાચ બોલવું પડે, સત્યનું ઉચ્ચારણ કદાચ ન થાય, તો પણ પ્લીઝ, બીજાના સત્યનો સ્વીકાર કરવાનું શીખશો, તોય સત્ય ઘણી કૃપા કરશે.

લોકો સત્યનારાયણની કથા કરાવે છે, એમાં ‘સ્કંધ પુરાણે રેવાખંડે પંચમો અધ્યાય’ એમ કરીને પૂરું થાય છે. એમાં એક કઠિયારો છે. હું વર્ણની વાતોમાં બહુ જવા નથી માંગતો. પરંતુ એક ઉપેક્ષિત વ્યક્તિ છે કઠિયારો. તો, કઠિયારાની કથા છે. એ બીચારો ઉપેક્ષિત છે. એક વણિકની કથા છે. એક વૈશ્યની કથા છે, સાધુ વાણિયો છે. પછી એક બ્રાહ્મણની કથા છે અને એક સમ્રાટ, ક્ષત્રિય રાજાની પણ કથા છે. એટલું જ નહીં, લીલાવતી-કલાવતી બહેનોની કથા છે. એનો મતલબ એ થયો કે સત્ય પર કોઈનો અધિકાર નથી. કઠિયારાનું સત્ય હોય છે. સાધુ-વણિકનું પણ સત્ય હોય છે. ક્ષત્રિયનું પણ સત્ય હોય છે અને બ્રાહ્મણનું પણ સત્ય હોય છે. અરે છોડો ! કોણ કહે છે કે માતાઓને અધિકાર નથી? કલાવતી અને લીલાવતીને પણ પોતાના સત્યનો અધિકાર છે. તો, વિશાળ દૃષ્ટિએ સત્યનારાયણની કથા આવી. સત્ય કંઈ મોટા કુળમાં જ હોય એવો કોઈનો ઈજારો નથી, સત્ય કોઈનો એકાધિકાર નથી; અને ક્યારેક-ક્યારેક તો આપણે ગામડાંઓમાં જોઈએ છીએ કે કેટલાંક નાનાં માણસોમાં જે સત્ય હોય છે, એ સત્ય તો દંડવત કરવા પ્રેરે એવું હોય છે.

સત્ય પર કોઈનો અધિકાર નથી કે એ કોઈ એક વર્ણનું જ હોય, કોઈ મોટા કુળમાં હોય. નહીં, સત્ય સૌનું છે. રામ એક છે, પરંતુ ગોસ્વામીજી લખે છે, એ જ સત્ય અનેક રૂપમાં પ્રગટ થાય છે. આપણા હાથમાં જે નવ દિવસ આવ્યા છે એમાંથી આવી પળ છૂટી ન જાય. ક્યારેક ક્યારેક કહેવાતા જ્ઞાનીઓ વર્તમાન ચૂકી જાય છે. કેટલાંક કલાકો મળ્યા છે, તો જે આવ્યું છે એને ગુમાવીએ નહીં.

રામનું સ્મરણ કરો, સત્યનું આચરણ. ઉચ્ચારણ જ નહીં, આચરણ પણ. જે માણસ સો એ સો ટકા સત્ય બોલે, સત્ય જીવે એ એની સાથે સાથે રામનું સ્મરણ, એટલે કે તમારા જે ઇષ્ટદેવ હોય, મને કોઈ વાંધો નથી. એનું સ્મરણ રાખો. એ માણસ કળિયુગમાં જીવન પૂરું થાય એ પહેલાં ઈશ્વરને પામી લે, એ હકીકત છે. પણ એમાંયે,જરાયે કંઈ સત્યમાં કાણું પડ્યું હોય, તપ એક જન્મમાં નહિ પતે, બીજો જન્મ લેવો પડે, એટલું બધું પાછું કરવું પડે. સહેજ પણ અસત્ય આવ્યું તો ચૂક્યા.

सत्यमेव जयते न अनृतम्।- આ જે વાક્ય છે. સત્યમાં જ શક્તિ છે. હવે આપણે પળે પળે અસત્ય બોલવું પડે. હં ! દિવસે દિવસે નહિ, આ જન્મારામાં નહિ, ક્ષણે ક્ષણે બોલવું પડે, એવી પરિસ્થિતિમાં રામ મળે ક્યાંથી? રામ તો બહુ તૈયાર છે આવવાને, પણ આપણે તૈયાર નથી. કેવળ સત્ય બોલો, બાપ! અને કેવળ આચરો.

સત્યનો સ્વીકાર થવો જોઈએ. આપણી તકલીફ એ છે કે અન્યના તેજને આપણે સહન નથી કરી શકતાં ! કમ સે કમ બીજાના સત્યનો આપણે સ્વીકાર કરીએ. આજે ધર્મમાં, દરેક જગ્યાએ ક્યાંકને ક્યાંક કંઈકને કંઈક તકલીફ કેમ થાય છે ! કેમ કે બીજાના સત્ય ને ન સ્વીકારવાની એક પ્રકારની જિદ્દ લઈને બધાં બેઠાં છે ! જિદ્દ ઘટે છે વિવેકથી અને વિવેક આવે છે સત્સંગથી. એટલે સત્સંગ ખૂબ કરો. (સંકલનઃ જયદેવ માંકડ.)■

## આ ‘મોહ’ની માયા છે

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com

**સ્મશાનમાં** રહેનાર વ્યક્તિ પણ કુટુંબીજનના મૃત્યુ વખતે રડે છે. જે વ્યક્તિ કાયમ સ્મશાનમાં રહેતી હોય, દરેકની અંતિમ સંસ્કાર વિધિમાં સંમિલિત થતી હોય, ચિતા તૈયાર કરીને અગ્નિદાહ માટે મદદરૂપ થતી હોય, મૃત વ્યક્તિના કુટુંબીજનોના ગયાં પછી ચિતાને ઠારતી હોય, તે પણ અંગત વ્યક્તિના મૃત્યુ સમયે ભાંગી પડે. આ વ્યક્તિ દરરોજ જીવનની ક્ષણભંગુરતાને નજીકથી સમજી શકી હોય. આ વ્યક્તિએ દરેક શરીરને ભસ્મમાં રૂપાંતરિત થતી જોઈ હોય. આ વ્યક્તિએ સંબંધોની વ્યર્થતાને પણ અનુભવી હોય. સંસારની દરેક કમાણી અહીં જ રહી જતી હોય છે તે સત્ય તેને દરરોજ સમક્ષ દેખાતું હોય. સાંસારિક વ્યવહારમાં રહેલો દંભ પણ સતત સમજતો હોય તો પણ જ્યારે કુટુંબમાં અંગત વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે આ બધી બાબતોથી જાણે તે અજાણ હોય તેવો તેનો વ્યવહાર રહે. જે તે વ્યક્તિ સાથેના ભાવનાત્મક સંબંધોને કારણે તે મોહિત થાય છે.

જે ડૉક્ટર વાઢકાપ - સર્જરી કરતો હોય એને તો ખબર જ હોય કે શરીરની અંદર રુચિકર કશું જ નથી હોતું. શરીર તો હાડમાંસની એક ગોઠવણ માત્ર છે. અહીં કશું જ સુંદર નથી, વાસ્તવમાં સર્વત્ર બગાડ છે. ડોક્ટર એ પણ સમજી શકે કે શરીર મળમૂત્ર જેવી ગંદકી માટેનું વચગાળાનું સંગ્રહસ્થાન પણ છે. પેટ ચીરતાં તેને અંદર રહેલો વિકાર નજરે ચડે જ. તે છતાં પણ ડોક્ટર શરીર પર મોહિત થાય છે. સ્ત્રી હોય કે પુરુષ, ડોક્ટરનો વિરોધી જાતિના શરીર માટેનો લગાવ આશ્ચર્ય પેદા કરે છે. ચામડીના બાહ્ય રૂપ-રંગમાં તે મોહિત થાય છે.

હવે તો સોશિયલ મીડિયા દ્વારા આ વાત વધારે ઉજાગર થઈ રહી છે. ક્યારેક ક્યારેક રેસ્ટોરાંના ખાવાનામાંથી કીડા નીકળે છે, થુંકવાળી રોટલી પીરસવામાં આવે છે, બનાવટી તેમ જ હાનિકારક પનીરનો છૂટથી ઉપયોગ થતો હોય છે, શાકના રસામાં પરસેવાનો સ્વાદ પણ ઉમેરાતો હોય છે, કોલ્ડ સ્ટોરેજમાં રખાયેલ વાસી ખોરાક ગરમ કરીને પીરસવામાં આવે છે. એવું નથી કે દરેક રેસ્ટોરાંમાં આમ થતું હોય છે, પણ ક્યારેક, વધતાં ઓછાં પ્રમાણમાં આ પ્રકારની ઘટના કોઈક રેસ્ટોરાંમાં આકાર તો લેતી જ હોય છે. તે છતાં પણ બહારના ખાવાનો મોહ છૂટતો નથી. જીભના રસ માટેનો આ મોહ છે.

ધૂમ્રપાનથી નુકસાન થાય છે. ફેફસાં નબળાં પડે છે. કેન્સર થવાની પૂરેપૂરી સંભાવના હોય છે. પૈસાનો બગાડ તો થાય છે જ, પણ સાથે સાથે કુટુંબનું વાતાવરણ પર કલુષિત થવાની સંભાવના હોય છે. આવું જ દારૂ માટે પણ કહી શકાય. બધાં જાણે છે કે દારૂ પીવાથી લીવર ખરાબ થાય. ક્યારેક પાચનતંત્રના અવયવો પર પણ નકારાત્મક અસર થાય. મનની નિષ્ક્રિયતા પણ વધતી જાય. આ પ્રકારની લતમાં જીવન પણ બરબાદ થઈ શકે. ક્યારેક તો દારૂ ઝેર સમાન બની જાય છે. છતાં પણ વ્યસન છુટતાં નથી. વ્યસનથી મળતાં જે તે પ્રકારના નશા માટેનો આ મોહ છે.

દરેક વ્યક્તિ જાણે છે કે વાહન વ્યવહારના નિયમોનું ઉલ્લંઘન કરવાથી બધાંને તકલીફ તો પડે જ, પરંતુ પોતે પણ મોટી મુશ્કેલીમાં પડી શકે. ચાલુ વાહને મોબાઈલ પર પ્રવૃત્ત રહેવાથી અકસ્માત સર્જાઇ શકે. બિનજરૂરી ઝડપ જીવનભર પસ્તાવા માટેનું કારણ બની શકે. આ બધું જાણમાં હોવાં છતાં, વ્યક્તિ આ બધાથી અજાણ હોય તે રીતના વ્યવહાર કરતો હોય છે. મનોવિજ્ઞાનનો આ એક મોટો કોયડો છે. વર્તમાનમાં જીવી લેવાનો આ મોહ છે. જાત પરનો વધારે પડતો વિશ્વાસ પણ આ પ્રકારના વ્યવહારનું કારણ હોય છે. ક્યારેક માત્ર વર્તમાનને મટીરીયલાઈઝ કરી દેવાની ભાવના, આ પ્રકારના વર્તનની પાછળ હોય તેમ જણાય છે. જે તે સમયે મહત્તમ પામી લેવાનો આ મોહ છે.

જીવનના અમુક તબક્કામાં ઈમાનદારીથી ભણી લેવું જોઈએ, પણ તેમ થતું હોય તેમ જણાતું નથી. અન્યને તકલીફ ન પડે તે રીતે જિંદગી જીવવી જોઈએ, પણ જીવનમાં પરની અપેક્ષાએ સ્વ મહત્ત્વનો બની રહે છે. પરંપરાગત મૂલ્ય તેમ જ સંસ્કારોનું પાલન કરવું જોઈએ, પરંતુ મહદ અંશે અન્ય સમાજ દ્વારા ઉધાર અપાયેલી બાબતોનું અનુકરણ પ્રચલિત બનતું જાય છે. યોગ્ય સમયે, યોગ્ય નિર્ણય લઈ, યોગ્ય માર્ગે આગળ વધી શકાય તે માટેની વ્યવસ્થા સમાજ અને સૃષ્ટિમાં સ્થાપિત થયેલી છે, પણ તે સત્યને નજરઅંદાજ કરવામાં આવે છે. એમ જણાય છે કે વ્યક્તિને માત્ર જીવી લેવું છે. જે વ્યક્તિ કે વ્યક્તિ સમૂહ નજીકથી સત્યને જોઈ શકતી હોય તે પણ આ પ્રકારના અભિગમથી મુક્ત થઈ શકતી નથી. માયાનો આ તો પ્રભાવ છે. માયાના સર્જન માટેના મોહનું આ પરિણામ છે. મોહ એ જીવનનું નકારાત્મક, પણ પ્રભુત્વ ધરાવતું ચાલક બળ છે.

જાણકારી તો બધાં પાસે છે, પણ વ્યવહાર તે મુજબનો નથી. સામે દેખાતાં સત્યની સહજ સ્વીકૃતિ મોટાભાગના લોકો માટે મુશ્કેલ છે. સતત પ્રતીત થતાં સત્ય તરફ ઉદાસીનતા પ્રવર્તતી જણાય છે. પસાર થતાં સમયની કિંમત સમજાતી નથી. એક પણ શ્વાસ પાછો મળવાનો નથી તેની જાણ હોવા છતાં શ્વાસ પર ઇન્વેસ્ટ - રોકાણ કરાતું નથી. સામાન્ય સંજોગોમાં જે સ્વાભાવિક પ્રતિભાવ સમાન હોય, તે પ્રમાણેનો પણ વ્યવહાર દેખાતો નથી. કોઈક વિરલા ક્યાંક જાતને સાચવીને બેઠા હોય, પરંતુ તેમના પર નજર જતી નથી, જો નજર જતી હોય તો, તે બાબતે રસ કે કુતુહલ જાગ્રત થતાં નથી, એકવાર એમ થાય તો પણ તે દિશામાં પરિશ્રમ થતો નથી, અને આ બધું જ થાય તો મોહ રહેતો નથી. ■

## વિષ્ણુ એટલે અખિલ બ્રહ્માંડના નિયંતા

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombaysamachar.com



**ભગવાન** વિષ્ણુના મસ્તકની ચારે તરફ પ્રકાશનું વર્તુળ છે. પ્રકાશવર્તુળ દ્વારા ચતુર્થ પરિમાણ સૂચિત થાય છે. આ સ્થૂળ જગત ત્રિપરિમાણયુક્ત જગત છે. આ ત્રિપરિમાણયુક્ત જગતથી જે પર છે તે ચતુર્થ પરિમાણમાં છે તેમ કહી શકાય. ભગવાન વિષ્ણુની ચેતના આ ચતુર્થ પરિમાણની ચિન્મય ચેતના છે તેમ આ પ્રકાશવર્તુળથી સૂચિત થાય છે.

ભગવાન વિષ્ણુ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-ત્રણે ભૂમિકાથી પર છે, તેથી તેમને તુરીય-તત્ત્વ પણ કહેવામાં આવે છે. પ્રકાશવર્તુળ દ્વારા આ તુરિયાવસ્થા પણ સૂચિત થાય છે.

ભગવાન વિષ્ણુની છાતી પર એક ઊભી રેખાનું ચિન્હ છે. તેને શ્રીચિન્હ્ કે શ્રીવત્સ કહે છે. ભગવાન વિષ્ણુ શ્રીપતિ છે, અર્થાત્ મહાલક્ષ્મીના અધિપતિ છે. મહાલક્ષ્મી વિષ્ણુની અભિન્ન શક્તિ છે.

મહાલક્ષ્મી આ ચિન્હરૂપે ભગવાન વિષ્ણુની છાતી પર બિરાજમાન છે. આ શ્રીવત્સ દ્વારા એમ સૂચિત થાય છે કે ભગવાન શ્રીવિષ્ણુ પોતાની મહાશક્તિ મહાલક્ષ્મીને પોતાના સ્વરૂપમાં, પોતાના હૃદયમાં જ ધારણ કરે છે. વિષ્ણુની શક્તિ શ્રીવિષ્ણુથી અભિન્ન છે.

ભગવાન વિષ્ણુના ગળામાં વૈજયંતીમાળા શોભાયમાન છે. આ વૈજયંતીમાળા વિષ્ણુનું સદાવિજયી સ્વરૂપ સૂચિત કરે છે. સ્વરૂપતઃ જ માળા વિજયનું પ્રતીક છે. માળા માટે એક શબ્દ ‘હાર’ છે. જે હારે છે તે વિજયીના ગળામાં હાર પહેરાવી પોતાની હાર કે શરણાગતિ સ્વીકારે છે અને જેના ગળામાં હાર પહેરાવે છે તેનો વિજય માન્ય કરે છે.

ભગવાન વિષ્ણુના ગળાની માળાનું નામ જ વૈજયંતી છે. અર્થાત્ ભગવાન વિષ્ણુ સદાવિજયી અને સર્વવિજયી છે. વિષ્ણુ સર્વોચ્ચ શક્તિ છે. અન્ય કોઈ તત્ત્વ તેને અતિક્રમી શકે નહીં, તેને પરાસ્ત કરી શકે નહીં. વિષ્ણુ ભગવાનની આ સર્વોચ્ચતા દર્શાવતી વૈજયંતીમાળા તેમના ગળામાં સદા શોભાયમાન રહે છે.

ભગવાન વિષ્ણુનું વાહન ગરુડ આકાશવિહારી અને તીવ્રગતિમાન પક્ષી છે. ગરુડની ગતિ ઊર્ધ્વગતિ ગણાય છે. વિષ્ણુના વાહન ગરુડના પગમાં સર્પ પણ છે.

ગરુડની ઊર્ધ્વ ગતિ દ્વારા પ્રાણ કે ચેતનાની ઊર્ધ્વગતિ સૂચિત થાય છે. સર્પ પ્રાણ કે ચેતનાની નિમ્નગતિનું પ્રતીક છે. નિમ્નગામિની ચેતના (સર્પ)ને નિયંત્રણમાં લઈને ઊર્ધ્વગામિની ચેતના જ્યારે ઊર્ધ્વગતિ કરે ત્યારે તે ચેતનામાં વિષ્ણુતત્ત્વ પ્રગટે છે, ત્યારે ગરુડ પર વિષ્ણુ આરૂઢ થાય છે.

સર્પને પગમાં લઈને ગરુડ જ્યારે આકાશમાં ઊડે ત્યારે તે વિષ્ણુનું વાહન બને છે. આ ઘટના દ્વારા એમ સૂચિત થાય છે કે નિમ્નગામિની ચેતના કે પ્રાણની ગતિ ઊર્ધ્વગામી સિદ્ધ થાય ત્યારે તે ચેતના વિષ્ણુચેતનાના પ્રાગટ્ય માટે ઉપર્યુક્ત ચેતના છે, ત્યારે તે વિષ્ણુનું વાહન બને છે. આ રીતે પગમાં સર્પ લઈને આકાશમાં ઊડતા ગરુડ દ્વારા એક મૂલ્યવાન આધ્યાત્મિક સત્ય પ્રગટ થાય છે.

આપણે જોયું કે વિષ્ણુના સ્વરૂપનાં અનેક લક્ષણો દ્વારા અનેકવિધ આધ્યાત્મિક સત્યો વ્યક્ત થાય છે. ભગવાન વિષ્ણુની પરમોચ્ચ ચેતનાની લાક્ષણિકતાઓ પણ આ લક્ષણો દ્વારા સાંકેતિક સ્વરૂપે અભિવ્યક્ત થાય છે.

આનો અર્થ કોઈ એમ ન સમજે કે વિષ્ણુનું સ્વરૂપ એક સાંકેતિક કલ્પના કે કવિકલ્પના છે. આપણે ભગવાન વિષ્ણુનું જે સ્વરૂપ જાણીએ છીએ તે કોઈ પ્રતિભાવાન ચિત્રકાર કે શિલ્પકારની માત્ર મનઃકલ્પના છે તેવું નથી.

ભગવાન વિષ્ણુનું આ શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ચતુર્ભુજ સ્વરૂપ એક સત્ય છે. ભગવાન વિષ્ણુનું આ સાકાર સ્વરૂપ પણ તેટલું જ સત્ય છે, જેટલું સત્ય તેમનું નિરાકાર સ્વરૂપ છે. ભગવાન વિષ્ણુનું નિરાકાર સ્વરૂપ, સર્વવ્યાપી સ્વરૂપ એક અબાધિત સત્ય છે, તે જ રીતે તેમનું સગુણ-સાકાર સ્વરૂપ પણ અબાધિત સત્ય છે.

ભગવાન વિષ્ણુનું આ સગુણ-સાકાર સ્વરૂપ ક્યાં છે? તે સ્વરૂપે તેમના નિત્યધામ વૈકુંઠમાં નિત્ય સ્વરૂપે તો છે જ, પરંતુ ગમે તે સ્થાને, ગમે તે સમયે તે પ્રગટ પણ થાય છે, તેથી તેઓ સર્વગામી ગણાય છે.

ભગવાન વિષ્ણુનું આ વૈકુંઠધામ અને તેમનું સગુણ-સાકાર સ્વરૂપ કયા સ્થાનવિશેષમાં છે? તેઓ ક્યાં બિરાજમાન છે?

આ પ્રશ્નનો ઉત્તર, સમજણની સરળતા માટે વિભાગપૂર્વક રજૂ કરવામાં આવે છેઃ

૧. ભગવાન વિષ્ણુનું વૈકુંઠધામ અને તેમનું સગુણ-સાકાર સ્વરૂપ આ ત્રિપરિમાણયુક્ત-સ્થૂળ, સૂક્ષ્મ કે કારણજગતમાં નથી.

૨. તેમનું સ્થાન આ બ્રહ્માની રચેલી સૃષ્ટિમાં નથી.

૩. તેમનું સ્થાન સ્થૂળ, સૂક્ષ્મ અને કારણજગતથી પર, બ્રહ્મલોકથી પણ પર ત્રિપરિમાણયુક્ત જગતથી બહાર ચિન્મય જગતમાં છે.

૪. બ્રહ્માની રચેલી સૃષ્ટિ શાશ્વત નથી. ચિન્મય જગત શાશ્વત છે.

૫. આમ છતાં આ ત્રિપરિમાણયુક્ત સ્થૂળ કે સૂક્ષ્મ જગતમાં પણ તેઓ સગુણ-સાકાર-રૂપે ગમે ત્યારે પ્રગટ થઈ શકે છે.

૬. સાધકની ચેતના વિકસતી-વિકસતી આ ત્રિપરિમાણાત્મક જગતને ભેદીને જ્યારે બહાર નીકળી શકે ત્યારે તેને ગમે તે સ્થાન પરથી ગમે તે સમયે આ ચિન્મય જગત અને પરમાત્માના સગુણ-સાકાર સ્વરૂપની અનુભૂતિ થઈ શકે છે.

૭. ભક્તોની આવી અનુભૂતિઓ નક્કર હકીકત છે, કલ્પના નથી.

૮. આપણી પાસે ભગવાન વિષ્ણુનું જે સ્વરૂપ આવ્યું છે તે આવા સિદ્ધપુરુષોની અનુભૂતિ પર પ્રતિષ્ઠિત છે, તેથી કાલ્પનિક નથી જ.

વિષ્ણુ એટલે પરમાત્મા, વિષ્ણુ એટલે સર્વોચ્ચ ચૈતન્ય, વિષ્ણુ એટલે અખિલ બ્રહ્માંડના નિયંતા. વિષ્ણુ અનંત છે, તેથી અનંતરૂપ પણ છે. તે સગુણ છે, નિર્ગુણ છે, સાકાર છે, નિરાકાર છે અને બીજું ઘણુંયે હશે, આપણે બધું જાણતા નથી, બધું જાણી શકીએ તેમ નથી.

સાધારણ રીતે એમ માની લેવામાં આવે છે કે નિર્ગુણ કરતાં સગુણ નિમ્ન ભૂમિકાનું સ્વરૂપ ગણાય અને નિરાકાર કરતાં સાકાર નિમ્ન ભૂમિકાનું સ્વરૂપ ગણાય, પરંતુ આ માન્યતા સત્ય પર પ્રતિષ્ઠિત નથી.

પરમાત્માનું કોઈ એક સ્વરૂપ પરમાત્માના અન્ય સ્વરૂપ કરતાં નાનું પણ નથી અને મોટું પણ નથી. પરમાત્માનાં બધાં સ્વરૂપો દ્વારા તે એક જ પરમાત્મા સૂચિત થાય છે, તેથી ભગવાનનાં બધાં સ્વરૂપો સમાન સ્વરૂપે મહત્ત્વનાં છે, બધાં પાસાંનું સમાન મૂલ્ય જ છે. ■

ચિંતન

# કુંભના મેળાથી પીડાકારક દૂરી

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



આમ તો આ બહાનું છે કે કુંભના મેળામાં જઈ શકવાની સંભાવના નથી. દ્રઢ ઈચ્છાશક્તિ હોય, સ્પષ્ટ હેતુ હોય, ગુરુદેવના માર્ગદર્શન માટે વિશ્વાસ હોય અને ઈશ્વરને પામવાની અપાર શ્રદ્ધા હોય તો માર્ગ તો નીકળે જ. એ સિવાય બધાં જ બહાનાં. જવું જ હોય તો અત્યારે જ ચંપલ પહેરીને નીકળી જવાનું, આગળનો બધો જ રસ્તો પ્રશસ્ત થતો જશે.

કુંભના મેળા સુધી પહોંચવું જ હોય તો વિવિધ પ્રકારની સગવડતા માટેની ઈચ્છાને બાજુમાં મૂકી દરેક પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર થઈ જવાનું. સમગ્ર બ્રહ્માંડમાંથી આવેલા મહાત્માઓને મળવું જ હોય તો તે માટેનો પુરુષાર્થ વિના વિલંબે પ્રારંભ કરવાનો. પરમ સત્યને જાણવાની તત્પરતા હોય તો પ્રપંચ સમાન સંસારથી દૂર જવા માટેની માનસિકતા દ્રઢ કરવાની. શક્ય છે, કુંભના મેળા સુધી પહોંચવું શક્ય છે.

કેવો ભવ્ય માહોલ હશે તે જાણકારીનો વિષય નથી, એ માહોલમાં તો પ્રવેશ કરવાનો હોય. ત્યાં કેવી દિવ્ય અનુભૂતિ થઈ શકે તે પ્રતીત કરવાં ત્યાં જ જવું પડે. તે પ્રકારની માહિતી એકત્રિત કરીને, તેના વિશે જાણીને કશું પ્રાપ્ત ન થાય. આ માહોલમાં સંમિલિત થઇ તે સાક્ષાત્કાર કરવાનો વિષય છે. આ તો ત્યાં પહોંચીને, જાતે તેનો એક ભાગ બની ત્યાંની સાત્વિક સમગ્રતાને પામવાની તક છે. તક ગુમાવવી હોય તો બહાનું મળી રહેશે, અને તક ઝડપી લેવી હોય તો કારણો મળી જશે.

અલખની ધૂણી ધખાવીને જીવનને અલખ સાથે એકાકાર કરવાનો પ્રયત્ન કરનાર અવધૂત કેવાં હશે. હિમાલય કે ગિરનારની કોઈ ગુફામાં વર્ષોથી સાધના કરનાર વ્યક્તિ કયા સ્વરૂપે કુંભમેળામાં હાજરી આપતી હશે. આત્માનો સાક્ષાત્કાર કરી અસ્તિત્વને શૂન્યમાં સ્થાપિત કરવા સમર્થ તે યોગી કઈ અપેક્ષાએ અહીં મેળામાં આવતાં હશે.

ઈશ્વરની ભક્તિને સંપૂર્ણતામાં પામી, તે માટે સંપૂર્ણતામાં સમર્પિત રહેનાર ભક્ત કોના દર્શન માટે ત્યાં આવતા હશે. સંપૂર્ણ રીતે પવિત્ર થઈ જનાર મહાપુરુષ પણ કઈ ઈચ્છાથી ત્યાં ગંગામાં ડૂબકી લગાવતા હશે. એકાંતને કાયમનો સાથી બનાવનાર તે એકાંતી અહીંની લાખોની ભીડ વચ્ચે કેવી રીતે એકાંત જાળવી રાખતા હશે. પરમના સાંનિધ્યમાં રહેનાર તે મહાત્મા અહીં કોના સાનિધ્યની અપેક્ષાએ હાજર થતા હશે.

દુનિયાના વ્યવહારથી સાવ જ અલિપ્ત રહેનાર અહીં આટલા વિશાળ વ્યવહાર તથા આયોજનમાં કેવી રીતે ગોઠવાઈ જતા હશે. શરીરના દરેક ધર્મથી કાયમ માટે મુક્ત રહેનાર કુંભમેળામાં આવીને શરીરના ધર્મોનું કેવી રીતે આચરણ કરતાં હશે. કશે પણ જવાં માટે જેમને કોઈપણ માધ્યમની જરૂર ન હોય તે સર્વગામી કયા માધ્યમના સહારે ત્યાં ઉપસ્થિત થતા હશે. સમાજ સમક્ષ પ્રગટ થવાની જેમને ક્યારેય અભિલાષા ન હોય તેવાં અલિપ્ત કેમ આટલી મોટી સંખ્યામાં એક જ સ્થળે એકત્રિત થતા હશે. પાખંડ, અસત્ય, અધર્મ તથા પ્રપંચનો સદાય અસ્વીકાર કરનાર સંતજન અહીં ચોક્કસ પરિસ્થિતિને કેવી રીતે ચલાવી લેતા હશે. આ બધું જાણવા માટે કુંભના મેળે જવું જ પડે.

ત્યાં આવનાર દરેક બાબાજી જાતજાતના લોકો વચ્ચે પોતાની બ્રહ્મ-ઓળખ, પોતાની શાશ્વત સ્થિતિ, પોતાની પરમ દિવ્યતા, પોતાનો જ્ઞાનયુક્ત સંતોષ, પોતાની નિજાનંદ મસ્તી, પોતાનો આધ્યાત્મિક પુરુષાર્થ, પોતાની નિર્લેપ તટસ્થતા, પોતાનો નિર્મળ સ્વ-ભાવ, પોતાનું પરિપક્વ ધ્યાન, પોતાનો સંયમિત વિવેક, પોતાની પાવક પવિત્રતા, પોતાની અપાર કરુણા તથા પોતાની અકલ્પનીય દિવ્યતા કેટલી સહજતાથી જાળવી રાખતાં હશે.

સમગ્ર સમાજ સાથે વિશેષ પ્રકારનો શાબ્દિક કે અશાબ્દિક સંવાદ સ્થાપવા સાથે સાથે તે બધાથી અલિપ્તતા જાળવી રાખવાની તેમની ક્ષમતા કેટલી ભવ્ય અને દિવ્ય હશે. લાખોની મેદની વચ્ચે ક્યાંક તેઓ પણ નવી આશાનું કિરણ શોધતાં હશે. કુંભનો આ મેળો કદાચ તેમની માટે ઊર્જાના નવાં સંચાર માટે કે સતત ઊર્જાયુક્ત સ્થિતિમાંથી થોડો વિરામ મળે તે માટે પણ હોઈ શકે. વાસ્તવિકતા શું છે એ તો, તેમના સંપર્કમાં આવ્યા પછી, તેમની કૃપા હોય તો જ જાણમાં આવે. તેની માટે પણ ત્યાં કુંભના મેળામાં ત્યાં જવું જ રહ્યું.

આ બધું જાણવાની તાલાવેલી હોય, આ બધું જ સમજવાની જિજ્ઞાસા હોય તે સ્વાભાવિક છે. આ બધું જ જાતે જોવાની તમન્ના હોય, ત્યાંની પરિસ્થિતિ, ત્યાંના માહોલની અંદર પ્રવેશ કરી ઘણા બધા પ્રશ્નોના નિરાકરણ માટેની તૈયારી હોય તે પણ સ્વાભાવિક છે. છતાં પણ પગ રોકાઈ જાય છે. છતાં પણ શરીર આગળ નથી થતું. છતાં પણ મન પોતાને મનાવીને બેસી જાય છે. છતાં પણ જાતનું ઉપરાણું લેવાની આદત છૂટતી નથી. છતાં પણ પોતાની નિષ્ક્રિયતાને યોગ્ય સાબિત કરવાનો અભિગમ દૂર થતો નથી. એમ લાગે છે કે ઈચ્છાથી જ આ મહાન તક જતી કરવામાં આવે છે. એ વાત સાચી છે કે મન હોય તો કુંભમેળે જવાય.

ત્યાં કોણ કયું સ્વરૂપ ધારણ કરીને ત્યાં આવશે તે વિશે કોઈ અનુમાન ન થઈ શકે. કોઈક સ્વરૂપ તો તમારી પ્રકૃતિને અનુરૂપ હોવાનું જ. ક્યાંક તે બધા સિદ્ધપુરૂષોને પણ કોઈકની તલાશ હશે. તેમને પણ કોઈકને દર્શન આપવાની અભિલાષા હશે. કદાચ તે વ્યક્તિ તમે પણ હોવ. સંભાવના તો દરેક માટે છે.

શરીરનું ઉપરાણું લેવું છે, સંસાધનો અને સામર્થ્ય હોવા છતાં મંડાણ નથી કરવું, અને પછી પરિસ્થિતિ અનુકૂળ નથી એમ કહી પરિસ્થિતિનો વાંક કાઢવો છે. સંજોગો પ્રતિકૂળ છે એમ કહી ખૂણામાં બેસી રહેવાથી ન કોઈ શંકાનું નિરાકરણ થાય કે ન કોઈ નવી દિવ્ય સંભાવના સ્થાપિત થાય. મળેલી તક ગુમાવાય નહીં. જો આ તક જતી રહેશે તો, ખબર નથી કે જીવનમાં બીજી તક મળશે કે નહીં. પાછળથી થનારો વસવસો વ્યર્થ છે.

પરિસ્થિતિ પીડા આપે છે. ખબર નથી પડતી કે કુંભના મેળે જવાશે કે નહીં. અદમ્ય ઈચ્છા છે પરંતુ તે ફળીભૂત થશે કે કેમ તે વિશે શંકા છે. સરવાળે એક જ વાત કહી શકાય કે દ્રઢ ઈચ્છાશક્તિનો અભાવ છે, પરિસ્થિતિનો વાંક કાઢવો યોગ્ય નથી. ■

ભજનનો પ્રસાદ

# નિષ્કુળાનંદસ્વામીઃ વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કબદ્ધ સર્જક

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

નિષ્કુળાનંદ સ્વામીને ભગવાન સ્વામિનારાયણે આશીર્વાદ આપીને સાંપ્રદાયિક સાહિત્યસર્જન તરફ વાળ્યા. પૂર્વાશ્રમનો શ્રૃતજ્ઞાનનો અનુભવ, સત્સંગ અને શાસ્ત્રોની વિષયસામગ્રીનું ઊંડું જ્ઞાન એમના સાહિત્યમાંથી દ્રવે છે. એમણે એમના ચાર દાયકાના કવનકાળ દરમ્યાન ચોવીસ સાહિત્યકૃતિઓ અને ત્રણેક હજાર પદ પ્રકારની રચનાઓ રચી જણાય છે. એમના વિપુલ સાહિત્યને પાંચ વિભાગમાં વર્ગીકૃત કરીને એ તમામ સાહિત્યકૃતિઓના મેં કરેલા સ્વાધ્યાયનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત કરવાનો ઉપક્રમ અહીં જાળવ્યો છે.


૧. ચરિત્રમૂલક સાહિત્ય
૨. ભક્તિમૂલક સાહિત્ય
૩. તત્ત્વદર્શનમૂલક સાહિત્ય
૪. ઉપદેશમૂલક સાહિત્ય
૫. અનુવાદ અને પદમૂલક સાહિત્ય

આમ એક રીતે એમની પચીસ સાહિત્ય કૃતિઓને આવા પાંચ વિભાગમાં વહેંચીને એનો અભ્યાસ અહીં રજૂ કર્યો છે. એમાંથી નિષ્કુળાનંદનું શાસ્ત્રજ્ઞાન એમની ભક્તિવિભાવના અને ઉપદેશના ઘટકોનો પરિચય મળી રહે છે. આ બધામાં ચરિત્રમૂલક વિગતોને નિરૂપતી કૃતિઓ દસ્તાવેજી આધારો, સામાજિક સંદર્ભો અને સાંસ્કૃતિક વલણોને કારણે ઘણી મહત્તા ધારણ કરે છે. એમની સંપ્રદાયની તાત્ત્વિકપીઠિકાની અભિજ્ઞતાનો પરિચય કરાવતી કૃતિઓ રૂપકના માધ્યમથી, યોગવિદ્યાના ઘટકોના માધ્યમથી અને કેટલીક વેદાન્તદર્શનના માધ્યમથી અભિવ્યક્તિ પામી છે. એમની વિવિધ પ્રસંગે રચાયેલી પદરાશિ તો સંપ્રદાયનું મહામૂલું ધન છે. એમાં વિવિધ ઉત્સવોનો સંદર્ભ પ્રગટાવતાં પદોની સંખ્યા વિપુલ છે. એમની એ તમામ કૃતિઓની વર્ગીકૃત યાદી અવલોકીએઃ

**નિષ્કુળાનંદ સ્વામીકૃત સાહિત્ય**

**૧. ચરિત્રમૂલક સાહિત્ય**

૧. 'હરિવિચરણ' ઈ.સ. ૧૮૩૦ પૂર્વે
૨. 'હરિસ્મૃતિ' ઈ.સ. ૧૮૩૦ પૂર્વે
૩. 'પુરુષોત્તમપ્રકાશ' ઈ.સ. ૧૮૩૧
૪. 'ભક્તચિંતામણિ' ઈ.સ. ૧૮૩૦ પછી
૫. 'અવતાર ચિંતામણિ'–દ્ર



**૨. ભક્તિમૂલક સાહિત્ય**

૧. 'સ્નેહગીતા' ઈ.સ. ૧૮૧૬
૨. 'હરિબળગીતા' ઈ.સ. ૧૮૪૨
૩. 'ચોસઠ પદી' દ્ર
૪. 'પુષ્પચિંતામણિ' દ્ર
૫. 'ચિહ્ન ચિંતામણિ' દ્ર
૬. 'ભક્તનિધિ' ઈ.સ. ૧૮૪૬

**૩. તત્ત્વદર્શનમૂલક સાહિત્ય**

૧. 'મનગંજન' ઈ.સ. ૧૮૧૫
૨. 'હૃદયપ્રકાશ' ઈ.સ. ૧૮૪૦
૩. 'ધીરજાખ્યાન' ઈ.સ. ૧૮૪૩
૪. 'વૃત્તિવિવાહ' દ્ર
૫. 'ગુણગ્રાહક' દ્ર
૬. 'કલ્યાણનિર્ણય' દ્ર

**૪. ઉપદેશમૂલક સાહિત્ય**

૧. 'યમદંડ' ઈ.સ. ૧૮૦૪
૨. 'સારસિદ્ધિ'
૩. 'વચનવિધિ'
૪. 'અરજીવિનય' દ્ર
૫. 'લગ્ન શકુનાવળી' ઈ.સ. ૧૮૨૭

**૫. અનુવાદ અને પદમૂલકસાહિત્ય**

૧. 'શિક્ષાપત્રી ભાષા પદ્ય' ઈ.સ. ૧૮૨૬
૨. 'શ્રીકૃષ્ણજન્મચરિત્ર' (ગદ્ય)
૩. 'વિપુલ અને વૈવિધ્યપૂર્ણ પદરાશિ' ઈ.સ. ૧૮૦૪થી ૧૮૪૬

**૧. ચરિત્રમૂલકસાહિત્ય**

શ્રીહરિ સાથેનો પ્રગાઢ અનુબંધ, એમના દૈવી વ્યક્તિત્વની વિગતો તથા સંપ્રદાયમાં દીક્ષિત થયા પૂર્વેની અને પછીની ચરિત્રલક્ષી વિવિધ પ્રકારની ઘટનાઓને આલેખતા ગ્રંથોની રચનાઓ કથામૂલક કે પદમૂલક પ્રકારે ઘણા બધા સંતોએ કરી છે. નિષ્કુળાનંદ પાસેનો સંદર્ભ અને અભિવ્યક્તિનું રૂપ મને ભારે વિશિષ્ટ જણાયું છે. મેં 'હરિલીલામૃત' પૂર્વેના મુક્તાનંદકૃત 'ધર્માખ્યાન' નિષ્કુળાનંદકૃત 'પુરુષોત્તમપ્રકાશ', બ્રહ્માનંદકૃત 'સુમતિપ્રકાશ' અને મંજુકેશાનંદકૃત 'ઐશ્વર્યપ્રકાશ' એ પ્રારંભકાલીન શ્રીહરિ ચરિત્રની વિગતોને આલેખતા ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ મધ્યકાલીન પરચરીસાહિત્ય સ્વરૂપ સંદર્ભે કરેલો. ખરા અર્થમાં જીવનચરિત્રાત્મક વિગતોમાં કેવા-કેવા સંદર્ભો સાથે આ સંપ્રદાયના આધારાનંદ જેવા શ્રીહરિ દીક્ષિત સમકાલીન-તત્કાલીન સંતોએ વર્ણવ્યા છે. શ્રીહરિના જીવનકાળ દરમ્યાન આલેખાયેલ આ બધાં તથ્ય-હકીકત નિષ્ઠ સામગ્રી પ્રગટાવતા ગ્રંથો એક મહત્ત્વની અધ્યયન સામગ્રી છે.

અહીં પ્રારંભે શ્રીહરિના અક્ષરધામગમન પૂર્વેની વિગતો અર્થાત્ શ્રીહરિની ઉપસ્થિતિમાં નિરૂપાયેલી હોઈને તે બે ગ્રંથોનો પહેલાં પરિચય કરાવ્યો છે એની અધિકૃતતા આવા કારણે અનન્ય છે. પછી સમય નિર્દેશતા ગ્રંથોનો પરિચય પ્રસ્તુત છે.

**(૧) 'હરિવિચરણ' (ઈ.સ. ૧૮૩૦ પૂર્વે)**

શ્રીહરિની ઉપસ્થિતિમાં-હયાતિમાં આ ગ્રંથની રચના થઈ હોવાનું અનુમાન એટલા માટે કર્યું છે કે એમાં સ્વધામગમનની વિગતો સ્થાન પામી નથી. વ્રજ-હિન્દી ભાષામાં આઠ વિશ્રામ અને ૩૪૨ કડીમાં આલેખાયેલી સળંગબંધની આ રચનામાં શ્રીહરિએ સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં વિવિધ સ્થળે વિહરી-વિચરીને મુમુક્ષુઓ સમક્ષ વિવિધ લીલા-ઉત્સવોની ઉજવણીની વિગતો, યજ્ઞો અને મંદિર નિર્માણની વિગતોને અહીં વર્ણવાઈ છે.

પહેલા વિશ્રામમાં શ્રીહરિનું ઐશ્વર્ય, જન્મસ્થાનક, પછી વિચરણારંભમાં ગોપાલ યોગી પાસે યોગવિદ્યા ગ્રહણ કરીને ગંગાસાગર, શિવકાંચી, વિષ્ણુકાંચી, સેતુબંધ રામેશ્વર યાત્રા બાદ રેવા, તાપી, સાબર સ્નાન કરીને માંગરોળથી લોજ મુકામે મુક્તાનંદસ્વામી મિલન અને પછીથી રામાનંદ મેળાપનું આલેખન અહીં કેન્દ્રમાં છે. પછી બીજાથી પાંચમા વિશ્રામ સુધીમાં આચાર્યપદે પદારૂઢ કરાયાની વિગતો અને અંતિમ ત્રણ વિશ્રામમાં સંવત મુજબ ઉત્સવોની ઉજવણીની વિગતો નિરૂપાઈ છે. મારી દૃષ્ટિએ અહીં શ્રીહરિના ધામગમનની વિગતનું નિરૂપણ ન હોઈને એમની હયાતી દરમ્યાનની વિગતોનું આલેખન અવલોકવા મળે છે. સોરઠા અને ચોપાઈ બંધમાં હકીકતલક્ષી વિગતો રસળતી શૈલીમાં અહીં નિયોજાઈ છે. (ક્રમશઃ)■

શિવ રહસ્ય

# તમે જે ચાર વેદને કેદમાં પૂર્યા છે તેને મુક્ત કરો

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

અસુર દુર્ગમના પ્રકોપથી નદીઓ અને સમુદ્રો જળરહિત થઈ જતાં સંસારનાં સમસ્ત વૃક્ષ અને લતા સુકાઈ ગયાં, આનાથી પૃથ્વીવાસીઓનાં ચિત્તમાં દીનતા ઊભરાઈ આવી. સમસ્ત મનુષ્યોનાં અતિદુઃખને જોઈ સપ્તર્ષિ દેવરાજ ઇન્દ્ર સમક્ષ પધારે છે. દેવરાજ ઇન્દ્ર, સપ્તર્ષિ સહિત દેવગણો બ્રહ્મલોક પહોંચે છે.

બ્રહ્મદેવઃ 'ચતુર દુર્ગમે વરદાન માંગતી વખતે એવું વરદાન માંગ્યું છે કે કોઈ દેવતા એમનાં અસ્ત્ર કે શસ્ત્રથી તેનો વધ કરી શકે નહીં. હવે આપણી પાસે એક જ માર્ગ છે કે આપણે મહેશ્વરી મહામાયા માતા પાર્વતીના શરણે જવું જોઈએ.' બ્રહ્મદેવ સહિત સમસ્ત દેવગણ કૈલાસ પહોંચે છે. સમસ્ત દેવગણ માતા પાર્વતીની વંદના કરતાં કહે છે, 'હે મહેશ્વરી તમારી કૃપાદૃષ્ટિ સંસારવાસીઓ પર પાડો, તેમની રક્ષા કરો, દુર્ગમાસુરના પ્રકોપથી સમસ્ત સંસારનાં પ્રાણીઓ નષ્ટ થઈ જશે, હે મમતામયી તમે જેવી રીતે અસંખ્ય અસુરોનો વધ કર્યો તેમ દુર્ગમાસુરનો શીઘ્ર સંહાર કરો. દેવતાઓ અને સંસારવાસીઓ પર જ્યારે દુઃખ આવે છે ત્યારે તમે જ અવતાર લઈને લોકોને સુખી કરો છો.' દેવતાઓની પ્રાર્થના સાંભળીને મહેશ્વરી માતા પાર્વતીએ એ સમયે પોતાનાં અનંત નેત્રોથી યુક્ત રૂપનું દર્શન કરાવ્યું. સંસારવાસીઓનાં કષ્ટ જોઈને માતા પાર્વતીનાં નેત્રોમાંથી કરુણાનાં આંસુ છલકાઈ આવ્યાં. માતા વ્યાકુળ થઈને લગાતાર આઠ દિવસ અને આઠ રાત રડતાં રહ્યાં. તેમનાં નેત્રોથી અશ્રુજલની હજારો ધારાઓ પ્રવાહિત થઈ, માતાના અશ્રુજલની ધારાઓથી સંસારના કૂવા, વાવડી, સરોવર, નદીઓ અને સમુદ્રોમાં અગાધ જળ ભરાઈ ગયાં. સંસારનાં સમસ્ત વૃક્ષ અને લતા ફરી લહેરાવાં લાગી. ફરી પૃથ્વી પર શાક, ફળ, મૂળ અને ઔષધિઓનાં અંકુર ઉત્પન્ન થવા લાગ્યા. મહેશ્વરી માતા પાર્વતી શુદ્ધ હૃદયવાળા મહાત્મા પુરુષ અને સ્ત્રીઓને પોતાના હાથમાં રાખેલા ફળ વહેંચવા લાગ્યાં. એમણે ગાયોને સુંદર ઘાસ અને બીજાં પ્રાણીઓ માટે યથાયોગ્ય ભોજન પ્રસ્તુત કર્યાં. દેવતા, બ્રાહ્મણ અને મનુષ્યો સહિત સંપૂર્ણ પ્રાણીઓ સંતુષ્ટ થઈ ગયાં. મહેશ્વરી માતા પાર્વતી આઠ દિવસ અને આઠ રાત રડતાં રહ્યાં તે દિવસો એટલે પૌષ સુદ આઠમથી



પૌષ સુદ પૂનમ. ત્યારથી સંસારવાસી દેવી ભક્તો માતાને શાકંભરી માતા અને આ આઠ દિવસને પૌષી શાકંભરી નવરાત્રિ તરીકે ઓળખે છે. આ પૌષી શાકંભરી નવરાત્રિના આઠ દિવસ દેવિ ભક્તો માતા શક્તિની ઉપાસના, ઉપવાસ અને વ્રત કરે છે.

* * *

માતા શાકંભરી પ્રાગટ્ય બાદ પૃથ્વી ફરી લીલીછમ થઈ ગઈ. અસુર સૈનિકો પૃથ્વી પર આવેલા પરિવર્તનથી આશ્ચર્યચકિત હતા. સંસારના સમગ્ર માનવીઓ ભયમુક્ત થઈ ગયા. માનવોને ભયમુક્ત થયેલા જોઈ સેનાપતિ વિચલ દુર્ગમાસુર સમક્ષ ઉપસ્થિત થાય છે.

સેનાપતિ વિચલઃ 'મહાન દુર્ગમાસુરની જય હો, મહારાજ પૃથ્વી પર એક સ્ત્રી બેસીને આઠ દિવસ સુધી રડતી રહેતાં તેના નેત્રમાંથી એટલું જળ વહ્યું છે કે પૃથ્વી ફરી સજીવન થઈ ગઈ છે. પૃથ્વીના સમસ્ત કૂવા, વાવડી, સરોવર, નદીઓ અને સમુદ્રો અગાધ જળથી ભરાઈ ગયાં છે. હવે તો અસુર સેનાથી પૃથ્વીવાસીઓ ડરતા પણ નથી, તેઓ કહે છે કે અમારી માતા આવી ગઈ છે, હવે તમે અમને ડરાવી નહીં શકો.'

દુર્ગમાસુરઃ 'માનવોની આટલી હિમ્મત.....'

સેનાપતિ વિચલઃ 'સ્વામી મારી એક વિનંતી છે, તમે તુરંત સ્વર્ગલોક પર આક્રમણ કરો અને દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણને બંદી બનાવો.'

દુર્ગમાસુરઃ 'તમે જુઓ થોડા સમયમાં હું એ સ્ત્રીને મારી દાસી બનાવીશ.'

* * *

દેવતા, બ્રાહ્મણ અને મનુષ્યો સહિત સંપૂર્ણ પ્રાણીઓ સ્વસ્થ થઈ ગયાં, ત્યારે માતા શાકંભરીએ દેવતાઓને પૂછ્યુંઃ 'તમારાં બીજાં કયાં કાર્યો સિદ્ધ કરું.'

સપ્તર્ષિઃ 'માતા, આપે બધા લોકોને સંતુષ્ટ કરી દીધા છે, હવે કૃપા કરીને દુર્ગમાસુર દ્વારા કેદ કરાયેલા વેદ લાવીને અમને આપો જેથી જે વૈદિક ક્રિયાઓ નષ્ટ થઈ ગઈ છે, બ્રાહ્મણો અને દેવતાઓ દુરાચારી થઈ ગયા છે. કોઈ જગ્યાએ નથી દાન દેવાતું કે નથી તપ થતું. નથી યજ્ઞ થતા કે ન હોમ-હવન. દુર્ગમનો વધ જ આ બધી બદીઓને દૂર કરી શકશે.

માતા શાકંભરીઃ 'તથાસ્તુ. હે દેવતાઓ, તમે સૌ દેવગણ તમારે ઘેર જાઓ, હું શીઘ્ર જ સંપૂર્ણ વેદ લાવીને તમને અર્પણ કરીશ.'

આ સાંભળીને બધા દેવતાઓ બહુ પ્રસન્ન થયા. તેઓ પ્રફુલ્લ નીલકમળ - સમાન નેત્રવાળાં જગત-જનની જગદંબાને પ્રણામ કરી પોતપોતાને ધામે ચાલ્યા ગયા. પછી તો સ્વર્ગ, અંતરિક્ષ અને પૃથ્વી પર બહુ મોટો ભયંકર કોલાહલ મચી ગયો એને સાંભળીને ભયાનક દુર્ગમાસુરે ચારે બાજુથી સ્વર્ગલોકને ઘેરી લીધો. ત્યારે માતા શાકંભરીએ દેવતાઓની રક્ષા માટે ચારે બાજુએ તેજોમય મંડળનું નિર્માણ કરીને સ્વયં એના ઘેરામાંથી બહાર આવી ગયાં. પ્રથમ માતા શાકંભરીને જોઈ અસુર વિચલ અટ્ટહાસ્ય કરે છેઃ

અસુર વિચલઃ 'હે દેવી, તમે કોઈ પણ હોવ, તુરંત અહીંથી ચાલી જાવ, તમે આ દેવગણોની સુરક્ષા નહીં કરી શકો.'

માતા શાકંભરીઃ 'હે સેનાપતિ વિચલ, તમારી સાથે મને કોઈ વેર નથી, તમારા સ્વામી દુર્ગમાસુરને કહો કે, તમે જે ચાર વેદને કેદમાં પૂર્યા છે તેને મુક્ત કરો.'

એ જ સમયે દુર્ગમાસુર માતા શાકંભરી સમક્ષ ઉપસ્થિત થાય છે, પછી તો દૈત્ય દુર્ગમાસુર અને માતા શાકંભરી વચ્ચે ઘોર યુદ્ધનો આરંભ થાય છે. સમરાંગણમાં બંને બાજુઓથી કવચને છિન્નભિન્ન કરી નાખે તેવાં તીક્ષ્ણ બાણોનો વરસાદ થવા લાગ્યો. એ સમયે માતા શાકંભરીના શરીરથી માતા કાળી, માતા તારા, માતા છિન્નમસ્તા, માતા શ્રીવિદ્યા, માતા ભુવનેશ્વરી, માતા ભૈરવી, માતા બગલા, માતા ધૂમા, માતા ત્રિપુરસુંદરી દશમહાવિદ્યાઓ અસ્ત્ર-શસ્ત્ર સાથે લઈને નીકળે છે. સમસ્ત માતાઓ મસ્તક પર ચંદ્રમાનો મુગટ ધારણ કરેલી માતૃગણો સાથે દૈત્યોનું ભયંકર યુદ્ધ શરૂ થયું. સમસ્ત માતાઓએ દુર્ગમાસુરની સો અક્ષૌહિણી સેનાનો નાશ કરી દીધો. આ જોઈ દુર્ગમાસુર ક્રોધિત થઈ જાય છે અને માતૃગણો પર વધુ જોશથી આક્રમણ કરવા લાગ્યો, માતા શાકંભરી અને દુર્ગમાસુર વચ્ચે ભીષય યુદ્ધ થવા માંડ્યું. દેવી શાકંભરીએ ત્રિશૂળની ધારથી દુર્ગમાસુરનો વધ કરી નાખ્યો. દુર્ગમાસુર ખોદાઈ ગયેલા વૃક્ષની જેમ પૃથ્વી પર પડી ગયો. આ રીતે દૈત્ય દુર્ગમાસુરનો ખાતમો થતાં ચારે વેદને મુક્ત કરી ફરી સપ્તર્ષિઓને આપી દીધા.

ચારે વેદ મુક્ત થતાં દેવતાઓ બોલ્યાંઃ હે દેવી તમે દુર્ગમાસુરનો વધ કર્યો હોવાથી તમને સંસારવાસીઓ 'દુર્ગા' તરીકે ઓળખશે. હે જ્ઞાનદાયિની આપને નમસ્કાર છે, આપ જગતમાતાને વારંવાર નમસ્કાર છે. અનંત કોટી બ્રહ્માંડોનું સંચાલન કરનારાં ભગવતી દુર્ગાને વારંવાર નમસ્કાર છે, આપ સુધી મન, વાણી અને શરીરની પહોંચ કઠણ છે. સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ - એ ત્રણેય આપનાં નેત્ર છે. અમે આપના પ્રભાવને જાણતાં નથી, આપની સ્તુતિ કરવામાં અસમર્થ છીએ, તમે અમારા જેવા પર હંમેશાં દૃષ્ટિપાત કરીને આવી દયા કરતાં રહો, હે દેવી આપ નિરંતર વિઘ્ન-બાધાઓથી તિરસ્કૃત ન થાય અને આપ અમારા શત્રુઓનો આ રીતે જ નાશ કરતો રહો.'

માતા શાકંભરીઃ 'તમે જ્યારે જ્યારે મારું આવાહન કરો છો ત્યારે હું હંમેશાં દોડી આવું છું, હું તમને મારાં બાળકોની જેમ સમજું છું, ચિંતા ન કરો, હું તમારી આપત્તિઓનું નિવારણ કરવા માટે સદૈવ તૈયાર છું. જ્યારે જ્યારે પૃથ્વી પર અસુરો તરફથી બાધા ઉત્પન્ન થશે ત્યારે ત્યારે હું અવતાર લઈ પ્રજાજનોનું કલ્યાણ કરીશ.' (ક્રમશઃ)■

વિશેષ

# શાસ્ત્રોમાં એવાં સ્નાનનો એટલો મહિમા કેમ?

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com



અમારા એક મિત્ર વિદેશમાં ગયા ત્યાં કોઈએ તેમને પ્રશ્ન કર્યો કે તમારા ધર્મમાં વાત વાતમાં નાહવાનું કેમ આવે છે?! પૂજા કરતા પહેલા નાહવાનું, મંદિરમાં જતાં પહેલા નાહવાનું, સ્મશાનમાં જઈને આવો ત્યારે નાહવાનું, મૃતકના ક્રિયા-કર્મ કરો તો નાહવાનું, ગ્રહણ પતે તો નાહવાનું...ઠેકઠેકાણે નાહવાનું વિધાન છે. આવું કેમ? વાત તો વિચારવા લાયક છે. અત્યારે કુંભમાં સ્નાનની ખૂબ ચર્ચા થઇ રહી છે, ત્યારે આ સવાલ વધુ સુસંગત પણ છે. સનાતન ધર્મનું નિષ્ઠા પૂર્વક પાલન કરનાર ઘણાએ આ વાત પર ક્યારેય ચિંતન નહિ કર્યું હોય. શાસ્ત્રો પ્રમાણે સ્નાન એ શૌચની એક મહત્ત્વપૂર્ણ ક્રિયા છે.

શૌચનો અર્થ શું?

આજે તો આપણે મળ-મૂત્રના ત્યાગને જ શૌચ સમજી લીધું છે. અવશ્ય એ પણ શૌચ જ છે. પરંતુ ધર્મ અને શાસ્ત્રો અનુસાર શૌચ તેનાથી પણ વધુ ગહન અર્થ ધરાવે છે. શૌચ અર્થાત શુચિતા, શુદ્ધતા, નિર્મળતા, પવિત્રતા. તેમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સ્વચ્છતા પણ સામેલ છે. પણ તેનો અર્થ એ નથી કે આપણા શાસ્ત્રો માત્ર શારીરિક શુદ્ધિની વાત કરતા હોય. શૌચમાં બાહ્ય અર્થાત શારીરિક શુદ્ધિની સાથે અભ્યન્તર અર્થાત આંતરિક શુદ્ધિને પણ મહત્ત્વ અપાયું છે. બાહ્ય શુદ્ધિ સાબુ, માટી, પાણીથી થાય છે અને આંતરિક શુદ્ધિ આસક્તિ, દ્વેષ, વાસના વગેરે દૂર કરવાથી થાય છે. જેમનું બાહ્ય શુદ્ધિકરણ થાય છે તેમને આંતરિક શુદ્ધિકરણમાં મદદ મળે છે.

શૌચ એ ધર્મનું કેટલું મહત્ત્વનું અંગ છે તે એ વાતથી પણ ફલિત થાય છે કે અનેક શાસ્ત્રોમાં ધર્મના લક્ષણોમાં શૌચનો ઉલ્લેખ કરાયો છે. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય, શ્રીમદ્ ભાગવત, મહાભારત, પદ્મપુરાણ, દિગમ્બર જૈનોના દસલક્ષણી ધર્મમાં પણ શૌચને ધર્મનું આવશ્યક અંગ કહેવાયું છે. મહર્ષિ પતંજલિ પણ શૌચ વિશે બહુ મહત્ત્વપૂર્ણ વાત કરે છે. તેઓ કહે છે કે, શરીરને શુદ્ધ રાખવાથી વૈરાગ્યનો જન્મ થાય છે. આપણને ચોક્કસ એ પ્રશ્ન થાય કે શરીરનું શુદ્ધિકરણ કરવાથી વૈરાગ્ય કેવી રીતે જાગે? જ્યારે આપણે શરીર શુદ્ધિની પ્રક્રિયા કરીએ ત્યારે ગંદકી બહાર નીકળે છે. જેમકે, આંખમાંથી, નાકમાંથી, કાનમાંથી મેલ નીકળે છે. મળ, મૂત્ર, ગળા-છાતીમાંથી કફ, ચામડીમાંથી પણ મેલ નીકળે છે. શૌચ ક્રિયાથી જ આપણને આપણામાં રહેલી ગંદકીનું જ્ઞાન થાય છે. એ પણ સમજાય છે કે અન્યોના શરીરમાં પણ આવી ગંદકી જ હોય છે. તેથી, ‘શૌચાત સ્વાન્ગજુગુપ્સા પરૈરસંસર્ગ:’ પોતાના શરીર પ્રત્યે અહમ અને અન્યના શરીર પ્રત્યે વિકાર ભોગવવાની મમતા, બંને શિથિલ થાય છે. જે રીતે શરીરની શુદ્ધિ માટે પ્રક્રિયા થાય તેમ મનની શુદ્ધિ માટે પણ શૌચ કર્મ કરવા શાસ્ત્રો કહે છે. મનુસ્મૃતિમાં મન, બુદ્ધિ અને આત્માની શુદ્ધિ માટે ઉપાય બતાવ્યા છે, તે મહત્ત્વપૂર્ણ છે. પાણી શરીરને શુદ્ધ કરે છે, સત્ય મનને શુદ્ધ કરે છે, જ્ઞાન અને તપ આત્માને શુદ્ધ કરે છે અને જ્ઞાન બુદ્ધિને શુદ્ધ કરે છે.

ધર્મમાં બતાવેલ વાતોને કેટલાક માત્ર અંધશ્રદ્ધા કહીને નકારી કાઢે છે. પણ આપણા શાસ્ત્રકારોએ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રાખીને જ આચારો દર્શાવ્યા છે. આપણે સ્નાન કરવા વિશે વાત કરીએ છીએ; એટલે ઉદાહરણ તરીકે અંતિમ સંસ્કારમાં જઈ આવ્યા પછી સ્નાન કરવાની પરંપરા છે. ઘણા કહે છે સ્નાન ન કરીએ તો શું ફરક પડે છે? પણ જો વિજ્ઞાનની વાત માનીએ તો મૃતકના શરીરમાં અનેક પ્રકારના ઈન્ફેક્શન ફેલાઈ જવાની શક્યતા રહે છે, તેથી એવું માનવામાં આવે છે કે અંતિમ સંસ્કાર પછી ઘરે આવીને સ્નાન કરવું જોઈએ જેથી શરીરમાં કોઈ ચેપ ન લાગે.

આપણે તીર્થસ્થળોએ ગરમ પાણીના ઝરામાં સ્નાન કરીએ છીએ, અથવા તો કોઈ તીર્થમાં નદીઓના ઠંડા નીરમાં સ્નાન પણ કરીએ છીએ. થાળ કે ગરમ સ્નાનના ફાયદા વિજ્ઞાન પણ વર્ણવે છે. આરામ માટે ગરમ સ્નાન લેવાની ક્રિયાને હાઇડ્રોથેરાપી કહેવામાં આવે છે. તેનો ઉપયોગ પ્રાચીન સંસ્કૃતિના સમયથી કરવામાં આવે છે. ૩૨ ડિગ્રી જેટલા ગરમ પાણીમાં હાઈડ્રોથેરાપી બ્લડ પ્રેશર અને હૃદયના ધબકારા ઘટાડવા માટે ઉપયુક્ત ગણાય છે. તે સ્ટ્રેસ હોર્મોન્સ કોર્ટિસોલ અને એલ્ડોસ્ટેરોનનું ઉત્પાદન પણ ધીમું કરી શકે છે. ગરમ સ્નાન તમને થોડો સરળ શ્વાસ લેવામાં પણ મદદ કરી શકે છે. અભ્યાસ કહે છે કે જ્યારે છાતીને ગરમ પાણીમાં ડૂબવામાં આવે ત્યારે ઓક્સિજન પરિવહનમાં સુધારો થાય છે. આ તમામ પરિબળો સ્નાયુ તણાવ અને માનસિક તણાવ ઘટાડવા માટે ઉપયોગી થાય છે.

તો, ઠંડા પાણીએ સ્નાન કરવાના ફાયદા પણ વિજ્ઞાન બતાવે છે. ઠંડા પાણીનું સ્નાન સ્નાયુ પુનઃપ્રાપ્તિમાં મદદ કરી શકે છે, પીડાને દૂર કરવામાં મદદ કરી શકે છે, તમારા મૂડને બુસ્ટ કરી શકે છે. તેથી ધર્મના આચારોને સીધા નકારી કાઢવાને બદલે ધર્મમાં શા માટે કોઈ આચરણ કહ્યા છે તેનો અભ્યાસ કરીએ તો જ્ઞાનના નવા દરવાજા અવશ્ય ખુલે.■

અલખનો ઓટલો

# નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

*નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*કાના જડી હોય તો આલ્ય, કાના જડી હોય તો આલ્ય, રાસ રમંતાં મારી નથડી ખોવાણી.*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*નાની નાની નથડી ને માંહી જડેલાં મોતી, નથડીને કારણ હું તો હિંડું જોતી જોતી..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*એક એક મોતીડાં માંહે સોના કેરા તાર,*
*સોળ શત ગોપી માંહે કાના રાખો મારો ભાર.. ભાર.. ભાર..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*નાની એવી નથડીને માંહી જડેલા હીરા,*
*નથડી આપોને બેની સુભદ્રાના વીરા.. વીરા.. વીરા..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*નાનેરી પહેરૂં તો મારા નાકે ના સોહાય,*
*મોટેરી પહેરૂં તો મારા મુખ પર ઝોલાં ખાય.. ખાય.. ખાય..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*આંબે બોલે કોયલડી ને વનમાં બોલે મોર,*
*વનરાવનની કુંજગલીમાં ટહૂકે મધુરા મોર,*
*રાધાજીની નથડીનો શામળિયો છે ચોર.. ચોર.. ચોર..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*નથડી ને કાજે હું તો ઢૂંઢું વૃંદાવન*
*નથડી આપોને મારા પ્રાણજીવન..વંન..વંન..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*
*નથડી આપી દ્યો પ્રભુ નંદના કુમાર,*
*નથની આપોને પ્રભુજી લાગું તમારે પાય,*
*નરસૈયાના સ્વામી ઉપર વારી જાઉં બલિહાર.. હાર.. હાર..*
*નાગર નંદજીના લાલ રાસ રમંતાં મારી નથડી ખોવાણી..૦*

નરસિંહ મહેતાના નામાચરણ સાથે લોકકંઠે સચવાતી રહેને સેંકડો વરસોથી ગુજરાતી લોકસમુદાયમાં ગામડાંની રાસમંડળીઓમાં, જાણીતા લોકગાયકો દ્વારા રેડિયો, ટીવી, કેસેટ્સ, સીડી અને ફિલ્મોમાં અવારનવાર સાંભળવા મળતી આ કૃતિ આજે નરસિંહ મહેતાનાં કાવ્યોના અધિકૃત ગણાતા કોઈ સંપાદનો (૧) શિવલાલ જેસલપુરા સંપાદિત ‘નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ’ (ઈ.સ. ૧૯૮૧), (૨) ઉર્વિશ વસાવડા સંપાદિત ‘શબ્દવેદ’ (ઈ.સ.૨૦૧૪), (૩) રમણ સોની સંપાદિત ‘નરસિંહ કાવ્યચયન’ (ઈ.સ.૨૦૧૫), (૪)જવાહર બક્ષીના ‘નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિક્તા’ (ઈ.સ.૨૦૧૯)માં પ્રાપ્ત થતી નથી. પણ ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ દ્વારા સંપાદિત ‘આદિ - ભક્ત- કવિ નરસિંહ મહેતા કૃત કાવ્યસંગ્રહ’(આ.૧,૧૯૧૩)માં લખ્યું છે કે- પ્રથમ રાસક્રીડા જ્યારે જોઈ હતી તે વખતે શ્રી રાધાકૃષ્ણની વચ્ચે જે સંવાદ ચાલ્યો હતો તેનું જ વર્ણન આપેલું છે.

આ પદ નરસિંહ મહેતાની પ્રથમ જ કૃતિ છે એમ કહેવાય છે, અને તે ઘણી મહેનતે શુધ્ધ દશામાં પ્રાપ્ત થયું છે. એમાં આપેલી દરેક કડી પ્રત્યેક દર્શનની વચ્ચે રાધાજી તરફથી બોલાયેલી છે એમ સમજવાનું છે. (ધૂળધોયાના બે બોલ-પ્રસ્તાવના. પૃ.૩૪)



અહીં નરસિંહની પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા શ્રીકૃષ્ણ અને ગોપીઓના પ્રેમસંબંધના મનોભાવો વ્યક્ત થયા છે. અહીં રાધાના મુખે ભાવસંવેદનો ગાતાં નરસિંહ કહે છે કે- ‘હે નટવર નાગર નંદદુલારા વૃંદાવનની કુંજગલીમાં તમારી સાથે રાસ રમતાં મારી નથડી ખોવાઈ ગઈ છે. જો તમને મળી હોય તો કૃપા કરીને મને પાછી આપો. જો બીજી નાનકડી નથડી પહેરૂં તો મારા નાકને શોભતી નથી અને જો મોટી પહેરૂં તો તે મારા મુખ પર ઝળુંબી રહે છે. જુઓ આંબાડાળે બેઠેલી કોયલ અને વનરાવનના મોર પણ બોલી રહ્યા છે કે રાધાજીની નથડી તો શામળિયાએ જ ચોરી છે,માટે કૃપા કરીને મારી નથડી પાછી આપી દો.. નરસિંહ મહેતાના સ્વામી ઉપર હું વારી જાઉં છું..

આના અનુસંધાને નથડી-ફૂલી-નાકની વાળી માટે ‘નરસિંહના પદોમાં સિધ્ધરસ’ (મકરન્દ દવે, પૃ.૫૦)માં અપાયેલ એક પદ આપણને તુરત જ યાદ આવે.

*ફૂલી લાવે નાક સોહંતી, હો લાલ ફૂલી લાવે નાક સોહંતી..*
*સહુ તણે નાકે નકવેસર, મારે નાકે છે વાળી,*
*સહી સમાણીમાં રંગભર રમતાં, મેણાં દઈ દઈ મારી..*
*- ફૂલી લાવે નાક સોહંતી..૦*
*વાલાજી તમે માની હુતી, કહ્યું’તું : ઘડાવીશ છાની,*
*ત્યાંહાં લગે બોલી નહિ ,વ્હાલા જાં લગે હુતી નાની..*
*- ફૂલી લાવે નાક સોહંતી..૦*
*વાલાજી રાતે રામાજી રિસાણી, ફૂલી નાક સારુ આણી,*
*નારસિયાચા સ્વામી સંગે રમતાં, જુગ સચરાચર જાણી રે..*
*- ફૂલી લાવે નાક સોહંતી..૦*

‘ફૂલીનું પદ - ગોપી કહે છે કે પોતે નાની હતી ત્યારે નાકમાં પહેરવાની ફૂલી-ફૂલ જેવી નથડી નહોતી માગતી પણ હવે પોતે મોટી થઈ છે એટલે માગે છે. વળી આવી ‘ફૂલી’ છાની રીતે આપીશ એવું કૃષ્ણે વચન પણ આપ્યું છે. એસાધનાની નિકટતમ અવસ્થા દર્શાવે છે. નાક પર ફૂલી હશે તો એની સુગંધથી આકર્ષાઈને શ્યામ-ભ્રમર આવવાનો જ છે. વળી પોતે પણ ફુલ્લ-પ્રફુલ્લિત અવસ્થાને હવે પામી છે.

નામસ્મરણ વખતે જીભમાં નામનો સ્વાદ આવે છે અને શ્વાસમાં એક જાત’ની સુગંધ આવે છે. કૃષ્ણના શરીરમાંથી મધુગંધ આવે છે એનો અનુભવ ગૌરાંગે કર્યો હતો અને તેથી આખી રાત આ સુગંધમાં મત્ત બની ગયા હતા. ફૂલીનું અમથું લાડભર્યું લાગતું પદ આપણને નામ-શ્વાસની એકતાનાં દર્શન કરાવે છે.’ ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| Apology | પર્યાવરણ |
| Anthology | કાળક્રમ |
| Chronology | માફી |
| Ecology | પુરાણ |
| Mythology | સંગ્રહ |

### ઓળખાણ પડી?

ભગવાન શ્રીકૃષ્ણ આરામ કરતા હતા ત્યારે શિકારીએ ભૂલથી તીર માર્યું હતું એ ભાલકા મંદિર ગુજરાતના કયા શહેરમાં છે?



અ) પોરબંદર બ) વેરાવળ ક) દામનગર ડ) જોરાવર નગર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ફા | ૨ દા | ર | | ૩ અ | ૪ વ | સા | ૫ દ | |
| ળ | | સ | | ૬ ત | ર | સ | | ૭ વા | ૮ સ |
| ૯ ત | સુ | | ૧૦ ત | | બી | | ૧૧ સા | | હા |
| ર | | ૧૨ ખં | ડી | ૧૨-અ તા | | ૧૩ હા | ર | | નુ |
| | ૧૪ બ | | ૧૫ પા | ત | ળી | | ૧૬ પ | ૧૭ ર | ભૂ |
| ૧૮ જો | ર | ૧૯ દા | ર | | | ૨૦ કે | | ૨૧ મ | તી |
| ૨૨ ગા | ડ | રુ | | | ૨૩ મા | ર | ફ | ત | |
| નુ | | | ૨૪ ધા | ૨૫ મ | ધૂ | મ | | ૨૬ ગ | ૨૬-અ ર |
| ૨૭ જો | ક | ૨૮ ર | | ૨૯ કા | રી | | ૩૦ ધ | મ | કી |
| ગ | | ૩૧ વ | ફા | ઇ | | ૩૨ ક | ર | ત | બ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | | ૫ |
| | | | | ૬ | | | | | |
| ૭ | ૮ | | | ૯ | | | ૧૦ | | |
| ૧૧ | | | ૧૨ | | | ૧૩ | | | ૧૩-અ |
| | ૧૪ | ૧૫ | | ૧૬ | | | | | |
| ૧૭ | | | | | | ૧૮ | | ૧૯ | |
| | | ૨૦ | | | ૨૧ | | ૨૨ | | ૨૩ |
| ૨૪ | ૨૫ | | | ૨૬ | | | | ૨૭ | |
| ૨૮ | | | ૨૯ | | | | ૩૦ | | |
| | | ૩૧ | | | | | ૩૨ | | |

**આડી ચાવી**

૧. --- મોટી ખાણ છે (૪)
૩. પદવી, યોગ્યતા વ.નું ખાતરીપત્રક (૫)
૬. ઉતારું, વરઘોડો, ચડાઇ (૩)
૭. આભાર સાથે (૩)
૯. મહિનો (૨)
૧૦. રોપ મોટો થઇને --- બને (૨)
૧૧. સુધી (૨)
૧૨. સારો, કૂડકપટ વિનાનો (૨)
૧૩. ડર, ભય (૨)
૧૪. કિંમત, ભાવ (૨)
૧૬. ચર્ચા (૪)
૧૭. પ્યાસ (૩)
૧૮. રોમમાં --- બનીને રહેવાય (૩)
૨૦. વૃક્ષને વળગી રહે (૨)
૨૨. તાત્કાલિક, હમણાં જ (૩)
૨૪. જીવતું (૩)
૨૬. ભેળસેળ, મિશ્રણ (૩)
૨૭. કળા, માત્રા (૨)
૨૮. ચોક્કસ પ્રકારની વિચારસરણી (૨)
૩૧. ભાવાનુવાદ (૪)
૩૨. સૂરજ ઊગે એટલે --- પડે (૩)

**ઊભી ચાવી**

૧. આ વર્ષે (૪)
૨. માટે, કાજે (૩)
૩. મુસાફરી (૩)
૪. --- ખાવું એટલે તફડાવવું (૨)
૫. ત્રાસેલું (૨)
૬. સમીક્ષક (૫)
૮. હિસ્સેદાર, ગોઠિયો, સાથી (૪)
૧૦. બાળકબુદ્ધિવાળું (૫)
૧૩. દુ:ખી, રાંક, બાપડો (૩) (જો.છૂ.)
૧૩-અ. કાળા પાટિયા પર લખો (૨)
૧૫. ચર્ચા વિચારણા સંતલસ (૪)
૧૭. ભાતભાતનું, વિવિધ (૫)
૧૯. પાપ કરીને ---માં જાવ (૩)
૨૧. નક્કી (૪)
૨૩. સમશેર, ખડગ (૪)
૨૫. સ્મરણ (૨)
૨૯. અખબારો (૨)
૩૦. ગંધ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં જામનગર શહેર કેટલીક જગ્યા માટે પ્રખ્યાત છે. શહેરના ઈતિહાસની જાળવણી કરતું સ્થળ કયા નામે ઓળખાય છે?

અ) લાખોટા મ્યુઝિયમ બ) વોટસન મ્યુઝિયમ
ક) લાલભાઈ મ્યુઝિયમ ડ) સ્મૃતિ વન મ્યુઝિયમ

### માતૃભાષાની મહેક

‘ધણી ધણિયાણી દે રાડ જવાસા તો વાડ’ મજેદાર કહેવત છે. જવાસા એટલે કાંટાવાળો એક જાતનો સુગંધી છોડ. આવા સુગંધી છોડની વાડ ભલે કાંટાળી હોય, પણ એની સુવાસ ચારેકોર પ્રસરે. આવી વાડવાળા ઘરમાં રહેતા પતિ - પત્ની વચ્ચે જો ઝઘડો થાય તો વાત ફેલાઈ જતા વાર ન લાગે.

### ઈર્શાદ

વગર નોતરે જમવા જઈને સારું નરસું બોલે,
લાલો કહે માલાને એ તો તણખલાની તોલે.
-- લોક રચના

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

બહુ જ જાણીતી પંક્તિ ‘રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે’માં સમરાંગણનો અર્થ જણાવો.

અ) કર્મભૂમિ બ) વીરભૂમિ ક) પ્રાંગણ ડ) યુદ્ધભૂમિ

### સુડોકુ-૮૦૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | | | | ૫ | | | |
| ૮ | ૬ | | ૩ | | ૪ | | ૫ | |
| ૧ | | | | ૮ | | | | |
| | | ૧ | | | | ૯ | | |
| ૩ | ૭ | | | ૫ | | | ૧ | ૮ |
| | | ૫ | | | | ૨ | | |
| | | | | ૭ | | | | ૧ |
| | ૧ | | ૬ | | ૯ | | ૩ | ૪ |
| | | | ૪ | | | | ૮ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૬ | ૯ | ૧ | ૩ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૯ | ૨ | ૮ | ૪ | ૬ | ૧ | ૩ |
| ૩ | ૮ | ૧ | ૫ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૮ | ૯ | ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૬ | ૪ | ૫ | ૧ | ૯ | ૮ | ૩ | ૭ | ૨ |
| ૫ | ૧ | ૮ | ૩ | ૨ | ૯ | ૪ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ | ૩ | ૫ |

### માઈન્ડ ગેમ

રાજવી પરિવારમાં જન્મેલા જૈનોના ચોવીસમા અને અંતિમ તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૫૯માં કયા રાજ્યમાં થયો હતો?

અ) મધ્ય પ્રદેશ બ) બિહાર
ક) ગુજરાત ડ) રાજસ્થાન

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વિશ્વામિત્ર ઋષિ | મેનકા |
| વિભાંડક ઋષિ | ઉર્વશી |
| ભારદ્વાજ મુનિ | ઘૃતાચી |
| ગૌતમ ઋષિ | નામપદી |
| શેષિરાયણ ઋષિ | રંભા |

ગુજરાત મોરી મોરી રે
જામનગર

ઓળખાણ પડી?
ગોવા

માઈન્ડ ગેમ
શુદ્ધોદન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
શરીર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ધીરેન્દ્ર ઉદેશી (૩) ગીતા ઉદેશી (૪) પ્રતીમા પમાણી (૫) સુરેખા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નંદકિશોર સંજાણવાળા (૧૨) લજિતા ખોના (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) અશોક સંઘવી (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) ડો. પ્રકાશ કટકિયા (૨૩) ભારતી પ્રકાશ કટકિયા (૨૪) મહેશ દોશી (૨૫) કલ્પના આશર (૨૬) સુભાષ મોમાયા (૨૭) મહેશ દોશી (૨૮) નયના ગિરીશ મિસ્ત્રી (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) રમેશ દલાલ (૩૧) હિના દલાલ (૩૨) ઈનાક્ષી દલાલ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) નિતિન બજારિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અંજુ ટોલિયા (૪૧) અરવિંદ કામદાર (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ભાવના કર્વે

## કોર્ટે ચીપિયો પછાડ્યો, સુધરાઈ ગભરાઈ ને...

# ગણપતિ બાપ્પાનું વિસર્જન અટવાયું



**ગણપતિ નાહી ગેલે ગાવા લા...:** ગણેશ વિસર્જન અટવાતા રોષે ભરાયેલા મૂર્તિકારો અને ગણેશ મંડપના કાર્યકરોની રવિવારે પરેલમાં એક બેઠક યોજાઈ હતી. (અમય ખરાડે)

▸ અદાલતના ડરે પીઓપીની મૂર્તિઓનું વિસર્જન નહીં કરવા દેવા પર સુધરાઈ મક્કમ મલાડ, કાંદિવલી સહિતનાં ઉપનગરોની બાવીસ ગણેશમૂર્તિઓ સાત દિવસે વિસર્જન ન થતા મંડપમાં પાછી લઈ જવાઈ ▸ ભક્તો ભડક્યા ▸ ગણેશમંડળો-મૂર્તિકારો સત્તાવાળાઓ સામે જનઆંદોલન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માઘી ગણેશ જયંતિ નિમિત્તે સ્થાપના કરવામાં આવેલી સાત દિવસની અનેક ગણેશમૂર્તિઓના વિસર્જન હજી સુધી થઈ શક્યું નથી. આ મૂર્તિઓ પ્લાસ્ટ ઓફ પેરિસ (પીઓપી)ની બનાવવામાં આવેલી હોવાથી પોલીસ અને સુધરાઈએ તેના માર્વે બીચ પર વિસર્જન કરતા રોકી દીધા હતા. તેથી આ મૂર્તિઓ હવે પાછી ગણેશમંડપમાં તેના સ્થાપના સ્થળ પર કપડું ઢાંકીને મૂકી દેવામાં આવી છે. ગણેશભક્તો અને મંડળોમાં પ્રશાસન સામે ભારે નારાજગી છે. પાલિકા આ બાબતે મૌન ધારણ કરીને બેઠી છે જ્યારે આ બાબતે ગણેશમંડળોમાં વિરોધનો વંટોળ જાગ્યો છે. હવે ગણેશમંડળો તથા મૂર્તિકારોએ રાજ્ય સરકારને આ બાબતે જનઆંદોલન કરીને ઘેરવાનું નક્કી કર્યું છે.

પ્લાસ્ટર ઓફ પેરિસની ગણેશમૂર્તિના વિસર્જનમાં વિઘ્ન આવી ગયું છે ત્યારે રવિવારે પરેલમાં મૂર્તિકારોની એક બેઠક યોજાઈ હતી. ગણેશમૂર્તિકાર સંઘટનના અધ્યક્ષ પ્રશાંત દેસાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે હાઈ કોર્ટે તો પીઓપી પર પ્રતિબંધ મૂકી દીધો પણ તે પહેલા પાલિકા, પોલીસ હોય કે કોર્ટ

(જુઓ પાનું ૪) ▸▸

# ઠંડી ધીમે પગલે જઈ રહી છે, ગરમી છાને પગલે આવી રહી છે

### મુંબઈમાં દિવસના તાપમાનમાં ખાસ્સો વધારો, ઉકળાટ પણ વધ્યો: જોકે પ્રદૂષણ હજીય ઓછું થવાનું નામ નથી લેતું



**ઉફ્...આ ગરમી ને પોલ્યુશન:** મુંબઈમાં ગરમી વધી છે પણ સવારના ભાગમાં પ્રદૂષણ પણ એટલું જ છે. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં જાન્યુઆરી મહિનામાં થોડી ઘણી ઠંડી પડ્યા બાદ ફેબ્રુઆરી ચાલુ થવાની સાથે જ ગરમી અને ઉકળાટ શરૂ થઈ ગયા છે. હજી મોડી રાતે અને મળસકે ઠંડીનો ચમકારો દેખાય છે. જોકે દિવસમાં અત્યારથી જ ઉનાળાની આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે. રવિવારે મુંબઈમાં મહત્તમ તાપમાનનો પારો ૩૪.૩ ડિગ્રી નોંધાયો હતો. મુંબઈની સાથે જ રાજ્યમાંથી પણ ઠંડી અચાનક ગાયબ થઈ ગઈ છે અને તાપમાનનો પારો ઊંચો નોંધાઈ રહ્યો છે. જોકે ચિંતાનો વિષય પ્રદૂષણ જે ઓછું થવાનું નામ નથી લેતું.

હવામાન ખાતાના અધિકારીના કહેવા મુજબ મુંબઈમાં સામાન્ય રીતે ફેબ્રુઆરી મહિનાથી ઠંડીનું પ્રમાણ ઘટીને વાતાવરણમાં ફેરફાર થવાનું ચાલુ થાય છે અને ગરમીની શરૂઆત થઈ જતી હોય છે. તેથી દિવસના સમયમાં ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. મુંબઈમાં છેલ્લા થોડા દિવસથી દિવસના મહત્તમ તાપમાન ૩૩થી ૩૪ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે. રવિવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૩૩ ટકા નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૦ ડિગ્રી અને ભેજનું પ્રમાણ ૬૬ ટકા નોંધાયું હતું.■

# કરોડોના ગાંજાની સ્મગલિંગ: મુંબઈ એરપોર્ટ પર બે ગુજરાતીની ધરપકડ

મુંબઈ: મુંબઈ એરપોર્ટ પર ચાર પ્રવાસી પાસેથી ૧૪ કરોડનું ડ્રગ્સ પકડાયાના બીજે દિવસે કસ્ટમ્સ વિભાગે વિદેશથી ૮.૧૫ કરોડ રૂપિયાનો ગાંજો બેગમાં છુપાવીને લાવનારા બે ગુજરાતી પ્રવાસીની કસ્ટમ્સ વિભાગે મુંબઈ એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. બંને પ્રવાસીએ અગાઉ પણ ગાંજાની સ્મગલિંગ કરી હોવાનું તપાસમાં જણાયું હતું.

કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) ધરપકડ કરેલા પ્રવાસીઓની ઓળખ રાજકોટના ઉપલેટાના રહેવાસી સાગર વાઢિયા તેમ જ નિગમ હસમુખ રાવળ તરીકે થઇ હતી. બંનેને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડી ફટકારી હતી.

બંને પ્રવાસી શનિવારે રાતે એર ઇન્ડિયાની ફ્લાઇટમાં બેંગકોકથી મુંબઈ આવ્યા હતા. એઆઇયુના અધિકારીઓએ શંકાને આધારે બંનેને આંતર્યા હતા. બંને પ્રવાસીની ટ્રોલી બેગની તલાશી લેવામાં આવતાં ફૂડ પેકેટ્સ, બિસ્કિટનાં પેકેટ્સ, ડ્રાઇ ફ્રૂટ્સનાં પેકેટ્સ અને કપડાં મળ્યાં હતાં. તેની નીચે હાથી અને બાંધણી ડિઝાઇન ધરાવતી બહુરંગી પ્રિન્ટેડ

(જુઓ પાનું ૪) ▸▸

## ધુળેમાં ચાર ટ્રેક્ટરમાંથી ૧૧ ટન ગાંજો મળી આવ્યો

મુંબઈ: ધુળે જિલ્લામાં ચાર ટ્રેક્ટરમાંથી ૧૧,૦૦૦ કિલોગ્રામ ગાંજો મળી આવ્યા બાદ પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ઇન્સ્પેક્ટર જયપાલ હિરેએ જણાવ્યું હતું કે શિરપુર તાલુકામાં ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

મધ્ય પ્રદેશના બોર્ડર પર આવેલા આંબેગાવના ત્રણ એકરના પ્લોટ પર ડ્રિપ ઇરિગેશન દ્વારા ગાંજાની ખેતી થઇ રહી હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે શનિવારે અને રવિવારે ચાર ટ્રેક્ટરમાંથી ગાંજાનો જથ્થો પકડી પાડ્યો હતો. ત્રણ એકરનો પ્લોટ પોલીસ સ્ટેશનથી પંદર કિલોમીટર દૂર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે અજાણી વ્યક્તિ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

### સાકીનાકા પોલીસની લખનઊમાં કાર્યવાહી

## મેફેડ્રોન બનાવવાના કારખાનાનો પર્દાફાશ: ૧૦ કરોડનું ડ્રગ્સ જપ્ત

મુંબઈ: મુંબઈની સાકીનાકા પોલીસે ઉત્તર પ્રદેશના લખનઊમાં કાર્યવાહી કરીને મેફેડ્રોન બનાવવાનું કારખાનું પકડી પાડ્યું હતું. પોલીસે ત્યાંથી ૧૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરી બે જણની ધરપકડ કરી હતી. મુંબઈમાં પકડાયેલા ડ્રગ પેડલરની પૂછપરછ પરથી પગેરું દબાવતા પોલીસ ટીમ કારખાના સુધી પહોંચી હતી. એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) ૩૧ ડિસેમ્બરે અંધેરી પૂર્વના સાકીનાકા વિસ્તારમાં કાજુપાડા પાઇપલાઇન નજીક છટકું ગોઠવી ઇસરાઇલ અબ્દુલ સુભાન શેખને ઝડપી પાડ્યો હતો. ઇસરાઇલ સાયન ધારાવીનો રહેવાસી છે. ઇસરાઇલની પૂછપરછમાં ધારાવીના જસીમ ઉર્ફે ચીકુ શકીલ શેખ અને શિવડીના પ્રદીપ વીરેન્દ્ર હરિજન નામના ડ્રગ પેડલરનાં નામ સામે આવ્યા બાદ અલગ-અલગ સ્થળેથી તેમની

(જુઓ પાનું ૪) ▸▸

# કોસ્ટલ રોડ પર અકસ્માત: યુવતીનો જીવ ગયો



મુંબઈ: ગયા વર્ષે ખુલ્લા મુકાયેલા કોસ્ટલ રોડ પર શનિવારે રાતે થયેલા અકસ્માતમાં યુવતીનો જીવ ગયો હતો. રાતે પુરઝડપે આવી રહેલી કારના ડ્રાઇવરે કાબૂ ગુમાવતાં કાર ડિવાઇડર સાથે ભટકાયા બાદ ઊંધી વળી ગઇ હતી, જેમાં ડ્રાઇવર પણ ઘાયલ થયો હતો. તાડદેવ પોલીસે આ પ્રકરણે ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર કાર પ્રભાદેવીથી ગિરગામની દિશાએ આવી રહી હતી ત્યારે કોસ્ટલ રોડ પર હાજીઅલી નજીક તેને અકસ્માત નડ્યો હતો, જેમાં મૃત્યુ પામેલી યુવતીની ઓળખ ગાર્ગી ચાટે (૧૯) તરીકે થઇ હતી. નાશિકની વતની અને અભ્યાસ માટે મુંબઈ આવેલી ગાર્ગી ચાટે દાદરના શિવાજી પાર્ક વિસ્તારમાં પેઇન્ગ ગેસ્ટ તરીકે રહેતી હતી. ગાર્ગી શનિવારે રાતના સ્વિફ્ટ કારમાં પ્રભાદેવીથી ગિરગામ તરફ આવી રહી હતી. કોસ્ટલ રોડ પર કાર હાજીઅલી પાસે પહોંચી ત્યારે ડ્રાઇવર સંયમ સાકલા (૨૨)એ વળાંક નજીક અચાનક કાબૂ ગુમાવ્યો હતો.

(જુઓ પાનું ૪) ▸▸



**રાજાની સવારી આવી ગઈ છે:** ફળોના રાજા કેરી ક્રોફર્ડ માર્કેટમાં છૂટથી મળવા માંડી છે અને તેની આવક પણ હાલ વધી છે. જોકે તેના ભાવ હજી મદ્યમ વર્ગને પરવડે એવા નથી પણ સ્વાદના રસિયાઓને કિંમતો ક્યારે નડી છે. (અમય ખરાડે)

# એપ્રિલ પછી કોસ્ટલ રોડ વાહનચાલકો માટે ૨૪ કલાક ખુલ્લો મુકાશે

મુંબઈ: મુંબઈના દક્ષિણ છેડાને ઉત્તર છેડા સાથે એટલે કે નરીમાન પોઇન્ટને દહીસર સુધી જોડતો કોસ્ટલ રોડ તબક્કાવાર બનાવવામાં આવી રહ્યો છે. હાલમાં આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો મરીન ડ્રાઇવના પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાય ઓવરથી બાન્દ્રા-વરલી સી લિંકના અંત સુધી બનાવવામાં આવ્યો છે. આ કોસ્ટલ રોડની લંબાઇ ૧૦.૫૮ કિમી છે.

હવે કોસ્ટલ રોડ અંગે મહત્વના સમાચાર જાણવા મળ્યા છે. હાલમાં આ રૂટ પર ટ્રાવેલ કરતા પંદરેક મિનિટનો સમય લાગે છે, પણ હવે લોકોને થતાં ફાયદાઓ ધ્યાનમાં રાખીને એપ્રિલ બાદ સમગ્ર કોસ્ટલ રોડ વાહનચાલકો માટે ૨૪ કલાક ખુલ્લો મૂકવામાં આવશે.

હાલમાં આ રોડ પણ ઘણા નાના મોટા, છૂટાછવાયા કામ બાકી છે. આ રસ્તા પર સીસીટીવી ઇન્સ્ટોલ કરવાના બાકી છે. આ રોડ પર વચ્ચે બે ઇન્ટરચેન્જ ઉપરાંત અમરસન્સ ખાતે સુરક્ષા નિયંત્રણ કક્ષ બનાવવાનું કામ ચાલુ છે. આ બધા કામ માર્ચ મહિનાના અંત સુધીમાં પૂરા થઇ ગયા બાદ કોસ્ટલ રોડ ૨૪ કલાક ખુલ્લો મુકાશે, એવી માહિતી મળી છે. નોંધનીય છે કે ૧૨ માર્ચ ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં આ રૂટ પર ૫૦ લાખથી વધુ વાહનોએ મુસાફરી કરી છે. આ રૂટ પર દરરોજ સરેરાશ ૧૮થી ૨૦ હજાર વાહનો મુસાફરી કરી છે.આ રોડ હાલમાં સવારે સાત વાગ્યાથી રાતે ૧૨ વાગ્યા સુધી ખુલ્લો રહે છે, પણ વાહનચાલકોને થતા ફાયદાઓ ધ્યાનમાં રાખીને એપ્રિલ બાદ આ કોસ્ટલ રોડ વાહનચાલકો માટે ૨૪ કલાક ખુલ્લો રાખવાની યોજના છે. ■

# દીકરીના મૃતદેહની રાહ જોઈ રહેલા શ્રદ્ધા વાલકરના પિતાનું હાર્ટ અટેકથી મૃત્યુ

વસઈ: દિલ્હીના મેહરૌલીમાં લિવ-ઈન પાર્ટનર આફતાબ પૂનાવાલા દ્વારા નિર્દયતાથી હત્યા કરીને ૩૫ ટુકડા કરી નાખવામાં આવેલી શ્રદ્ધા વાલકરના પિતા વિકાસ વાલકરનું મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વસઈમાં હાર્ટ અટેકથી અવસાન થયું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર હતાશ થયેલા પિતાશ્રી પુત્રીની રાખની રાહ જોઈ રહ્યા હતા.

વસઈમાં પુત્ર સાથે રહેતા વિકાસ વાલકરની રવિવારે વહેલી સવારે તબિયત અચાનક લથડી હોવાના અહેવાલ છે. પુત્રએ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જ્યાં તેમને મૃત્યુ પામેલા જાહેર કરવામાં આવ્યા હતા. વસઈ પોલીસે પોસ્ટમોર્ટમનો આદેશ આપી વિકાસ કાર્ડિયાક એરેસ્ટથી મૃત્યુ પામ્યો હોવાનું જણાવ્યું હતું.

વિકાસ વાલકર બે વર્ષથી પોતાની દીકરી માટે ન્યાય મળે એ માટે કાનૂની લડત ચલાવી રહ્યા હતા. શ્રદ્ધાના અંતિમ સંસ્કાર હજુ સુધી કરવામાં આવ્યા નથી કારણ કે દિલ્હી પોલીસે મેહરૌલીના જંગલમાંથી મળી આવેલા તેના હાડકાંના અવશેષો હજી પરિવારને નથી સોંપ્યા.

૧૮ મે, ૨૦૨૨ના દિવસે લિવ - ઈન પાર્ટનરે શ્રદ્ધાની હત્યા કરી તેના શરીરના ૩૫ ટુકડા કરી નાખ્યા હતા. ૧૨ નવેમ્બરે આફતાબની ધરપકડ કરવામાં આવી હતી. શ્રદ્ધાના પિતાએ આરોપી માટે ફાંસીની સજાની માગ કરી હતી.

આ કેસને ભારે ચકચાર જગાવી હતી અને શ્રદ્ધાને ન્યાય અપાવવા માટેની પણ જોરદાર માગણી થઈ હતી. જોકે આ બધાની વચ્ચે મૃતદેહની રાહ જોવામાં જ તેના પિતાનું અવસાન થયું હતું. ■

# પશ્ચિમ રેલવેનું ગર્ડર બદલવાનું કામ ૧૩ને બદલે ૧૦ કલાકમાં પૂરું: પ્રવાસીઓ હેરાન પરેશાન

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં ચાલી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત વિવિધ કામકાજ પૈકી મુંબઈ સેન્ટ્રલ અને ગ્રાન્ટ રોડ વચ્ચે તાજેતરમાં બ્રિજના સ્ટીલ ગર્ડરનું કામ નિર્ધારિત સમયગાળા પૂર્વે પૂરું કરવામાં આવ્યું હતું. આમ છતાં અનેક ટ્રેનો રદ્દ થવાની સાથે મોડી દોડવાને કારણે પ્રવાસીઓ માટે આજનો રવિવારનો રજાનો દિવસ હાલાકીભર્યો રહ્યો હતો. રેલવેએ કામ ભલે ૧૦ જ કલાકમાં પૂરું કર્યું પણ આને કારણે શનિવારે રાતે પ્રવાસીઓને પડેલી હાલાકી કંઈ ઓછી નથી થઈ. શનિવારે રાતે ૧૦ વાગ્યા પછી અને રવિવારે સવારે પશ્ચિમ રેલવેનાં સ્ટેશનો અને ટ્રેનોમાં ભરચક ગિરદી જોવા માળી હતી. હાલના તબક્કે પશ્ચિમ રેલવેમાં મહત્ત્વપૂર્ણ માળખાગત સુધારાઓ કરવામાં આવી રહ્યા છે, જે પૈકી મહત્વપૂર્ણ એવા કાર્યોમાં પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન પર મુંબઈ સેન્ટ્રલ અને ગ્રાન્ટ રોડ વચ્ચે સ્થિત બ્રિજ પાંચના સ્ટીલ ગર્ડરને ખાસ ડિઝાઇન કરેલ નોન-સ્ટાન્ડર્ડ પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ સ્લેબ (પીએસસી)સાથે સફળતાપૂર્વક બદલવામાં આવ્યો હતો. એન્જિનિયરિંગ સંબંધિત જટીલ કામગીરીને પૂરી કરવા માટે ૧૩ કલાકનો બ્લોક નિર્ધાર કરવામાં આવ્યો હતો, પરંતુ ૧૦ કલાકમાં જ પૂર્ણ કરવામાં સફળતા મળી હતી. ૪૯ ડિગ્રીનો ખૂણો અને ૧૨ મીટરના ગાળા સાથેનો સ્ક્યૂ બ્રિજ ૫ જગ્યાની મર્યાદાઓને કારણે કામ કરવાનું પડકારજનક હતું, તેમાંય બ્રિજના

(જુઓ પાનું ૪) ▸▸



**રઝળી પડ્યા:** પશ્ચિમ રેલવેમાં શનિવારે રાતથી રવિવારે સવાર સુધીના બ્લોકને લીધે સ્ટેશનો પર ચિક્કાર ગિરદી જોવા મળી હતી. (અમય ખરાડે)

### દિલ્હીનાં ચૂંટણી પરિણામોની સાઈડ ઈફેક્ટ મહારાષ્ટ્રમાં

# કેજરીવાલના ડાંડિયા ડૂલ થતા ઉદ્ધવ ને શરદ પવારને ૪૪૦ વૉટનો ઝટકો

મુંબઈ: દિલ્હી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આવી ગયા છે. એમાં આમ આદમી પાર્ટીની હારના પડઘા મહારાષ્ટ્રમાં પડ્યા છે. કેજરીવાલને નાદે ચઢીને ભાજપ પર પ્રહાર કરતા રહેતા ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારને ૪૪૦ વોટનો ઝટકો લાગ્યો છે. કારણ કે તેમણે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં 'આપ'નું સમર્થન કર્યું હતું. જોકે, ભાજપે દિલ્હીમાંથી આપનો કાંટો કાઢી નાખીને અનેક પક્ષોની હવા કાઢી નાખી છે. ભાજપની જીતથી દિલ્હીમાં તેમ જ મહારાષ્ટ્ર ભાજપને પણ ઉજવણી કરાવી દીધી છે.

જોકે, એ હકીકત છે કે મહારાષ્ટ્રની ચૂંટણીઓમાં આપ ક્યારેય મહત્વનું ગણાયું નથી, પણ મહારાષ્ટ્રની શિવસેના (યુબીટી)અને શરદ પવારની એનસીપી (એસપી)ને કેજરીવાલની આપ પાસેથી ઘણી આશાઓ હતી. ઉદ્ધવ સેના અને શરદ પવાર બંને જાણે છે કે ભાજપ સામે લડવાનું તેમનું ગજું નથી, તેથી કેજરીવાલની આડમાં તેઓ ભાજપ સામે આડકતરા પ્રહારો કરતા હતા. તેઓ ઘણા મામ લે આપનું સમર્થન કરતા અને ભાજપની નિંદા કરતા જોવા મળ્યા હતા. ચા કરતા કિટલી ગરમ એ ન્યાયે ઠાકરે સેનાનો સંજય રાઉત તો લગાતાર ભાજપ પર પ્રહારો કરીને કૂદાકૂદ કરતો હતો, પણ હવે કેજરીવાલની હારથી એને પણ ધ્રાસ્કો પડ્યો છે કે હવે શું થશે

જ્યારે આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના ભ્રષ્ટાચાર સામે દેશભરમાં આદોલન છેડ્યું ત્યારે તેમના વિરોધનું નેતૃત્વ મહારાષ્ટ્રના સમાજસેવક અન્ના હજારેએ કર્યું હતું. દિલ્હીમાં ભ્રષ્ટાચાર સામે આંદોલન અને લોકપાલ બિલ માટે સરકાર પર દબાવ બનાવવા માટે અરવિંદ કેજરીવાલને અન્ના ઉપરાંત કિરણ બેદી, શાંતિ ભૂષણ, પ્રશાંત ભૂષણ, કિરણ બેદી, મેઘા પાટકર વગેરે અનેકે સાથ આપ્યો હતો. એ જ અન્ના હજારેએ ૨૦૨૫ની દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કેજરીવાલને વોટ નહીં આપવાની

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ્યમાંથી થતી કરવેરાની વસૂલાતને આધારે ભંડોળની માગ અયોગ્ય: ગોયલ

મુંબઈ: કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પીયુષ ગોયલે જણાવ્યું હતું કે કેટલાક રાજ્યો દ્વારા કેન્દ્ર સરકારને આપવામાં આવતા વેરામાં યોગદાનને આધારે કેન્દ્રીય ભંડોળની ફાળવણી અંગેની માગણી કરવામાં આવી રહી છે તે અત્યંત કમનસીબ અને હલકી વિચારધારા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી એવા મતના છે કે દેશને સમૃદ્ધ બનાવવાનો છે. ઈશાનનાં અને પૂર્વનાં આઠ રાજ્યો જેમ કે બિહાર, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડનો વિકાસ થવો જોઈએ, એમ ગોયલે શનિવારે કહ્યું હતું. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) અને સ્ટુડન્ટ્સ એક્સપિરિયન્સ ઈન ઈન્ટર-સ્ટેટ લિવિંગ (સેઈલ)ની પહેલ દ્વારા આયોજિત રાષ્ટ્રીય એકાત્મતા યાત્રા ૨૦૨૫ને સંબોધતાં તેમણે કહ્યું હતું કે છેલ્લા ૧૧ વર્ષમાં મોદી સરકારનું મહાભારતના અર્જુનની જેમ લક્ષ્ય ઈશાનનાં અને પૂર્વનાં રાજ્યોનો વિકાસ છે. આ કમનસીબ છે કે કેટલાક રાજ્યો અને કેટલાક નેતાઓ... મારે કોઈ રાજકારણ કરવું નથી, પરંતુ મહારાષ્ટ્રના કેટલાક નેતાઓ એવું કહેતા હતા... અઢી વર્ષની અગાઉની સરકારના નેતાઓ એવું કહેતા હતા. તેઓ મુંબઈ અને મહારાષ્ટ્ર દ્વારા કેન્દ્ર સરકારને જે વેરાઓ આપવામાં આવે છે તેના પ્રમાણમાં કેન્દ્રીય ભંડોળ મળવું જોઈએ એમ કહેતા હતા, એમ ગોયલે કહ્યું હતું. ઉત્તર મુંબઈના સંસદસભ્ય અગાઉની ઉદ્ધવ ઠાકરેની સરકારનો ઉલ્લેખ કરી રહ્યા હતા. દેશમાં એવા કેટલાક રાજ્યો છે, કર્ણાટક, તામિલનાડુ, તેલંગણા જેઓ એવું કહી રહ્યા છે કે તેમને વેરાના પ્રમાણમાં ભંડોળ મળવું જોઈએ. આના કરતાં વધારે કોઈ હલકી વિચારધારા ન હોઈ શકે અને આના કરતાં વધુ કમનસીબ કશું ન હોઈ શકે, એમ તેમણે કહ્યું હતું. હવે કોઈ ચિંતાનું કારણ નથી, કેમ કે અત્યારે મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વ હેઠળની સમજદાર સરકાર છે, જે નોર્થ-ઈસ્ટ પ્રત્યે સંવેદનશીલ છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું. ■

# બીજી વન-ડેમાં ભારતનો ચાર વિકેટે વિજય, રોહિત શર્માની આક્રમક સદી

કટક (ઓડિશા): ભારતે બીજી વન-ડે મૅચમાં ઇંગ્લૅન્ડને ચાર વિકેટે હાર આપી હતી. મૅચનો હીરો રોહિત શર્મા રહ્યો હતો જેણે શાનદાર આક્રમક સદી ફટકારી હતી. આ સાથે ભારતે ત્રણ મૅચની વન-ડે સીરિઝ ૨-૦થી જીતી લીધી હતી. વનડેમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ઇંગ્લૅન્ડની ટીમે ૩૦૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો જેના જવાબમાં ભારતીય ટીમે માત્ર ૪૪.૩ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને મૅચ જીતી લીધી હતી. અગાઉ કૅપ્ટન રોહિત શર્માએ ૯૦ બોલમાં ૧૨ ચોગ્ગા અને સાત છગ્ગાની મદદથી ૧૧૯ રનની શાનદાર ઇનિંગ રમી હતી. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં રોહિત શર્માએ શાનદાર વાપસી કરી હતી. તેણે બીજી વનડેમાં માત્ર ૭૬ બોલમાં પોતાની ૩૨મી સદી ફટકારી હતી. તે સિવાય વિરાટ કોહલીનું ખરાબ ફોર્મ યથાવત્ રહ્યું હતું અને તે આદિલ રાશિદનો શિકાર બન્યો હતો. જોકે ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલે પણ અડધી સદી ફટકારી હતી. તેણે ૪૫ બોલમાં પોતાની વન-ડે કરિયરની ૧૫મી અડધી સદી ફટકારી હતી. શ્રેયસ ઐયર ૪૭ બોલમાં ૪૪ રન કરીને આઉટ થયો હતો. આદિલ રશીદે તેને આઉટ કર્યો હતો. ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની વન-ડે શ્રેણીની બીજી મેચ કટકના બારાબતી સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. આ મેચમાં ઇંગ્લેન્ડે ભારતને જીતવા માટે ૩૦૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી બેન ડકેટ અને જો રૂટે અડધી સદી ફટકારી હતી. મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ઇંગ્લેન્ડે ૪૯.૫ ઓવરમાં ૩૦૪ રન કર્યા હતા. ઇંગ્લેન્ડની ટીમે શાનદાર શરૂઆત કરી હતી. ફિલ સોલ્ટ અને બેન ડકેટે મળીને ૧૦.૫ ઓવરમાં ૮૧ રનની ભાગીદારી કરી હતી. આ ઓપનિંગ ભાગીદારીનો અંત વરુણ ચક્રવર્તીએ કર્યો હતો. તેણે સોલ્ટને આઉટ કર્યો હતો. સોલ્ટે ૨૯ બોલમાં ૨૬ રન કર્યા હતા. ડકેટે ૫૬ બોલમાં ૧૦ ચોગ્ગાની મદદથી ૬૫ રન કર્યા હતા. તે જાડેજાનો શિકાર બન્યો હતો. બાદમા જો રૂટ અને હેરી બ્રુકે મળીને ત્રીજી વિકેટ માટે ૬૬ રનની ભાગીદારી કરી હતી. બ્રુક ૩૧ રન કરીને હર્ષિત રાણાની ઓવરમાં શુભમન ગિલના હાથે કેચ આઉટ થયો હતો.

૧૬૮ રનના સ્કોર પર ત્રીજી વિકેટ પડ્યા બાદ કેપ્ટન જોસ બટલર અને જો રૂટ વચ્ચે ચોથી વિકેટ માટે ૫૧ રનની ભાગીદારી થઈ હતી. આ દરમિયાન રૂટે ૬૦ બોલમાં પોતાની અડધી સદી પુરી કરી હતી. હાર્દિક પંડ્યાએ બટલરને આઉટ કરીને આ ભાગીદારીનો અંત કર્યો હતો. બટલરે બે ચોગ્ગાની મદદથી ૩૪ રન કર્યા હતા. ■



**વિકેટ:** ઓડિશાના કટકસ્થિત બારાબાતી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેની બીજી વન-ડે મૅચ દરમિયાન રવિવારે ઈંગ્લૅન્ડના બૅન ડકૅટ્ટની વિકેટ ઝડપ્યા બાદ ઉજવણી કરી રહેલા ભારતીય ખેલાડી રવીન્દ્ર જાડેજા (મધ્યમાં), વિરાટ કોહલી (ડાબે) અને હર્ષિત રાણા. (એજન્સી)



**આઉટ:** ઓડિશાના કટકસ્થિત બારાબાતી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેની બીજી વન-ડે મૅચ દરમિયાન રવિવારે ઈંગ્લૅન્ડના બૅટ્સમેન હૅરી બ્રૂકની વિકેટ ઝડપ્યા બાદ ટીમના સભ્યો સાથે ઉજવણી કરી રહેલો ભારતીય બૉલર હર્ષિત રાણા. (એજન્સી)

# ન્યૂ ઝીલેન્ડ સામે હાર્યું પાકિસ્તાનઃ ફિલિપ્સ મેન ઑફ ધ મેચ

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાંના રિહર્સલમાં કિવીઓના છેલ્લી છ ઓવરના ૯૮ રન યજમાન ટીમને છેવટે ભારે પડ્યા

લાહોરઃ આગામી ૧૯મી ફેબ્રુઆરીએ કરાચીમાં શરૂ થનારી વન-ડેની ચેમ્પિયન્સ ટ્રોફી અગાઉની રિહર્સલ સમાન મેચમાં શનિવારે લાહોરમાં ન્યૂ ઝીલેન્ડ સામે પાકિસ્તાનનો ૭૮ રનના મોટા માર્જિનથી ઘોર પરાજય થયો હતો.



આ ટ્રાયેન્ગ્યુલર મેચમાં ન્યૂ ઝીલેન્ડે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી અને ગ્લેન ફિલિપ્સ (૧૦૬ અણનમ, ૭૪ બોલ, સાત સિક્સર, છ ફોર) તથા ડેરિલ મિચલ (૮૧ રન, ૮૪ બોલ, ચાર સિક્સર, બે ફોર)ની ધમાકેદાર ઇનિંગ્સની મદદથી ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૩૦ રન બનાવ્યા હતા. એમાં કેન વિલિયમસનનું ૫૮ રનનું તેમ જ માઈકલ બ્રેસવેલનું ૩૧ રનનું યોગદાન પણ હતું.

ફિલિપ્સે માત્ર ૭૨ બોલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. વન-ડેમાં તેની આ પહેલી જ સેન્ચુરી હતી. ન્યૂ ઝીલેન્ડની છેલ્લી છ ઓવરમાં ૯૮ બન્યા હતા જે પાકિસ્તાનને છેવટે ભારે પડ્યા હતા.

પાકિસ્તાનના મુખ્ય ફાસ્ટ બોલર શાહિન શાહ આફ્રિદીને ૮૮ રનના ખર્ચે ત્રણ વિકેટ મળી હતી. સ્પિનર અબ્રાર અહમદને ૪૧ રનમાં બે વિકેટ મળી હતી.

પાકિસ્તાનની ટીમ જવાબમાં ૪૭.૫ ઓવરમાં ૨૫૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. એમાં એકમાત્ર હાફ સેન્ચુરી હતી જે છેક ૧૫ મહિને વન-ડે ટીમમાં કમબેક કરનાર ઓપનર ફખર ઝમાને (૮૪ રન, ૬૯ બોલ, ચાર સિક્સર, સાત ફોર) નોંધાવી હતી. ૨૪મી ઓવરમાં ૧૧૯ રનના કુલ સ્કોર પર તેની વિકેટ પડી ત્યાર પછી પાકિસ્તાને મેચ પરથી પકડ ગુમાવી હતી. ગ્લેન ફિલિપ્સે ઝમાનને એલબીડબ્લ્યૂ કર્યો હતો.

મિડલ ઑર્ડરના બેટર સલમાન આગાએ ૪૦ રન બનાવ્યા હતા, પરંતુ તે પાકિસ્તાનને જિતાડી નહોતો શક્યો.

ફાસ્ટ બોલર મેટ હેન્રીએ ત્રણ અને કેપ્ટન-સ્પિનર મિચલ સેન્ટનરે ત્રણ વિકેટ લીધી હતી. બે વિકેટ બ્રેસવેલે અને એક વિકેટ ફિલિપ્સે મેળવી હતી.

વિલ ઑરુરકેને ૪૬ રનમાં અને ફીલ્ડિંગ દરમ્યાન ઈજા પામેલા સ્પિનર રાચિન રવીન્દ્રને ૧૪ રનમાં એકેય વિકેટ નહોતી મળી.

ઝમાનની મહત્ત્વની વિકેટ ફિલિપ્સે લીધી હતી અને ફક્ત ૧૦ રન બનાવનાર ભૂતપૂર્વ કેપ્ટન બાબર આઝમનો કેચ પણ ફિલિપ્સે જ ઝીલ્યો હતો. ફિલિપ્સને આ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ મેન ઑફ ધ મેચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

આ ટ્રાયેન્ગ્યૂલર સિરીઝ છે જેમાં હવે સોમવારે ન્યૂ ઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે. બુધવારે પાકિસ્તાન અને સાઉથ આફ્રિકા રમશે અને આ ત્રણમાંથી જે બે ટીમના પોઇન્ટ સૌથી વધુ હશે એ ફાઇનલમાં ટકરાશે. ■

# એમઆઇ કેપટાઉને જીત્યું સાઉથ આફ્રિકા ટી-૨૦નું ટાઇટલ, ફાઇનલમાં સનરાઇઝર્સને હરાવ્યા

જહોનિસબર્ગઃ એમઆઇ કેપટાઉને સાઉથ આફ્રિકા ટી-૨૦ લીગનું ટાઇટલ જીત્યું હતું. ફાઇનલ મેચમાં સનરાઇઝર્સ ઇસ્ટર્ન કેપને ૭૬ રનથી હરાવીને ટાઇટલ પોતાના નામે કર્યું હતું. એમઆઇ કેપટાઉનના કેપ્ટન રાશિદ ખાનની શાનદાર કેપ્ટનશિપમાં વાન્ડરર્સ ખાતે રમાયેલી ફાઇનલમાં શાનદાર બોલિંગની મદદથી બે વખતની ચેમ્પિયન સનરાઇઝર્સ ઇસ્ટર્ન કેપને ૭૬ રનથી હરાવીને ટાઇટલ જીત્યું હતું. મેચનો હીરો રબાડા રહ્યો હતો જેણે ૩.૪ ઓવરમાં ૨૫ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે ટ્રેન્ટ બોલ્ટે ચાર ઓવરમાં માત્ર નવ રન આપીને બે વિકેટ લીધી હતી.

જીતવા માટેના ૧૮૨ રનનો પીછો કરતા સનરાઇઝર્સની ટીમ ૧૦૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. સનરાઇઝર્સ તરફથી ટોમ એબેલ (૩૦) અને ટોની ડી જ્યોર્જી (૨૬) સિવાય કોઈ બેટ્સમેન મોટી ઇનિંગ રમી શક્યો ન હતો. એમઆઈના સ્પિનર જ્યોર્જ લિન્ડેએ ચાર ઓવરમાં ૨૦ રન આપીને બે વિકેટ લીધી હતી.

સતત પાંચ મેચ જીતીને ફાઇનલમાં પહોંચેલી એમઆઇ કેપટાઉને ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યા બાદ રેયાન રિકલ્ટન અને રાસી વાન ડેર ડ્યુસેને ખૂબ જ આક્રમક શરૂઆત કરી હતી. વાન ડેર ડ્યુસેને પાંચમી ઓવરમાં ઓવરટોનને સિક્સર ફટકારી હતી પરંતુ તેણે છેલ્લા બોલ પર રિકલ્ટન (૧૫ બોલમાં ચાર સિક્સર અને એક ફોર)ની વિકેટ લઈને સનરાઇઝર્સને મોટી સફળતા અપાવી હતી. બીજી જ ઓવરમાં ડોસને ખાતું ખોલવાની તક આપ્યા વિના રીઝા હેન્ડ્રીક્સને આઉટ કરીને એમઆઈ કેપટાઉનને બીજો ફટકો આપ્યો હતો. પાવરપ્લે બાદ સ્કોર બે વિકેટે ૫૨ રન હતો.

બે વિકેટ પડ્યા બાદ રન રેટ પર અંકુશ આવી ગયો હતો અને સ્પિનર ડોસને સાતમી ઓવરમાં માત્ર ચાર રન આપ્યા હતા. વાન ડેર ડ્યુસેન ૨૫ બોલમાં ૨૩ રન કરી આઉટ થયો હતો. એમઆઇએ ૧૦૦ રન ૧૩મી ઓવરમાં પૂરા કર્યા હતા. ડેવાલ્ડ બ્રુઈસે કેટલાક સારા શોટ રમ્યા. બ્રુઈસે માત્ર ૧૮ બોલમાં ૩૮ રન ફટકાર્યા હતા જેમાં ચાર છગ્ગા અને બે ચોગ્ગા સામેલ હતા. સનરાઇઝર્સ તરફથી રિચાર્ડ ગ્લીસને ચાર ઓવરમાં ૨૨ રન આપીને બે વિકેટ લીધી. યાનસેન અને ડોસનને પણ બે-બે વિકેટ મળી હતી.

તેનાથી વિપરીત સનરાઇઝર્સની શરૂઆત ખરાબ રહી કારણ કે ઓપનર ડેવિડ બેડિંગહામ (૫) બીજી ઓવરમાં આઉટ થઈ ગયો હતો. રબાડાએ તેને પોતાનો શિકાર બનાવ્યો હતો. તે પછીની ઓવરમાં ટ્રેન્ટ બોલ્ટે જોર્ડન હાર્મન (૧) ને પેવેલિયન મોકલી દીધો. ટોમ એબલ (૩૦) અને ટોની ડીજ્યોર્જ (૨૬) એ મજબૂત ભાગીદારી નોંધાવી પરંતુ બંનેએ સતત ઓવરોમાં આઉટ થતાં સનરાઇઝર્સ મુશ્કેલીમાં મુકાઇ ગઇ હતી. રબાડાએ કેપ્ટન એડન માર્કરામ (૬) નો કેચ કરીને સનરાઇઝર્સની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. ટ્રિસ્ટન સ્ટબ્સ ૧૫ કરીને આઉટ થયો હતો. આખરે આખી ટીમ ૧૯મી ઓવરમાં માત્ર ૧૦૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ■

# ભાજપના એમએલએ અશોક ડિન્ડાએ આઈપીએલમાં લીધી હતી વિરાટની પ્રથમ વિકેટ

નવી દિલ્હીઃ ક્રિકેટ જગતના સૌથી મોટા નામોમાં વિરાટ કોહલીનું નામ અચૂક લેવામાં આવે છે અને હાલમાં તે ફરી ફોર્મમાં આવવા સંઘર્ષ કરી રહ્યો છે એવામાં તે ૨૦૦૮ની સૌપ્રથમ આઈપીએલમાં જે પહેલી મેચ રમ્યો ત્યારે એમાં તેની વિકેટ લેનાર બોલરનું નામ હમણાં ચર્ચામાં છે.

૨૦૦૮માં બેંગ્લૂરુ વતી રમવાનું શરૂ કરનાર કોહલીને ત્યારે કોલકાતાના અશોક ડિન્ડાએ તેના એક રનના સ્કોર પર ક્લીન બોલ્ડ કર્યો હતો.

રાઈટ-આર્મ ફાસ્ટ બોલર અશોક ડિન્ડાએ એ મેચમાં આરસીબીના વસીમ જાફરની પણ વિકેટ લીધી હતી. ડિન્ડાએ ત્યારે નવ રનમાં બે વિકેટ લીધી હતી અને કલકત્તાએ બેંગ્લૂરુને ૮૨ રનમાં આઉટ કરીને ૧૪૦ રનથી વિજય મેળવ્યો હતો.

ડિન્ડાને આઇપીએલમાં ડેબ્યૂ થયા પછી ભારત વતી ટી-૨૦ અને વન-ડેમાં રમવા મળ્યું હતું. ટેસ્ટ મેચ રમવાનો તેને ક્યારેય મોકો નહોતો મળ્યો.

ડિન્ડાએ ૨૦૨૧માં નિવૃત્તિ જાહેર કરી હતી અને રાજકારણમાં ઝુકાવ્યું હતું. પશ્ચિમ બંગાળ વિધાનસભાની મોઇના બેઠક પરથી તે ચૂંટણી લડ્યો હતો અને જીતી ગયો હતો.

કોહલી માટે ૨૦૧૬ની આઇપીએલ સર્વશ્રેષ્ઠ હતી જેમાં તેણે વિક્રમજનક કુલ ૯૭૩ રન બનાવ્યા હતા. ■

# ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકામાં ૧૪ વર્ષ પછી જીતી ટેસ્ટ સિરીઝ, શ્રીલંકાનો ૨-૦થી વાઇટવોશ

ગોલ (શ્રીલંકા): ઓસ્ટ્રેલિયાએ રવિવારે અહીં બીજી ટેસ્ટ નવ વિકેટે જીતીને બે મેચની શ્રેણીમાં શ્રીલંકાનો ૨-૦થી વાઇટવોશ કર્યો હતો. શ્રીલંકાના ૭૫ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાએ એક વિકેટ ગુમાવીને જીત હાંસલ કરી હતી. ઓપનિંગ બેટ્સમેન ઉસ્માન ખ્વાજા ૨૭ અને માર્નસ લાબુશેન ૨૬ રન કરી અણનમ રહ્યા હતા. ટ્રેવિસ હેડ ૨૦ રન ફટકારી આઉટ થયો હતો.

ઓસ્ટ્રેલિયાએ ૨૦૧૧ પછી પહેલી વાર શ્રીલંકામાં ટેસ્ટ શ્રેણી જીતી હતી. તે સમયે ટીમે રિકી પોન્ટિંગની કેપ્ટનશિપમાં શ્રીલંકાને ૧-૦થી હરાવ્યું હતું. શ્રીલંકાએ ચોથા દિવસની શરૂઆત આઠ વિકેટે ૨૧૧ રનથી કરી હતી અને માત્ર ૫૪ રનની લીડ મેળવી હતી. વાઇસ કેપ્ટન કુસલ મેન્ડિસે મેચની પોતાની બીજી અડધી સદી પૂરી કરી પરંતુ તે જ ઓવરમાં શોર્ટ સ્ક્વેર લેગ પર સ્મિથના હાથે કેચ આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી મેથ્યુ કુહનેમેને ૬૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી જ્યારે લિયોને ૮૪ રન આપીને ચાર વિકેટ લીધી હતી.

૭૫ રનના લક્ષ્યનો પીછો કરતા ટ્રેવિસ હેડ (૨૦) અને ખ્વાજાએ સારી શરૂઆત અપાવી હતી. સાત ઓવરમાં ૩૮ રનની ભાગીદારી કરી હતી. પ્રભાત જયસૂર્યાએ હેડને પેવેલિયન મોકલ્યો પરંતુ ખ્વાજાએ લાબુશેન સાથે મળીને ૩૭ રનની અણનમ ભાગીદારી કરીને ટીમને વિજય અપાવ્યો હતો. આ ઓસ્ટ્રેલિયાનો સતત ચોથો ટેસ્ટ વિજય છે અને શ્રીલંકાની સતત ચોથી હાર છે. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલ જૂનમાં રમાશે. ■




**ચેમ્પિયન્સ:** શ્રીલંકાના ગોલ ખાતે રવિવારે શ્રીલંકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની બીજી ટેસ્ટ મૅચ પૂરી થયા બાદ વૉર્ન-મુરલીધરન ટ્રોફી સાથે તસવીર ખેંચાવી રહેલા ઑસ્ટ્રેલિયાની ટીમના સભ્યો. (એજન્સી)

# આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા શ્રીલંકાના દિગ્ગજ બેટ્સમેનની આઇસીસીએ કરી પ્રશંસા

દુબઈઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઇસીસી) એ રવિવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન અને ઓપનર દિમુથ કરુણારત્નેની પ્રશંસા કરી હતી. જેણે ગાલેમાં ઓસ્ટ્રેલિયા સામેની ૧૦૦મી ટેસ્ટ સાથે પોતાની શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીને અલવિદા કહી દીધું હતું. કરુણારત્નેએ તેની વિદાય ટેસ્ટમાં ૩૬ અને ૧૪ રન કર્યા હતા.

આઇસીસી પ્રમુખ જય શાહે અહીં જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''દિમુથની કારકિર્દી ખૂબ જ સારી રહી છે. તેમણે રમતના પરંપરાગત ફોર્મેટમાં બેટ્સમેન તરીકે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને ૧૦૦ ટેસ્ટ રમનાર પોતાના દેશનો સાતમો ખેલાડી બન્યો હતો. ૩૬ વર્ષીય કરુણારત્નેએ ટેસ્ટમાં લગભગ ૪૦ની સરેરાશથી ૭૨૨૨ રન ફટકાર્યા છે. દરમિયાન તેમનો સર્વોચ્ચ સ્કોર ૨૪૪ રન રહ્યો છે. તેણે ૫૦ વનડેમાં ૧૩૧૬ રન કર્યા હતા.


તેમણે ૨૦૧૯ થી ૨૦૨૩ દરમિયાન ૩૦ ટેસ્ટમાં શ્રીલંકાની કેપ્ટનશીપ કરી જેમાં ૧૨માં જીત અને ૧૨માં હાર મળી હતી. તેમની પ્રતિબદ્ધતા અજોડ રહી છે. શાહે કહ્યું હતું કે મને ખાતરી છે કે વિશ્વભરના ટેસ્ટ ક્રિકેટ ચાહકોને તેની ખોટ સાલશે. ડાબોડી બેટ્સમેન કરુણારત્નેએ ૨૦૧૨માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું.

શાહે કહ્યું હતું કે આઇસીસી તરફથી હું તેમને તેમના ઉત્કૃષ્ટ કારકિર્દી બદલ અભિનંદન આપવા માગુ છું અને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવું છું. મને આશા છે કે તે આવનારા વર્ષોમાં વિવિધ દેશોમાં રમવાના પોતાના અનુભવનો ઉપયોગ કરીને રમતમાં યોગદાન આપવાનું ચાલુ રાખશે. ■

# ટ્રેન્ટ બોલ્ટ એક જ ફ્રેન્ચાઇઝીના બેનરમાં ચાર અલગ ટીમની ટ્રોફી જીતનાર પ્રથમ ખેલાડી

## એમઆઈ કેપટાઉન સાઉથ આફ્રિકાની લીગ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન

જોહનિસબર્ગઃ ન્યૂ ઝીલેન્ડના ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટે અનોખો વિશ્વવિક્રમ નોંધાવ્યો છે. લીગ ટી-૨૦ ક્રિકેટમાં એક જ ફ્રેન્ચાઈઝી (મુંબઈ ઇન્ડિયન્સ)ના બેનરમાં અલગ-અલગ ચાર ટીમ વતી ચાર ટાઇટલ જીતનાર તે પ્રથમ ખેલાડી બન્યો છે. ટૂંકમાં, તેણે એમઆઈની બ્લ્યુ જર્સીમાં ચાર ટ્રોફી જીતી છે. શનિવારે જોહનિસબર્ગમાં એમઆઈ કેપટાઉન નામની ટીમે સનરાઇઝર્સ ઈસ્ટર્ન કેપ ટીમને સાઉથ આફ્રિકાની એસએ૨૦ નામની ટૂર્નામેન્ટની ફાઇનલમાં ૭૬ રનથી હરાવીને ટાઈટલ જીતી લીધું હતું. એ સાથે એઇડન માર્કરમના સુકાનમાં સનરાઇઝર્સ ઈસ્ટર્ન કેપ ટીમે ટાઇટલની હેટ-ટ્રિક ગુમાવી છે. બોલ્ટ આ પહેલાં એમઆઈના બેનર હેઠળ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઈ) વતી આઈપીએલ (૨૦૨૦)નું ટાઈટલ, એમઆઈ ન્યૂ યોર્ક વતી અમેરિકાની મેજર લીગ ક્રિકેટ (૨૦૨૩)નું ટાઈટલ અને એમઆઈ એમિરેટ્સ વતી યુએઇની આઈએલટી-૨૦ (૨૦૨૪)નું ટાઈટલ જીત્યો હતો.



શનિવારે જોહનિસબર્ગમાં એમઆઈ કેપ ટાઉન ટીમે આઠ વિકેટે ૧૮૧ રન બનાવ્યા હતા. એના જવાબમાં સનરાઇઝર્સ ઈસ્ટર્ન કેપ ટીમ ૧૮.૪ ઓવરમાં ૧૦૫ રનમાં આઉટ થઈ હતી. બોલ્ટે ટ્રિસ્ટેન સ્ટબ્સની મહત્ત્વની વિકેટ સહિત કુલ બે શિકાર કર્યા હતા. રબાડાએ સૌથી વધુ ચાર વિકેટ તેમ જ લિન્ડેએ બે વિકેટ હતી. બોલ્ટને મેન ઑફ ધ ફાઇનલનો અને માર્કો યેન્સેનને ટૂર્નામેન્ટના સર્વશ્રેષ્ઠ ખેલાડીનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

# ભારત પછી ચેમ્પિયન ટ્રોફીમાં ન્યૂ ઝીલેન્ડ સૌથી મજબૂત ટીમોમાંની એકઃ આર.અશ્વિન

નવી દિલ્હીઃ ભારતના મહાન સ્પિનર આર. અશ્વિને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારત અને ન્યૂ ઝીલેન્ડને સૌથી મજબૂત ટીમો ગણાવી છે અને કહ્યું છે કે ઓસ્ટ્રેલિયાના મુખ્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત હોવા છતાં તેને હળવાશથી ન લઈ શકાય કારણ કે મોટી ટૂર્નામેન્ટમાં ટીમ ટોચ પર હોય છે. આ આઇસીસી ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી પાકિસ્તાનમાં શરૂ થશે પરંતુ ભારત તેની બધી મેચ હાઇબ્રિડ મૉડેલ હેઠળ દુબઈમાં રમશે. અશ્વિને પોતાની યુટયૂબ ચેનલ પર કહ્યું હતું કે, ''ભારતને દુબઈમાં ઘર જેવા મેદાન પર રમવાનો ફાયદો મળશે. ભારતનો સામનો કરતી ટીમોને લાગશે કે તેઓ ભારતીય પરિસ્થિતિઓમાં રમી રહી છે. આ ચોક્કસપણે અન્ય ટીમો માટે સમસ્યા છે.''

ઘણા વર્ષો પછી ત્રિકોણીય શ્રેણીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી છે.અશ્વિનનું માનવું છે કે ભારતીય ટીમે ચેમ્પિયન્સ ટ્રોફીની વધુ સારી તૈયારી માટે ઇંગ્લેન્ડ સામે દ્વિપક્ષીય શ્રેણીને બદલે ત્રિકોણીય ટુર્નામેન્ટમાં રમવું જોઈતું હતું. આ ભૂતપૂર્વ ભારતીય સ્પિનરે કહ્યું, ''શું ઇંગ્લેન્ડ સામે રમવું એ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારત માટે પૂરતી તૈયારી હશે? શું આપણે ત્રિકોણીય શ્રેણી પણ રમવી જોઈતી હતી? પાકિસ્તાન, ન્યૂ ઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા પાકિસ્તાની પરિસ્થિતિઓમાં રમી રહ્યા છે, જે તેમને ચેમ્પિયન્સ ટ્રોફીમાં મદદ કરશે.''

અશ્વિને કહ્યું કે ટ્રેન્ટ બોલ્ટ અને ટિમ સાઉધીની ગેરહાજરીમાં પણ ન્યૂ ઝીલેન્ડ ભારત માટે મુશ્કેલ પડકાર ઉભો કરશે. ભારત પછી ન્યૂ ઝીલેન્ડ ચેમ્પિયન્સ ટ્રોફીની સૌથી મજબૂત ટીમોમાંની એક છે. ન્યૂ ઝીલેન્ડ પાસે માઈકલ બ્રેસવેલ અને ગ્લેન ફિલિપ્સ જેવા અનુભવી સ્પિન આક્રમણ છે. કેપ્ટન મિશેલ સેન્ટનરનું પ્રદર્શન કેવું રહેશે તે જોવાનું રહેશે. ઓસ્ટ્રેલિયા હંમેશા આઇસીસી ટૂર્નામેન્ટમાં એક મજબૂત ટીમ રહી છે.

# રોહિત અને બુમરાહ સાથે આઇપીએલમાં રમવાથી ઘણું શીખવા મળશેઃ રિકેલ્ટન

જહોનિસબર્ગઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને સાઉથ આફ્રિકા ટી-૨૦માં પોતાના શાનદાર પ્રદર્શનથી ઉત્સાહિત દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર રિયાન રિકેલ્ટન આ વર્ષે આઇપીએલમાં ડેબ્યૂ કરવા માટે ઉત્સાહિત છે અને તેનું માનવું છે કે રોહિત શર્મા અને જસપ્રીત બુમરાહ જેવા દિગ્ગજો સાથે રમવાથી તેને ઘણું શીખવા મળશે. રિકેલ્ટને અહીં એક ખાસ વાતચીતમાં કહ્યું હતું કે, ''હું આ વર્ષે આઇપીએલમાં ડેબ્યૂ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. હું હંમેશાં આઈપીએલમાં રમવા માગતો હતો અને મુંબઈ ઈન્ડિયન્સ એક શાનદાર ટીમ છે. હવે થોડા અઠવાડિયા બાકી છે અને હું આઇપીએલમાં રમવા માટે આતુર છું.'' તેણે કહ્યું હતું કે, રોહિત, હાર્દિક અને જસપ્રીત જેવા ખેલાડીઓ સાથે રમવું એ મારા માટે શીખવાની એક શ્રેષ્ઠ તક અને પ્લેટફોર્મ હશે. હું તેની રાહ જોઈ રહ્યો છું. આ વર્ષે જાન્યુઆરીમાં પાકિસ્તાન સામેની બીજી ટેસ્ટમાં શાનદાર ૨૫૯ રન ફટકારનારા વિકેટકીપર-બેટ્સમેને સાઉથ આફ્રિકા ટી-૨૦ની ત્રીજી સિઝનમાં આઠ મેચમાં ૩૩૬ રન ફટકાર્યા હતા. તેમની ટીમ મુંબઈ ઈન્ડિયન્સ કેપ ટાઉને બે વખતના ચેમ્પિયન સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપને હરાવીને પ્રથમ વખત ટાઇટલ જીત્યું હતું. ■

## વાહનોનું કુલ રિટેલ વેચાણ સાત ટકા વધ્યું, પેસેન્જર વ્હિકલ્સનું વેચાણ ૧૬ ટકા વધ્યું

નવી દિલ્હી: દેશમાં વાહનોનું રિટેલ વેચાણ જાન્યુઆરીમાં સાત ટકા વધીને ૨૨,૯૧,૬૨૧ યુનિટ થયું હતું. તમામ સેગમેન્ટમાં માગ વધી હતી. ગત વર્ષે જાન્યુઆરીમાં કુલ રિટેલ વેચાણ ૨૧,૪૯,૧૧૭ યુનિટ હતું. જોકે, આ મહિનાના વેચાણ અંગે ડિલરોમાં નિરાશાવાદ જોવા મળે છે.

પેસેન્જર વ્હીકલનું વેચાણ ૧૬ ટકા વધીને ૪,૬૫,૯૨૦ યુનિટ થયું હતું. ટુ વ્હીલરનું વેચાણ ચાર ટકા વધીને ૧૫,૨૫,૮૬૨ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૧૪,૬૫,૦૩૯ યુનિટ હતું. શહેરી વિસ્તારોમાં વેચાણ પાંચ ટકા વધ્યું હતું, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં વેચાણ ચાર ટકા વધ્યું હતું.

કમર્શિયલ વ્હીકલનું વેચાણ જાન્યુઆરીમાં આઠ ટકા વધીને ૯૯,૪૨૫ યુનિટ થયું હતું. થ્રી વ્હીલરનું વેચાણ સાત ટકા વધીને ૧,૦૭,૦૩૩ યુનિટ થયું હતું. ટ્રેક્ટરનું વેચાણ ૫ ટકા વધીને ૯૩,૩૮૧ યુનિટ થયું હતું. નિરીક્ષકોના મતે તમામ સેગમેન્ટમાં વેચાણ વધ્યું હતું જે પોઝિટિવ મોમેન્ટમ દર્શાવે છે અને માર્કેટમાં રિકવરીનો સંકેત કરે છે. ઘણાં ડીલર્સના મતે માગ વધી હતી, પરંતુ તેમણે એ પણ કહ્યું હતું કે ગયા વર્ષે ભારે ડિસ્કાઉન્ટ મળ્યું હતું, જેને કારણે જૂના મોડેલ ક્લીયર કરવામાં મદદ મળી હતી. ઈન્વેન્ટરી લેવલમાં પાંચ દિવસ જેવો સુધારો થયો છે અને હવે ૫૦-૫૫ દિવસની ઈન્વેન્ટરી થઈ છે.

નવા મોડેલ લોન્ચિંગ, લગ્નસરાની સિઝનને કારણે માગમાં વૃદ્ધિ અને ફાઈનાન્સ પ્રવૃત્તિમાં સુધારા જેવા કારણોસર વેચાણ વધ્યું હતું. જોકે વ્યાજના ઊંચા દર ચિંતાનું કારણ છે. ગ્રામીણ સ્તર પર તરલતાની સમસ્યા જોવા મળી રહી છે.

ડીલરો જણાવે છે કે ઊંચા ફ્રેઈટ રેટ અને પેસેન્જર વાહનોની માગ વધતા કુલ વેચાણ વધ્યું હતું. ઘણાં ડીલરે વેચાણમાં અડચણો માટે ઓછા કેશ ફ્લો, આકરી ફાઈનાન્સ પોલિસી અને સિમેન્ટ તથા કોલસા જેવી ઈન્ડસ્ટ્રીમાં નરમાઈના કારણો પણ આપ્યા હતા.

ફેબ્રુઆરીની શરૂઆત સાવચેતીપૂર્વકના આશાવાદ સાથે થઈ છે. લેટેસ્ટ સર્વેક્ષણ અનુસાર ૪૬ ટકા ડીલર્સે કહ્યું હતું કે ફેબ્રુઆરીમાં વેચાણ વધશે, જ્યારે ૪૩ ટકાએ કહ્યું હતું કે વેચાણ ફ્લેટ રહેશે. ૧૧ ટકાએ કહ્યું હતું કે વેચાણ ઘટશે.

ડીલર્સના મતે લગ્નસરાની સિઝન આગળ ધપી રહી છે જેની માગ સારી છે. કંપનીઓ નવા મોડેલ પણ લોન્ચ કરવા જઈ રહી છે અને પ્રમોશનલ એક્ટિવિટી પણ થઈ રહી છે જેને કારણે માગ વધવાની આશા છે. ઈન્વેન્ટરી મેનેજમેન્ટમાં સુધારો, ફાઈનાન્સના વધુ સારા વિકલ્પો, અને અગાઉના ઓર્ડરને ધ્યાનમાં લેતા એકંદરે વેચાણ વૃદ્ધિ જોવા મળશે.

## બજેટની લહાણી બાદ આરબીઆઇ દ્વારા રેટ કટનું ઈન્જેકશન પણ આખલાને પાનો ચઢાવવામાં નિષ્ફળ

ફોરકાસ્ટ
નિલેશ વાઘેલા

મુંબઈ: બજેટની લહાણી અને આરબીઆઇ દ્વારા રેટ કટનું ઇન્જેકશન આખલાને પાનો ચઢાવવામાં નિષ્ફળ રહી છે. સરકારે કેન્દ્રિય અંદાજપત્રમાં મધ્યમ વર્ગને કરેલી એક લાખ કરોડ રૂપિયાથી વધુની લ્હાણી અને રિઝર્વ બેન્કે અપેક્ષા અનુસાર રિપોઝિન રેટમાં જાહેર કરેલા ૦.૨૫ ટકાના કાપ છતાં શેરબજાર પર તેની કોઇ અસર જોવા મળી નથી.

બજાર માટે કોઇ નવું ટ્રીગર ના રહેવાથી એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે ડહોળાયેલા માનસ વચ્ચે સેન્સેક્સ સપ્તાહને અંતે ૭૭,૮૬૦.૧૯ પોઇન્ટની અને નિફ્ટી ૨૩,૫૫૯.૯૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

અલબત્ત બજારે વૈશ્વિક સ્તરે ટ્રમ્પના ઊંબાડિયા બાદ ટ્રીગર થયેલી ટ્રેડવોરની અસર પણ વહેલી ખંખેરી નાંખી છે. વિદેશી ફંડોએ સમીક્ષા હેઠળના અઠવાડિયામાં ઇક્વિટીમાં રૂ. ૭,૩૦૦ કરોડની વેચવાલી નોંધાવી છે. ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ૩૫૪.૨૩ પોઈન્ટ્સ અથવા ૦.૪૫ ટકા વધ્યો હતો અને નિફ્ટીમાં ૭૭.૮ પોઈન્ટ્સ અથવા ૦.૩૩ ટકાનો સુધારો હતો.

રોકાણકારોની નજર આ સપ્તાહે વૈશ્વિક બજારના વલણો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ ઉપરાંત ઇન્ફલેશન ડેટા સહિતના મેક્રો ઇકોનોમિક ડેટા પર રહેશે. ચાલુ ત્રિમાસિક કમાણીની જાહેરાતો અને ફોરેક્સ ટ્રેન્ડ પણ બજારને પ્રભાવિત કરશે. બજારને ફુગાવાના આંકડા, ઔદ્યોગિક ઉત્પાદન ડેટા અને કોર્પોરેટ પરિણામ દિશા આપશે. બુધવારે, જાન્યુઆરી માટે યુએસ ફુગાવાના ડેટા ફોકસમાં રહેશે.ફેડ ચેર જેરોમ પોવેલની ટેસ્ટોમોની પર ખાસ નજર રહેશે.

ભારત માટે, ફુગાવા અને ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા ૧૨ ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવશે. ગુરુવારે, યુકેના જીડીપી વૃદ્ધિનો ડેટા જાહેર કરવામાં આવશે અને શુક્રવારે જાન્યુઆરી માટે યુએસના છૂટક વેચાણના ડેટા ગ્રાહક ખર્ચમાં આંતરદૃષ્ટિ પ્રદાન કરશે. બજારના અભ્યાસુઓ એવી આશા સેવી રહ્યા છે કે આ સપ્તાહે બજેટ અને રેટ કટ અને દિલ્હીમાં બીજેપીના વિજયની સકારાત્મક અસર થઇ શકે છે. જોકે, બજારના સેન્ટિમેન્ટમાં તેજી માટે જીડીપી અને કોર્પોરેટ અર્નિંગ્સમાં સુધારો આવશ્યક છે.

કોર્પોરેટ કમાણી પણ બજારના સેન્ટિમેન્ટ પર સર કરશે. પરિણામ જાહેર કરનારી મુખ્ય કંપનીઓમાં આઇશર મોટર્સ, ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ, વોડાફોન આઇડિયા, સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયાનો સમાવેશ થાય છે. જાહેર થયેલા પરિણામમાં આઇટીસીએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૭.૨૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૦૧૩.૧૬ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. ભારતી એરટેલે પાંચ ગણા વધારા સાથે રૂ. ૧૬,૧૩૪.૬૦ કરોડનો કોન્સોલિડેટેડ પ્રોફિટ નોંધાવ્યો હતો. બલરામપૂર ચીનીનો નફો ૨૩ ટકા ઘટીને રૂ. ૭૦.૪૭ કરોડ રહ્યો હતો, જ્યારે અલ્કેમ લેબનો નફો પાંચ ટકા વધીને રૂ. ૬૨૬ કરોડ નોંધાયો હતો. સ્ટેટ બેન્કે સ્ટેન્ડઅલોન ધોરણે વાર્ષિક ધોરણે ૮૪ ટકાના વધારા સાથે રૂ. ૧૬,૮૯૧ કરોડ નોંધાવ્યો છે, જ્યારે એમઆરએફએ વાર્ષિક ધોરણે ચોખ્ખા નફામાં ૩૮ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. સ્વિગીએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૭૯૯ કરોડની કોન્સોલિડેટેડ ખોટ નોંધાવી છે, જે ગત વર્ષના સમાન ગાળામાં રૂ. ૫૭૪ કરોડ જેવી હતી. ઇન્ફો એજનો નફો ૬૦ ટકા વધ્યો હતો, જ્યારે વેલસ્પન કોર્પના પરિણામ નિરાશાજનક રહ્યા હતા.

મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે રૂ. ૮૧ કરોડની કુલ આવક નોંધાવી છે. હોસ્પિટલ ફર્નિચરના પાર્ટસમાં, પોલિમર આધારિત મોલ્ડેડ ઉત્પાદન ક્ષેત્રની આ ગ્લોબલ કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરના પરિણામોમાં રૂ. ૮૦.૫૨ કરોડની કુલ આવક, રૂ. ૫.૫૧ કરોડનો એબિટા અને રૂ. ૧.૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૬.૮૪ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૧.૮૫ ટકા રહ્યું છે.

બજારના સાધનો અનુસાર આરબીઆઇ દ્વારા અપેક્ષિત ધોરણે રિપોઝિશન રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કરાયો હતો પરંતુ બજારને ટ્રીગર મળે એવું કશું ના હોવાથી બેન્કિંગ, ઓઇલ અને ગેસ, એફએમસીજી અને પાવર શેરોમાં વેચવાલી અને પ્રોફિટ બુકિંગ જોવા મળ્યા હતા. એફઆઇઆઇની વેચવાલી પણ ચાલુ રહી છે અને કોર્પોરેટ પરિણામ પણ નિરસ જ રહ્યાં હોવાથી હાલ બજારને ટેકો મળે એવું કોઇ પરિબળ મોજૂદ નથી.

અગ્રણી માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે ધીમા પડી રહેલા અર્થતંત્રને ટેકો આપવા માટે રિઝર્વ બેન્કે રિપોઝિશન રેટમાં ઘટાડો કર્યો છે પરંતુ પ્રવાહિતા વધારવા માટે કોઇ નક્કર પગલાં જાહેર ના કર્યા હોવાથી રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કર્યું હતું.

આ ઉપરાંત ગ્લોબલ ટ્રેડ પોલિસીને ધ્યાનમાં રાખીને ટૂંકાગાળાના વિકાસ અંદાજોનો ઘટાડો એવું સૂચવે છે કે સેન્ટ્રલ બેન્ક ભાવિ દર સમાયોજન ધીમો અને બાબતે સાવચેતીભર્યો અભિગમ અપનાવશે.

નવા ગવર્નરની આગેવાની હેઠળ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા શુક્રવારે લગભગ પાંચ વર્ષમાં પહેલી વાર મુખ્ય બેન્ચમાર્ક રેટમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ ઘર, વાહન અને અન્ય લોનના વ્યાજ દરમાં ઘટાડો થવાની શક્યતા છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળની નાણાકીય નીતિ સમિતિએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૬.૨૫ ટકા કર્યો છે. મે ૨૦૨૦ પછી આ પહેલો ઘટાડો હતો અને અઢી વર્ષ પછીનો પહેલો સુધારો હતો. ડિસેમ્બરમાં વર્ષની છેલ્લી દ્વિમાસિક પીએમઆઇ બેઠકના થોડા દિવસો પછી શક્તિકાંત દાસનું સ્થાન લેનારા મલ્હોત્રાએ એવો અંદાજ રજૂ કર્યો છે કે એપ્રિલ ૨૦૨૫થી શરૂ થતા નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૬.૭ ટકાના દરે વૃદ્ધિ પામશે.

જ્યારે ફુગાવાનો દર ૪.૨ ટકા સુધી ઘટશે. ૩૧ માર્ચના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે, આરબીઆઈએ સરકારી અંદાજને ટાંકીને વૃદ્ધિ દર ૬.૪ ટકા રાખ્યો હતો, જે ચાર વર્ષમાં સૌથી ખરાબ અને અગાઉ જોવાયેલા ૬.૬ ટકા કરતા ઓછો છે, જ્યારે ફુગાવો ૪.૮ ટકા રહેવાનો અંદાજ છે. રેપો રેટ બચત અને રોકાણ ઉત્પાદનો પર વળતર પણ નક્કી કરે છે.

ઊંચા રેપો રેટ ફિક્સ્ડ ડિપોઝિટ અને અન્ય બચત સાધનો પર વધુ સારું વળતર આપી શકે છે, કારણ કે બેંકો ડિપોઝિટ આકર્ષવા માટે ઊંચા વ્યાજ દર ઓફર કરે છે. બીજી બાજુ નીચા રેપો રેટ આ બચત ઉત્પાદનો પર મેળવેલા વ્યાજને ઘટાડી શકે છે.

## સર્વિસીઝ પીએમઆઇ બે વર્ષમાં સૌથી નીચા સ્તરે પટકાયો

નવી દિલ્હી: સર્વિસીઝ પીએમઆઈ જાન્યુઆરીમાં ઘટીને ૫૬.૫, બે વર્ષમાં સૌથી નીચો નોંધાયો છે. કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ ઘટીને ૫૭.૭ના સ્તરે પહોચ્યો છે, જે ૧૪ મહિનામાં સૌથી ઓછો વિકાસ દર્શાવે છે. બીજી તરફ કંપનીઓને મળતા નવા વૈશ્વિક ઓર્ડરનું પ્રમાણ વધતા સ્ટાફની ભરતી નોંધપાત્ર વધી છે. દેશમાં સર્વિસીઝ સેક્ટરની પ્રવૃત્તિ જાન્યુઆરીમાં નોંધપાત્ર ધીમી પીડી હતી. સેલ્સ અને આઉટપુટમાં નરમાઈ જોવા મળી હતી. એચએસબીસી ઈન્ડિયા સર્વિસીઝ પીએમઆઈ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ ઘટીને ૫૬.૫ થયો હતો, જે ડિસેમ્બરમાં ૫૯.૩ હતો. આ ઈન્ડેક્સ નવેમ્બર ૨૦૨૨ પછીથી સૌથી નીચા સ્તર પર છે. ઈન્ટરનેશનલ સેલ્સનું પ્રમાણ વધારે ઝડપથી વધ્યું છે. એશિયા, યુરોપ, મધ્યપૂર્વ અને અમેરિકા ખંડના કેટલાક દેશોમાં માગ વધી હતી. વૈશ્વિક ઓર્ડરનું પ્રમાણ પાંચ મહિનાની ટોચે રહ્યું હતું.

કંપનીઓને મળતા નવા ઓર્ડરનું પ્રમાણ વધતા સ્ટાફની ભરતી પણ નોંધપાત્ર વધી હતી. ડિસેમ્બર મહિનાથી જ ભરતીમાં વધારો જોવા મળ્યો હતો. ફુલ ટાઈમ અને પાર્ટ ટાઈમ બન્ને પ્રકારની ભરતીનું પ્રમાણ વધ્યું હતું. ડિસેમ્બર કરતાં પણ જાન્યુઆરીમાં ભરતીનું પ્રમાણ વધ્યું હતું અને ડિસેમ્બર ૨૦૦૫ પછીથી સૌથી ઝડપી જોવા મળ્યું હતું. સર્વિસીઝ પ્રોવાઈડર કંપનીઓના મતે આગામી ૧૨ મહિના દરમિયાન બિઝનેસ એક્ટિવિટીમાં વધારો જોવા મળશે. ભાવ મોરચે કંપનીઓએ નોંધ્યું હતું કે સ્ટાફનો ખર્ચ વધવાથી તેમના ખર્ચમાં વધારો થયો છે. ફૂડ સંબંધિત ખર્ચ પણ વધ્યો છે. માગ હોવાથી કેટલોક વધારાના ખર્ચનો બોજ ભાવ વધારીને સરભર કરવામાં આવ્યો છે. એચએસબીસી ઈન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ ઘટીને જાન્યુઆરીમાં ૫૭.૭ થયો હતો.

## અંદાજપત્રમાં સારી જોગવાઇ જાહેર થવા છતાં હેલ્થકેર સ્ટોક્સમાં વેચવાલીનું દબાણ, એક્સચેન્જના માર્કેટ કેપમાં માત્ર ₹ ૯000 કરોડનો ઘટાડો

મુંબઇઃ અંદાજપત્રમાં ફાર્મા ક્ષએત્ર માટે સારી જોગવાઇ જાહેર થવા છતાં હેલ્થકેર સ્ટોક્સમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. વિદેશી ફંડોએ સમીક્ષા હેઠળના અઠવાડિયામાં ઇક્વિટીમાં રૂ. ૭,૩૦૦ કરોડની વેચવાલી નોંધાવી છે. સપ્તાહ દરમિયાન હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી વધુ સુધારો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાવર ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી. સાતમી ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૭,૫૦૦.૫૭ના બંધ સામે ૩૫૯.૬૨ પોઈન્ટ્સ (૦.૪૬ ટકા) વધ્યો હતો.

સેન્સેક્સ ત્રીજી ફેબ્રુઆરી અને સોમવારે ૭૭,૬૩૭.૦૧ ખૂલી એ જ દિવસે નીચામાં ૭૬,૭૫૬.૦૯ અને ૫ ફેબ્રુઆરી અને બુધવારે ઊંચામાં ૭૮,૭૩૫.૪૧ સુધી જઈ અંતે ૭૭,૮૬૦.૧૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. પાછલા સપ્તાહને અંતે માર્કેટ કેપ રૂ. ૪૨૩.૯૩ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૨૪.૦૨ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં માત્ર રૂ. ૯૦૦૦ કરોડનો ઘટાડો થયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૦.૨૯ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૦.૧૮ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૦.૨૫ ટકા વધ્યા હતા. બીએસઈ મિડકેપ ૦.૧૧ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૧ ટકા વધ્યો હતો. આઈપીઓ ૧.૬૯ ટકા વધ્યો અને એસએમઈ આઈપીઓ ૪.૩૩ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં સપ્તાહ દરમિયાન હેલ્થકેર ૩.૨૨ ટકા, ઓટો ૨.૨૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૦૮ ટકા, મેટલ ૧.૨ ટકા, ટેક ૧.૦૫ ટકા, બેન્કેક્સ ૦.૯૨ ટકા, આઈટી ૦.૬૬ ટકા, રઅને રિયલ્ટી ૦.૦૭ ટકા વધ્યા હતા.

જ્યારે કેપિટલ ગુડ્સ ૫.૩૫ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૪.૭૩ ટકા, પાવર ૪.૪૧ ટકા, એફએમસીજી ૨.૪૫ ટકા, પીએસયુ ૪.૧૬ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૨.૦૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં ઈન્ડસઈન્ડ બેન્ક ૮.૦૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૬.૯૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૬.૪૫ ટકા, ઝોમેટો ૫.૭૭ ટકા અને મારુતિ ૫.૬૬ ટકા ગબડ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ કંપનીઓમાંથી સૌથી અધિક ઘટેલી પાંચ કંપનીના શેરોમાં પાવર ગ્રીડ ૮.૪૬ ટકા, લાર્સન ૬.૮૯ ટકા, સ્ટેટ બેન્ક ૪.૮૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૪.૫૫ ટકા અને નેસ્લે ૩.૯૪ ટકા ઊછળ્યો હતો.

નએથ ગ્રુપની ૭૧૭ કંપનીઓમાંથી ૩૫૮ કંપનીઓના ભાવ વધ્યા, ૩૫૮ કંપનીઓના ભાવ ઘટ્યા હતા અને એકનો સ્થિર રહ્યો હતો. જ્યારે નબીથ ગ્રુપની ૧૨૫૨ કંપનીઓમાંથી ૫૮૫ કંપનીઓના ભાવ વધ્યા, ૬૬૪ કંપનીઓના ભાવ ઘટ્યા અને ત્રણ કંપનીઓના ભાવ સ્થિર રહ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૫૨ કંપનીઓ વધી, ૪૮ કંપનીઓ ઘટી. બીએસઈ ૨૦૦માં ૯૬ કંપનીઓ વધી, ૧૦૪ કંપનીઓ ઘટી.

બીએસઈ ૩૦માં ૧૯ કંપનીઓ વધી, ૧૧ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૪૮ કંપનીઓ વધી, ૨૫૧ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપની ૬૨ કંપનીઓ વધી, ૭૦ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૪૪૧ કંપનીઓ વધી, ૪૯૫ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૯,૫૦૬.૨૭ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૧૧,૩૬૮.૩૯ કરોડની વેચવાલી રહી હતી.

## વિદેશી રોકાણકારોએ માત્ર સવા મહિનામાં ₹ એક લાખ કરોડના શેર ભારતીય બજારમાં ઠાલવી દીધાં

મુંબઈ : નવા શરૂ થયેલા વર્ષ ૨૦૨૫માં એફઆઈઆઈની ભારતીય ઈક્વિટી કેશમાં વેચવાલીનો આંક ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહ સુધીમાં જ રૂપિયા એક લાખ કરોડની નજીક પહોંચી ગયો છે. ૨૦૨૪માં રૂપિયા એક લાખ કરોડની વેચવાલીનો આંક મે મહિનામાં પાર થયાનું જોવા મળ્યું હતું. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ભારતીય ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ રહ્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારો વર્તમાન મહિનાના પ્રથમ સપ્તાહમાં પણ ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ રહ્યા છે. જાન્યુઆરીમાં ઈક્વિટી કેશમાં એફઆઈઆઈએ રૂપિયા ૮૭,૩૭૪ કરોડની નેટ વેચવાલી કરી હતી. ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં એફઆઈઆઈએ કેશમાં રૂપિયા ૧૦,૧૭૯.૪૦ કરોડની નેટ વેચવાલી કરી છે. ૨૦૨૫માં અત્યારસુધી ઈક્વિટી કેશમાં રૂપિયા ૯૭૦૦૦ કરોડથી વધુની વેચવાલી આવી પડી છે. ૨૦૨૫માં એફઆઈઆઈ દ્વારા વેચવાલીની ગતિ જળવાઈ રહેશે તો ૨૦૨૪ના સંપૂર્ણ વર્ષના રૂપિયા ૩૦૪૨૧૭ કરોડની વેચવાલીનો આંક ટૂંકા ગાળામાં જ પાર થઈ જવાનું વિશ્લેષકો માની રહ્યા છે. ડોલર ઈન્ડેકસમાં મજબૂતાઈ તથા અમેરિકન બોન્ડ યીલ્ડસમાં વૃદ્ધિને કારણે વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટીસમાંથી રોકાણ પાછા ખેંચી રહ્યાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. જો કે ડોલર ઈન્ડેકસ તથા બોન્ડ યીલ્ડ ઘટવા લાગતા આગળ જતા એફઆઈઆઈની વેચવાલી પણ ધીમી પડવા શકયતા છે. આગામી નાણાં વર્ષના બજેટમાં આકર્ષક દરખાસ્તો અને રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજ દરમાં કપાતને જોતા શેરબજારમાં તબક્કાવાર સુધારો જોવા મળવાની અપેક્ષા હોવાનું બજારના એક નિષ્ણાતે જણાવ્યું હતું. જો કે આર્થિક વિકાસ દર તથા કંપનીઓના પરિણામો બજારની લાંબા ગાળાની દિશા નિશ્ચિત કરનારા પરિબળો બની રહેશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આ સપ્તાહે થનારી બેઠકમાં ભારત પ્રત્યેનો અમેરિકાનો અભિગમે કેવો રહેશે તે સ્પષ્ટ થશે.

## વિદેશી રોકાણકારોની એકધારી વેચવાલીની અસરે સેન્સેક્સનું મૂલ્યાંકન 30 મહિનાના નીચા સ્તરે

નવી દિલ્હી : બજારમાં સતત વેચવાલીને કારણે ભારતના શેરબજારનું વેલ્યુએશન ઓછામાં ઓછા ૩૦ મહિનામાં સૌથી નીચા સ્તરે આવી ગયું છે. હાલમાં બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૧.૯ ગણા ભાવથી અર્નિંગ મલ્ટિપલ (પીઈ) પર ટ્રેડ કરી રહ્યો છે જે જૂન ૨૦૨૨ પછી સૌથી નીચો છે. જૂન ૨૦૨૨ સુધીના સમયગાળાને બાદ કરતાં, સેન્સેક્સનું વર્તમાન મૂલ્ય જૂન ૨૦૨૦ પછી સૌથી નીચું છે. ડેટા દર્શાવે છે કે સેન્સેક્સનું વર્તમાન મૂલ્યાંકન ભૂતકાળમાં તેના સામાન્ય મૂલ્યાંકન કરતાં ઘણું ઓછું છે. છેલ્લાં ૮ વર્ષમાં માત્ર બે જ પ્રસંગો એવા બન્યા છે જ્યારે ઇન્ડેક્સનું ઓછું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. કોરોના મહામારી દરમિયાન માર્ચ-જૂન ૨૦૨૦ના સમયગાળા દરમિયાન અને જૂન ૨૦૨૨માં કોરોનાના અંત પછી બજારમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. તેની સરખામણીમાં જાન્યુઆરી ૨૦૨૪માં ઈન્ડેક્સ ૨૪.૬ ગણા પીઈ અને સપ્ટેમ્બર ૨૦૨૪માં ૨૪.૭૫ ગણા પીઈ પર ટ્રેડ થઈ રહ્યો હતો. હાલમાં ઇન્ડેક્સ ૨૪.૧ ગણા ૧૦-વર્ષના સરેરાશ મૂલ્યાંકન કરતાં લગભગ ૯.૨ ટકા નીચો ટ્રેડ થઈ રહ્યો છે. ઈન્ડેક્સના વેલ્યુએશનમાં સતત ઘટાડાનો અર્થ એ છે કે શેરની કિંમત શેર દીઠ અંતર્ગત કમાણીમાં વૃદ્ધિ સાથે ગતિ જાળવી રહી નથી. તાજેતરના વર્ષોમાં સારી કમાણી વૃદ્ધિ હોવા છતાં ઇન્ડેક્સ વેલ્યુએશન રેશિયોમાં સતત ઘટાડો સૂચવે છે કે રોકાણકારો આગળ જતા કમાણીના અંદાજ અંગે ચિંતિત છે. મોટા રોકાણકારો, ખાસ કરીને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોને ડર છે કે શેર દીઠ કમાણી વર્તમાન સ્તરોથી વધુ ઘટી શકે છે. આ જ કારણ છે કે તેઓ બજારમાં વેચી રહ્યાં છે. વિદેશી રોકાણકારોએ આ મહિને ૨૩ જાન્યુઆરી સુધીમાં રૂ. ૫૮,૮૦૪ કરોડનું વેચાણ કર્યું છે. તે પણ શક્ય છે કે તેઓ યુએસ જેવા અન્ય બજારોમાં ઝડપી કમાણીની વૃદ્ધિની અપેક્ષાએ વેચાણ કરી શકે છે. ચાલુ નાણાકીય વર્ષમાં નિફ્ટી ૫૦ ની શેરદીઠ કમાણી વાર્ષિક ધોરણે માત્ર ૪ ટકા વધી છે, જે નાણાકીય વર્ષની શરૂઆતમાં અંદાજિત ૧૮ ટકા વૃદ્ધિ કરતાં ઘણી ઓછી છે. ૨૦૨૫ના પ્રથમ મહિનામાં પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારતીય ઈક્વિટીસમાં આક્રમક વેચવાલી ચાલુ રહી છે. વર્તમાન મહિનાના મોટાભાગના ટ્રેડિંગ દિવસોમાં વિદેશી રોકાણકારો ઈક્વિટી કેશમાં નેટ વેચવાલ રહ્યા છે. ૨૪ જાન્યુઆરી સુધીમાં એફઆઈઆઈએ કુલ રૂપિયા ૬૯,૦૮૦.૧૪ કરોડની નેટ વેચવાલી કરી છે. જ્યારે ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)ની કેશમાં રૂપિયા ૬૬૯૪૪.૫૦ કરોડની નેટ ખરીદી રહી છે. ડોલરમાં મજબૂતાઈને કારણે વિદેશી રોકાણકારો સતત વેચાણ કરી રહ્યાનું બજારના વર્તુળો માની રહ્યા છે.

## અમેરિકી પ્રતિબંધોને કારણે ક્રૂડ ઓઈલના ભાવ અને પરિવહન ખર્ચમાં વધારો થશે

નવી દિલ્હી : રશિયન ઉત્પાદકો અને જહાજો પર અમેરિકી પ્રતિબંધોને કારણે ચીન અને ભારતની રિફાઈનરીઓએ પશ્ચિમ એશિયા, આફ્રિકા અને અમેરિકામાંથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદવું પડશે. ટ્રેડર્સ અને વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારત અને ચીનને સપ્લાયમાં ઘટાડો, રશિયન ઓઇલના મોટા ખરીદદારો અને અન્ય દેશો પરની અવલંબન વધવાથી ભાવમાં વધારો થશે અને પરિવહન ખર્ચમાં વધારો થશે. ગત સપ્તાહે, યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે રશિયન તેલ ઉત્પાદકો ગેઝપ્રોમ નેફ્ટ અને સર્ગુટનેફ્ટેગાસ તેમજ રશિયન તેલ વહન કરતા ૧૮૩ જહાજો પર પ્રતિબંધો લાદ્યા હતા. અમેરિકાના આ પ્રતિબંધોનો હેતુ રશિયાની આવક ઘટાડવાનો છે, જેનો ઉપયોગ તે યુક્રેન સાથેના યુદ્ધમાં કરી રહ્યું છે. પશ્ચિમી દેશોના પ્રતિબંધો અને ૨૦૨૨માં સાત દેશોના જૂથ દ્વારા નિર્ધારિત કિંમત મર્યાદાને કારણે, ઘણા ટેન્કરોએ ભારત અને ચીનને તેલ પહોંચાડવાનું શરૂ કર્યું અને રશિયન તેલ યુરોપને બદલે એશિયા પહોંચવાનું શરૂ કર્યું હતું. ઈરાનથી તેલ પહોંચાડતા કેટલાક ટેન્કરો પણ પ્રતિબંધોના દાયરામાં છે. ચીનના વેપારી સૂત્રોએ જણાવ્યું હતું કે નવા પ્રતિબંધો રશિયન તેલની નિકાસ પર ગંભીર અસર કરશે, સ્વતંત્ર ચીની રિફાઈનરોને રિફાઈનિંગમાં ઘટાડો કરવાની ફરજ પડશે. નૂર વિશ્લેષકોએ જણાવ્યું હતું કે નવા પ્રતિબંધિત જહાજોમાં ૧૪૩ ઓઈલ ટેન્કરનો સમાવેશ થાય છે જેણે ગયા વર્ષે ૫.૩ મિલિયન બેરલ રશિયન તેલનો સપ્લાય કર્યો હતો, જે દેશના કુલ દરિયાઈ તેલની હિલચાલના લગભગ ૪૨ ટકા છે. આમાંથી લગભગ ૩,૦૦૦ લાખ બેરલ તેલ ચીનને સપ્લાય કરવામાં આવ્યું છે, જ્યારે બાકીનું મોટા ભાગનું ભારત મોકલવામાં આવ્યું છે. આ પ્રતિબંધો રશિયાથી તેલ પહોંચાડવા માટે ઉપલબ્ધ જહાજોના કાફલામાં નોંધપાત્ર ઘટાડો કરશે અને ટૂંકા ગાળામાં, ઊંચા નૂર દરો તરફ દોરી જશે.

## ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં દૈનિક ટર્નઓવર જૂન ૨૦૨૩ પછીના સૌથી નીચા સ્તરે

માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા ભરાયેલા આકરા પગલાંની અસરે નવા નિયમોના અમલીકરણ પછીના પહેલો મહિનો ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ માટે નિરસ રહ્યો હતો. સેબીના નિયમોની અસર બજારના વોલ્યુમ પર પડી છે. ડેરિવેટિવ્ઝ માર્કેટના જોખમો અને ફાયદા અને ગેરફાયદા વિશે રોકાણકારો અને સટોડિયાઓને સંવેદનશીલ બનાવવા માટે પાછલા કેટલાક મહિનાઓથી ચાલી રહેલી ઝુંબેશએ પણ નવા ટ્રેડરોએ પોઝિશન લેતી વખતે સાવચેતીભર્યો અભિગમ અપનાવવાની પ્રેરણા આપી છે. એફએન્ડઓ મોરચે સેબીનું પગલું તેના અગાઉના અભ્યાસને આધારે લેવામાં આવ્યુ હતું. તે વેળાએ સેબીએ જણાવ્યું હતું કે ૯૦ ટકાથી વધુ વ્યક્તિગત ટ્રેડર્સને ડેરિવેટિવ્ઝમાં નુકસાન સહન કરી રહ્યા છે. જો કે, તેમાંથી કેટલાકે સતત વર્ષોની ખોટ પછી પણ શેરબજારમાં ખેલો ચાલુ રાખ્યો હતો.

ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટ્રેડર્સના જુસ્સાને અંકુશમાં લેવા માર્કેટ રેગ્યુલેટરના તાજેતરના પગલાંને કારણે ડિસેમ્બરમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમ નવેમ્બરની સરખામણીમાં ડિસેમ્બરમાં ૩૭ ટકા ઘટ્યું છે. ડિસેમ્બરમાં ૨૯ તારીખ સુધીમાં, ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૨૮૦ લાખ કરોડ નોંધાયું હતું, જે જૂન ૨૦૨૩ પછીનું સૌથી નીચું સ્તર છે. નવેમ્બરમાં તે ૪૪૨ લાખ કરોડ રૂપિયા હતું. નવા નિયમોના અમલીકરણ પછીનો આ પહેલો મહિનો છે. સાપ્તાહિક ડેરિવેટિવ્ઝ માટેના ઊંચા કોન્ટ્રાક્ટના કદનો અમલ પહેલી જાન્યુઆરીથી અમલમાં આવવાના હોવાથી ઉદ્યોગના સહભાગીઓ વધુ નુકસાનની શક્યતાને નકારી રહ્યાં નથી. અન્ય ત્રણ નિર્ણયો પણ આવતા વર્ષે જુદા જુદા સમયગાળામાં અમલમાં આવશે. નિફ્ટી-૫૦ સાપ્તાહિક કોન્ટ્રાક્ટ માટે સુધારેલા કોન્ટ્રાક્ટ લોટ સાઇઝ સાથે પ્રથમ સાપ્તાહિક એક્સપાયરી બીજી જાન્યુઆરીએ થશે. તાજેતરના ફેરફારો પછી, ડેરિવેટિવ્ઝના અંદાજિત વોલ્યુમમાં ૩૫-૪૦ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે પ્રીમિયમ વોલ્યુમમાં આઠ ટકાનો ઘટાડો થયો છે. કોન્ટ્રાક્ટ દીઠ ભાવમાં પચાસ ટકાનો વધારો થયો છે.

એક્સચેન્જોએ નિફ્ટી બેન્ક અને બેન્કેક્સના સાપ્તાહિક કોન્ટ્રાક્ટ્સ બંધ કર્યા છે, જ્યારે હવે વધતી અસ્થિરતાને કારણે સંભવિત જોખમને ઘટાડવા માટે એક્સપાયરી ડે પર શોર્ટ પોઝિશન પર બે ટકા ઇએલએમ લાગુ કરી રહ્યા છે. ડેરિવેટિવ્ઝ રેગ્યુલેશન હવે એક સતત ચાલુ રહેતી પ્રક્રિયા બનશે જેનો ઉદ્દેશ્ય રોકાણકારોના રક્ષણને પ્રાથમિકતા આપવા અને ઇન્ડેક્સ ડેરિવેટિવ્ઝમાં સમાપ્તિ દરમિયાન આક્રમક અટકળોને કાબૂમાં રાખવાનો છે. ડેરિવેટિવ્ઝ સેગમેન્ટનું ટર્નઓવર હવે સપ્ટેમ્બરમાં હતું તેના કરતાં અડધું છે. તે સમયે, બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી વિક્રમી ઊંચાઈએ પહોંચવાની સાથે સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૫૩૭ લાખ કરોડના રેકોર્ડ સ્તરે નોંધાયું હતું. બેન્ચમાર્ક શેરઆંકો ત્રણ અઠવાડિયા કરતાં ઓછા સમયમાં તેમના ઉચ્ચતમ સ્તરોથી ૧૦ ટકા ઘટયા હતા. બજારમાં તીવ્ર ઘટાડાથી ટ્રેડિંગ વોલ્યુમ પર પણ અસર પડી છે, જે સાવચેતીભર્યા વલણને દર્શાવે છે.

## શેરબજારમાં ૮૨ કંપનીના ૩૨ અબજ ડોલરના શેર ઠલવાઇ શકે!

મુંબઇઃ એપ્રિલ સુધીમાં શેરબજારમાં ૩૨ બિલિયન ડોલરના મૂલ્યની ૮૨ કંપનીઓના શેર આવવાની તૈયારી છે. જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૫ સુધી લોક ઇન પીરિયડ્સ સમાપ્ત થતાં ૮૨ કંપનીઓના ૩૨ અબજ ડોલરથી વધુ મૂલ્યના શેર ટ્રેડેબલ બનશે. નોંધપાત્ર અનલોક્સમાં સ્વિગી, ગઝ્ઈ ગ્રીન એનર્જી અને હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાનો સમાવેશ થાય છે. એક્સપાયરી બજાર પુરવઠો વધારી શકે છે, પરંતુ મોટા ભાગનો હિસ્સો પ્રમોટર્સ પાસે છે, જે સંભવતઃ તાત્કાલિક વેચાણને નિયંત્રિત કરે છે.બ્રોકરેજ નુવામાના જણાવ્યા અનુસાર, ૮૨ કંપનીઓના ૩૨ બિલિયનથી વધુ મૂલ્યના શેર ટ્રેડિંગ માટે પાત્ર બનશે કારણ કે તેમના પ્રી-લિસ્ટિંગ શેરહોલ્ડર લોક-ઇન પીરિયડ્સ ૨૯ જાન્યુઆરીથી ૩૦ એપ્રિલ, ૨૦૨૫ ની વચ્ચે સમાપ્ત થાય છે.



રાજકોટમાં હિરાસર ખાતે તૈયાર થયેલા ઈન્ટરનેશનલ ઍરપોર્ટના નવા ટર્મિનલને મુસાફરોના સ્વાગત સાથે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આશરે ૪૦૦ જેટલા મુસાફરોને ગુલાબ અને ગિફ્ટ બોક્સ આપવામાં આવ્યા હતા. ગુજરાત અને કાઠિયાવાડની ઓળખ ગણાતા ગરબા ઉપરાંત ભાંગડા રમવામાં આવ્યા હતા અને તેથી મુસાફરોએ પણ આ સ્વાગતને બિરદાવ્યું હતું. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં રહેતા પોલીસપુત્રનું પુણેમાં બાઈકસવાર ત્રિપુટીએ અપહરણ કરી ફોન અને રોકડની લૂંટ ચલાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં નોકરી અર્થે રહેતા એક પોલીસકર્મીના પુત્રનું મહારાષ્ટ્રના પુણે શહેરમાં મોટરસાઇકલ ત્રિપુટીએ અપહરણ કરી, મૂઢ મારીને રોકડા દસ હજાર રૂપિયા તથા મોબાઈલ ફોન લૂંટી લીધો હોવાનો બનાવ બહાર આવતાં રાજ્યના પોલીસ બેડામાં ચકચાર પ્રસરી ગઈ હતી. આ અંગે બલભદ્રસિંહ નટવરસિંહ જાડેજાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તે ગત શુક્રવારે પુણેના કસ્બા પેઠ વિસ્તારમાં રહેતા પિતરાઈ ભાઈ જયેન્દ્રસિંહને મળવા માટે ગયો હતો. રાત્રે પેટમાં દુખાવો થતાં તે એકલો સોડા પીવા ઘરેથી પગપાળા નીકળ્યો હતો. આ દરમિયાન, નજીકથી પસાર થઈ રહેલા એક મોટરસાઇકલ ચાલકને સોડાની દુકાન ક્યાં આવી તે અંગે પૂછપરછ કરતાં અજાણ્યા શખ્સે તેને સોડાની દુકાને લઈ જવાનું કહીને તેના વાહનની પાછળ બેસી જવા કહ્યું હતું.

તે સમયે અન્ય મોટરસાઇકલ પર તેના બે સાગરીતો પણ આવી ગયા હતા. આ ત્રિપુટી બલભદ્રની આંખે પટ્ટી બાંધીને નદીના પટમાં લઈ ગઈ હતી. ત્યાં લઈ જઈ તેને ઢોરમાર મારીને તેની પાસે રહેલો સ્માર્ટ ફોન અને દસ હજાર રૂપિયા લૂંટી લીધાં હતાં. આરોપીઓએ બલભદ્રના મોબાઈલ પરથી તેના પિતરાઈ ભાઈ જયેન્દ્રસિંહને ફોન કરીને વધુ રૂપિયાની માંગણી કરી હતી.

જયેન્દ્રએ રૂપિયા આપવાનો ઈન્કાર કરી દીધો હતો. બાદમાં આ ત્રિપુટી બલભદ્રને મોટરસાઇકલ પર બેસાડીને ચાર-પાંચ થપ્પડ ઝીંકી, પુણેના દારૂવાલા બ્રિજ પાસે ઉતારીને રવાના થઈ ગઈ હતી. બલભદ્ર જેમ તેમ કરીને પિતરાઈ ભાઈના ઘેર પહોંચ્યો હતો અને બાદમાં તેણે પુણેના ફરાસખાના પોલીસ સ્ટેશનમાં અજ્ઞાત ત્રિપુટી વિરુદ્ધ અપહરણ, લૂંટ અને ખંડણીની ફરિયાદ નોંધાવી હતી. નોંધનીય છે કે બલભદ્રના પિતા નટવરસિંહ અમદાવાદ પોલીસ દળમાં ફરજ બજાવે છે. ■

# ભુજમાં સાસુ અને પતિના પુત્રપ્રાપ્તિ માટેનાં મહેણાંથી કંટાળીને બે દીકરીની માતાનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ શહેરના મુંદરા રોડ પર આવેલા લાઇન્સ નગરમાં રહેતી ૨૪ વર્ષિય ચાંદની આનંદપુરી ગોસ્વામી નામની પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પતિ અને સાસુ વિરુદ્ધ મરણ જનાર ચાંદનીની બહેન વૈશાલી ગુંસાઈએ ભુજ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બહેનને મરવા મજબૂર કર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

વૈશાલીએ આ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આઠ વર્ષના લગ્નગાળા દરમ્યાન ચાંદનીને સંતાનમાં બે દીકરી જન્મતાં સાસુ નર્મદા ગોસ્વામી તેને અવારનવાર મહેણાં ટોણાં મારીને એમ કહેતાં હતાં કે 'મોટા દીકરાના ઘેર દીકરા છે અને તું મને એક દીકરો જણીને નથી આપી શકતી. પતિ આનંદપુરી પણ દારૂ પીને અવારનવાર ચાંદનીને ત્રાસ આપી મારઝૂડ કરતો રહેતો હતો. પતિ અને સાસુનો ત્રાસ સહન ના થતાં ચાંદનીએ શનિવારની બપોરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

એક-બે દિવસ અગાઉ મૃતકે પોલીસ સ્ટેશનમાં સાસરિયાના ત્રાસ અંગે અરજી આપી હતી. બનાવ અંગે ભુજ બી ડિવિઝન પોલીસે ચાંદનીના પતિ અને સાસુ સામે ઘરેલુ ત્રાસ, મરવા માટે મજબૂર કર્યા અંગેની કલમો તળે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# રાજકોટમાં ૩૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા હિરાસર એરપોર્ટના આંતરરાષ્ટ્રીય ટર્મિનલનું ઉદ્‌ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના પ્રથમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હિરાસરમાં ૩૨૬ કરોડનાં ખર્ચે નવનિર્મિત અદ્યતન નવા ટર્મિનલનુ રવિવારે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૯મી ફેબ્રુઆરીએ સવારે ૭:૩૦ કલાકે ૨૩ હજાર ચો.મી.માં બનેલા આધુનિક ટર્મિનલને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. લોકાર્પણ સમારોહ દરમિયાન પ્રથમ ઉડાન તરીકે મુંબઈ-રાજકોટ એર ઈન્ડિયાની ફ્લાઇટના આગમન પર પ્રવાસીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

૨૭ જુલાઈ ૨૦૨૩ના રોજ વડા પ્રધાન મોદી દ્વારા હિરાસર ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન બાદ સપ્ટેમ્બર ૨૦૨૩થી હવાઈ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રારંભિક તબક્કામાં કામચલાઉ રીતે કાર્ગો બિલ્ડિંગમાં ટર્મિનલ કાર્યરત કરવામાં આવ્યું હતું. પરંતુ હવે આધુનિક અને સુવિધાઓથી સજજ ટર્મિનલનું નિર્માણકાર્ય પૂર્ણ થતાં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

હિરાસર એરપોર્ટના નવું ટર્મિનલની ક્ષમતા એકસાથે ૨,૮૦૦ મુસાફરોને નિયંત્રણ કરવાની છે. નવનિર્મિત ટર્મિનલમાં ૩ બોર્ડિંગ ગેટ છે. જેમાંથી ૨ મુસાફર બોર્ડિંગ બ્રિજ સાથે જોડાયેલા છે. તે ઉપરાંત ૪૫૦ મુસાફરો માટેની બેઠક વ્યવસ્થાની સુવિધા છે. ટર્મિનલમાં ૧૨ ઇમિગ્રેશન સેન્ટર અને ૨૬ ઇમિગ્રેશન કાઉન્ટર તેમજ ૨ કસ્ટમ કાઉન્ટર છે.

રાજકોટના હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટને કસ્ટમ વિભાગની મંજૂરી મળતાં ઇન્ટરનેશનલ ફ્લાઈટ મળવાનો માર્ગ મોકળો થયો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ દ્વારા ગુડ્‌સ ડમ્પિંગ માટે ભારત સરકાર દ્વારા ગેઝેટ બહાર પાડવામાં આવ્યું છે. જેથી હવે આયાત નિકાસને વેગ મળશે અને સૌરાષ્ટ્રવાસીઓ વિદેશમાં માલસામાન મોકલી શકશે અને વેપાર ઉદ્યોગને નવી દિશા મળશે.

એરપોર્ટ ડાયરેક્ટરના જણાવ્યા મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ દ્વારા એરપોર્ટ ખાતે ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ થતાં ગુડ્‌સ લોડીંગ અને અનલોડીંગ માટે મંજૂરી આપવામાં આવી છે. જેને લીધે આગામી સમયમાં રાજકોટથી ગુડ્‌સ વહન અર્થે આંતરરાષ્ટ્રીય કાર્ગો ફ્લાઈટ ઓપરેટ થવાનો માર્ગ ખુલ્યો છે. ■



રાજકોટમાં અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે. પડધરી બાયપાસ પાસે ટ્રક અને મોટરસાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતાં ટ્રકમાં આગ લાગી હતી.આ અકસ્માતમાં મોટરસાઈકલ ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# મોંઘો સ્માર્ટ ફોન પડાવવા સાથી કર્મીએ સાગરીત સાથે મળી અંજારના યુવકની ઘાતકી હત્યા કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: બે દિવસ અગાઉ અંજારમાં રહેતા રાહુલકુમાર ગૌડનું ગળું ચીરી, કેનાલમાં ફેંકીને તેની ઘાતકી હત્યા તેના જ મકાનમાં રહેતા યુવકે એક સાગરીત સાથે મળીને કરી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. રાહુલે થોડાક સમય અગાઉ પચાસ હજાર રૂપિયામાં ખરીદેલો સેકન્ડ હેન્ડ સ્માર્ટ ફોન પડાવી લેવા આ હત્યા કરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.




(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢનો વતની રાહુલ ગૌડ અને તેની પત્ની પૂજા ગૌડ વેલસ્પન કંપનીમાં અલગ અલગ યુનિટમાં નોકરી કરે છે. તેમના ભાડાના ઘરના એક રૂમમાં રાહુલનો મિત્ર ઈન્દ્રજીત ગુર્જર છેલ્લાં અઢી વર્ષથી રહેતો હતો. ઈન્દ્રજીત ગુર્જર પણ વેલસ્પન કંપનીના સિક્યોરિટી વિભાગમાં બાઉન્સર તરીકે નોકરી કરે છે.

ગત શુક્રવારે બપોરે અંજારના અરિહંતનગર પાછળની નર્મદા કેનાલમાંથી રાહુલનો ગળા પર છરી જેવા તીક્ષ્ણ હથિયારના ત્રણ ઘાના નિશાન સાથે મૃતદેહ મળી આવ્યો હતો. રાહુલ ગુરુવારે સાંજે સાત વાગ્યે નોકરી પરથી છૂટ્યા બાદ ગાયબ થયો હતો. હત્યાના પગલે અંજાર પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહિલે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સને એક્ટિવ કરી દીધાં હતાં અને ગણતરીના કલાકોમાં જ પોલીસના રડાર પર ઈન્દ્રજીત ગુર્જર આવી ગયો હતો. પી.આઈ ગોહિલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, તેમની ટુકડીએ ગણતરીના કલાકોમાં ઈન્દ્રજીત ગુર્જરની ધરપકડ કરી હતી. હત્યામાં તેનો મિત્ર ધીરજકુમાર પણ સામેલ હતો.

રાહુલે થોડાક સમય અગાઉ એક સ્માર્ટ ફોન પચાસ હજાર રૂપિયામાં ખરીદ્યો હતો. ઈન્દ્રજીતે આ ફોન ૬૦-૭૦ હજાર રૂપિયામાં વેચી આપી ફાયદો કરાવી આપશે તેમ રાહુલને જણાવ્યું હતું. આ મોંઘો ફોન જોઈને ઈન્દ્રજીતની 'દાઢ' સળકી હતી. તેણે થોડાક સમય અગાઉ યુપીથી તેના મિત્ર ધીરજકુમારને અંજારમાં બોલાવેલો અને નોકરીએ રખાવી દેવાનું વચન આપ્યું હતું. ઈન્દ્રજીતે ધીરજકુમાર જોડે મળીને આ મોબાઈલ ફોન લૂંટી લેવાનું કાવતરું ઘડ્યું હતું.

ગુરુવારે સાંજે રાહુલ ઘરે પહોંચ્યો કે તુરંત ઈન્દ્રજીત તેને હવાફેર કરવાના બહાને નર્મદા કેનાલ પાસે લઈ આવ્યો હતો. ઈન્દ્રજીતે જાણ કરતાં ધીરજ પણ બનાવ સ્થળે પહોંચી આવ્યો હતો. બંને જણે ફોનનો પાસવર્ડ જાણીને ફોન લઈ લીધો હતો. બાદમાં ઈન્દ્રજીતે રાહુલને પકડી રાખેલો અને ધીરજે તેના ગળામાં છરી વડે વાર કરી તેને કેનાલમાં પીડાથી કણસતી હાલતમાં ફેંકી દીધો હતો.

ધીરજકુમાર અને ઈન્દ્રજીત અગાઉ લખનઊમાં સાથે કામ કરતા હતા. ધીરજકુમાર દિલ્હીના એક ચકચારી ખૂન કેસમાં પણ પોલીસ ચોપડે ચઢી ચૂકેલો છે. ધીરજને ઝડપી પાડવા ચોમેર શોધખોળ ચાલી રહી હોવાનું ગોહિલે ઉમેર્યું હતું. ■

# જામનગરમાં રસ્તે પસાર થતાં વૃદ્ધાને રખડતાં ઢોરે શિંગડે ભેરવીને રોડ પર પટકતા મોત નિપજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરમાં રખડતા ઢોરે રોટલી આપવા માટે આવેલા વૃદ્ધાને જ શિંગડે ભેરવી રોડ પર પટક્યા હતા. સ્થાનિક લોકોએ વૃદ્ધાને સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડયા હતા. પરંતુ ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગર શહેરમાં કલ્યાણી એપાર્ટમેન્ટમાં રહેતાં ૬૫ વર્ષીય શોભનાબેન જેવરસિંહ સોલંકી ઢોરને રોટલી આપવા માટે રોડ પરથી પસાર થતાં હતાં ત્યારે એક ઢોરે તેમને શિંગડે ભેરવીને નીચે પછાડયા હતાં. આ દરમિયાન સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતાં અને વૃદ્ધાને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

જામનગર શહેરમાં અનેક વખત રખડતાં ઢોરોની ફરિયાદો કરવા છતાંય તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરતાં લોકોમાં રોષ વધ્યો હતો. સ્થાનિકોએ તંત્ર તાત્કાલિક ધોરણે રખડતાં ઢોરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે જેથી આવી દુર્ઘટનાઓ ટાળી શકાય તેવી માગ કરી હતી. ■

# રાજકોટ સહિત રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની મુલતવી રખાયેલી ભરતી પ્રક્રિયા પુનઃ શરૂ કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી ૧૬ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન યોજાશે. આ ચૂંટણીની આચારસંહિતા અમલી બનતાં રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની ભરતી પ્રક્રિયા મુલતવી રાખવામાં આવી હતી. જે ફરીથી શરૂ કરવા રાજ્યના સંયુક્ત શિક્ષણ નિયામકે આદેશ કરી ઉમેદવારોના ઈન્ટરવ્યૂની નવી તારીખ જાહેર કરી હતી.

ગુજરાતમાં પાલિકા અને પંચાયતોની ચૂંટણીની આચારસંહિતા લાગુ થતાં ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની ભરતી પ્રક્રિયા મુલતવી રાખવામાં આવી હતી. ચૂંટણી પંચ દ્વારા મંજૂરી મળતા આચાર્યની મુલતવી રખાયેલી ભરતી પ્રક્રિયા ફરી શરૂ કરવા માટે સંયુકત શિક્ષણ નિયામકે આદેશ કરી આ અંગે રાજકોટ સહિત રાજયભરના શિક્ષણાધિકારીઓને પરિપત્ર ઈશ્યુ કરી દીધા હતાં.

રાજકોટમાં પણ ગ્રાન્ટેડ શાળાઓના ૪૦થી વધુ આચાર્યોની ભરતી માટે પ્રક્રિયા હાથ ધરાયા બાદ ચૂંટણી આચારસંહિતાના પગલે સ્થગીત કરી દેવામાં આવી હતી. હવે આ પ્રક્રિયા આગળ ધપાવવા લીલીઝંડી આપી દેવામાં આવી છે. આ અંગે રાજયના સંયુકત શિક્ષણ નિયામકે જણાવ્યું હતું કે, આ ભરતી પ્રક્રિયામાં પસંદગી પામનારા ઉમેદવારોને તા.૧૭ થી ૨૬ ફેબ્રુઆરી સુધીમાં નિમણૂક હુકમો આપી શાળાઓમાં હાજર કરી દેવાના રહેશે.■

# ભાજપના મહામંત્રી રત્નાકર ચૂંટણી પ્રચાર અર્થે સૌરાષ્ટ્રના પ્રવાસેઃ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે. પાલિકા અને પંચાયતોમાં સત્તા મેળવવા માટે ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા જોરશોરથી પ્રચાર શરૂ કરી દેવાયો છે. આ ચૂંટણીઓમાં ભાજપે ૨૦૦થી વધુ બેઠકો બિનહરીફ કબજે કરી લીધી છે અને હવે જૂનાગઢ મહાનગરપાલિકા સહિતની ચૂંટણીઓમાં પણ કલીનસ્વીપ કરવા માટે પક્ષના ટોચના નેતાઓ પ્રચારમાં લાગી ગયાં છે. ભાજપના મહામંત્રી રત્નાકર આ ચૂંટણીઓમાં પ્રચાર કરવા માટે સૌરાષ્ટ્રના પ્રવાસે આવ્યા હતાં. તેમણે ગોંડલ ખાતે એક બેઠક યોજી હતી અને તેમાં રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંગે સમીક્ષા કરી હતી. તેમજ આગામી દિવસોના પ્રચાર-પ્રસાર સહિતના કામો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે જૂનાગઢ ખાતે પ્રભારી કમલેશ મીરાણી અને પક્ષના અગ્રણીઓ સાથે બેઠકો યોજીને ચૂંટણી અંગે માર્ગદર્શન આપ્યું હતું. રત્નાકર સૌરાષ્ટ્રભરનો પ્રવાસ કરી રહ્યા છે અને દરેક જિલ્લામાં બેઠકો યોજીને ભાજપનો વિજય નિશ્ચિત કરવા માટે કાર્યકરોને માર્ગદર્શિત કરી રહ્યાં છે. ■

# ભાવનગરમાં ધો.૧૦માં ૩૭૩૭૩ અને ધો.૧૨ના બંને પ્રવાહના ૨૩૮૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ૧૨ની વાર્ષિક પરીક્ષા આગામી તા. ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. જેમાં ધો. ૧૦માં ભાવનગરમાં ૩૭૩૭૩ વિદ્યાર્થી ધો. ૧૨ સા.પ્ર.માં ૧૭૪૫૪ અને ધો.૧૨ વિ.પ્ર.માં ૬૩૬૬ વિદ્યાર્થી પરીક્ષા આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી પરીક્ષાને લઈ એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો હતો. જિલ્લા પરીક્ષા સમિતિની રચના કરવા સહિત તેને લગતા કાર્યોની સુચી પણ જાહેર કરાઈ હતી. જે મુજબ સ્થળ સંચાલકોની મિટીંગ કરી સુચના તથા તાલીમ આપવી, પરીક્ષા સ્થળોનું પ્રત્યેક્ષ નિરિક્ષણ, કાયદો - વ્યવસ્થા જાળવવા પોલીસનું આગોતરું આયોજન, જરૂર જણાય તેવા પરીક્ષા કેન્દ્રો પર સ્કવોડ મોકલવાનું આયોજન કરવા, પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકારી, કર્મચારીને ઓળખપત્ર આપવા, પરીક્ષા સ્થળે ફરિયાદ પેટી, સુચના પેટીની વ્યવસ્થા કરી રોજે રોજ ખોલવા અને તેના નિરાકરણની વ્યવસ્થા કરવા, પરીક્ષા શરૂ થવાથી પૂર્ણ થાય ત્યાં સુધી સીસી ટીવી કેમેરાનું રેકોર્ડિંગ અવિરત ચાલુ રાખવા, પેટી રાખવા, પરીક્ષાર્થીઓ જો ખુદ મોજા પહેરીને આવેલ હોય તો પરીક્ષા ખંડ બહાર કાઢી પ્રવેશ આપવા, ધો. ૧૦માં કેલ્કયુલેટર પર મનાઈ અને ધો. ૧૨માં સાદુ કેલ્કયુલેટર વિદ્યાર્થી લઈ જઈ શકશે જેવી સૂચનાઓ અપાઈ હતી.

ભાવનગર જિલ્લામાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં રેગ્યુલર, રીપીટર, આઈસોલેટેડ એમ કુલ મળી ૮૯૬૧ ભાઈઓ અને ૮૪૯૩ બહેનો એમ કુલ ૧૭૪૫૪ વિદ્યાર્થી નોંધાયા છે. તો બોટાદમાં ૫૩૩૦ નોંધાયા છે. ધો. ૧૨ વિ.પ્ર.માં ભાવનગરમાં ૬૩૬૬ અને બોટાદમાં ૮૬૯ વિદ્યાર્થી નોંધાયા છે. તો ધો. ૧૦માં ભાવનગરના ૩૭૩૭૩ છાત્રો અને બોટાદમાં ૧૦૩૧૧ પરીક્ષાર્થી નોંધાયા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# આદિપુરમાં હાથમાં બંદૂક પકડીને રોડ પર જોખમી રીતે છ કારની દિલધડક રેસ લગાવનાર ૧૫ નબીરા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના આદિપુરના અંતરજાળથી શિણાય તરફ જતા જાહેર માર્ગ પર ૬ જેટલી મોંઘી કારમાં એકમેકને ઓવરટેક કરી અન્યોની જાન જોખમમાં મૂકી, હાથમાં બંદૂક પકડીને રેસ લગાવતા અમીર નબીરાઓનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ હરકતમાં આવેલી પોલીસે તમામ કાર સાથે ૧૫ નબીરાઓને ઝડપી પાડ્યા હતા.

આ અંગે પીઆઈ ડી.જી. ગોહિલે જણાવ્યું હતું કે, આ બાળકો આદિપુરની આત્મિય સ્કૂલમાં ધોરણ ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ છે. શાળાની ફેરવેલ પાર્ટીમાં જતી વખતે તેમણે આ કાર રેસ લગાડી હતી. પોલીસે તમામ સામે ભારતીય ન્યાયસંહિતાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.

પોલીસે બે એરગન, ૪૪.૫૦ લાખની કિંમતની બે ક્રેટા કાર, આઈ ટ્વેન્ટી, બલેનો, અર્ટિગા અને કિયા સેલ્ટોસ મળી ૬ કાર જપ્ત કરી હતી.

પીઆઈએ વધુમાં કહ્યું હતું કે, કિશોરવયના આરોપીઓ સામે જૂવેનાઈલ જસ્ટિસ એક્ટ મુજબ કાર્યવાહી કરાઈ છે.

અન્ય પાંચ પુખ્ત વયના આરોપીઓ આર્યા વિશાલ દુબે. પાર્થ જેહા ચૌધરી, રીતેશ સજ્જન રોહિવાલ, પુનિત ઉમેદ રોહિવાલ અને જયદીપ મનોહર શર્માની અટક કરાઈ હતી.

તમામના ડ્રાઈવિંગ લાઇસન્સ રદ કરાવવા પોલીસે કાર્યવાહી આરંભી હોવાનું પોલીસ ઇન્સ્પેકટર પટેલે ઉમેર્યું હતું. ■



(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)